પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૫-૦૧-૨૦૨૬-સોમવાર, સુરત

30th ANNIVERSARY

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૧ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# રશિયન ક્રૂડ તેલ મુદ્દે વધુ ટેરીફ ઝીંકવા ટ્રમ્પની ધમકી

## વેનેઝુએલા પર કબજો જમાવ્યા બાદ અમેરિકી પ્રમુખ ટ્રમ્પે ફરી તોપનું નાળચું ભારત તરફ ફેરવ્યું


નવી દિલ્હી, તા. ૦૫

વેનેઝુએલા પર 'કબ્જા'નો દાવો કર્યા બાદ અમેરિકાના પ્રમુખ હવે દક્ષિણ અમેરિકાના વધુ દેશોને ધમકી આપી રહ્યા છે તે વચ્ચે ફરી એક વખત તોપનું નાળચુ ભારત ભણી ફેરવતા રશિયન ક્રુડતેલ મુદ્દે નવી ધમકી આપી છે.ભારત અને અમેરિકા વચ્ચે ટેરિફ વાટાઘાટ ચાલુ છે અને તેમાં અમેરિકી કૃષિ, ડેરી પ્રોડકટસને માટે ભારતના દરવાજા ખુલ્લા નહી કરવા મોદી સરકાર મકકમ છે તેમાં ટ્રમ્પે ભારત દ્વારા જે રશિયન ક્રુડતેલ ખરીદાય છે તે જો નહી અટકાવાય તો વધુ ઉંચા ટેરીફ લાદવાની ધમકી આપી છે.અમેરિકાએ અગાઉ રેસીપ્રોકલ- ભારતના અમેરિકી ઉત્પાદનોની આયાત પર જે ટેરિફ છે તેની સામે ૨૫% ટેરીફ તથા રશિયન ક્રુડતેલ ખરીદવા પર વધુ ૨૫% સેસ કુલ ૫૦% ટેરીફ લાદયા છે.



જો કે ભારતે તેમાં અમેરિકી દબાણ હેઠળ આવવાનો ઈન્કાર કરવા સાથે અમેરિકા પાસેથી એલએનજી સહિતની પેટ્રો આયાત વધારી ટ્રમ્પને શાંત કરવા પ્રયાસ કર્યા જ છે તેમ છતાં પણ ગઈકાલે પ્રમુખ ટ્રમ્પે ફરી આરોપ લગાવ્યો કે રશિયા ક્રુડતેલની કમાણીની યુક્રેન સામે લાંબુ યુદ્ધ લડવામાં સફળ થયુ છે અને જો ભારત હવે રશિયન ક્રુડતેલ મુદ્દે અમેરિકાને મદદ નહી કરે તો અમો ભારત પર ટેરીફ વધારી શકીએ છીએ.હાલ ભારત એ અમેરિકાના સૌથી ઉંચા ટેરીફ હેઠળ છે. ચીન જે રશિયન ક્રુડતેલનું સૌથી મોટું ખરીદાર છે તેને અનેક કારણોસર અમેરિકાને દાદ આપતું નથી. પ્રમુખ ટ્રમ્પે તેમના સંબોધનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ લીધુ હતું અને મોદીને અલગ વ્યક્તિ ગણાવતા કહ્યું કે તેઓ જાણે

અનુસંધાન પાના ૭ પર



# આધાર લિંક વગર ટ્રેનની ટિકિટ બુકિંગ નહીં થાય

### રેલ્વે વિભાગ દ્વારા આઠ કલાકનો નિયમ લાગુ કરાયો

નવી દિલ્હી, તા. ૦૫

આજથી એટલે કે, ૫ જાન્યુઆરીથી આધાર લિંક ન હોય તેવા IRCTC યુઝર્સ સવારે ૮ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી ટિકિટ બુક નહી કરી શકે. આ નિયમ ફક્ત રિઝર્વ રેલ ટિકિટ બુકિંગ ખુલવાના પહેલા દિવસે લાગુ પડશે. રિઝર્વ ટિકિટનું બુકિંગ ટ્રેન ઉપડવાની તારીખના ૬૦ દિવસ પહેલા ખુલે છે.

રેલવે આ નિયમને ત્રણ તબક્કામાં લાગુ કરી રહ્યું છે. પ્રથમ તબક્કો ૨૯ ડિસેમ્બરથી લાગુ થયો હતો. જ્યારે બીજો તબક્કો આજથી શરૂ થઈ ગયો છે અને ત્રીજો તબક્કો ૧૨ જાન્યુઆરીથી લાગુ પડશે.

આનો હેતુ ઓપનિંગ ડે પર વધુમાં વધુ પેસેન્જર્સને ઓનલાઈન ટિકિટ બુક કરવાનો મોકો આપવાનો છે અને ફેક એકાઉન્ટ્સ દ્વારા થતા બુકિંગને રોકવાનો છે.

૨૯ ડિસેમ્બરથી આધાર વિના સવારે ૮ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી ટિકિટ બુકિંગ બંધ કરવામાં આવ્યું હતું.

આજ (૫ જાન્યુઆરી)થી સવારે ૮ થી સાંજે ૪ વાગ્યા સુધી ટિકિટ બુકિંગ પર પ્રતિબંધ રહેશે.

૧૨ જાન્યુઆરીથી સવારે ૮ થી રાત્રે ૧૨ વાગ્યા સુધી આવા યુઝર્સની ટિકિટ બુક નહી થાય.

# ઉમર ખાલિદ અને શરજીલ ઈમામને જામીન આપવા સુપ્રિમ કોર્ટનો ઈનકાર

### સુપ્રમી કોર્ટે એક વર્ષ માટે અપીલ પર પ્રતિબંધ મૂકયો : બાકીના ૫ આરોપીઓને જામીન મંજૂર કરાયા

નવી દિલ્હી, તા. ૦૫

સુપ્રીમ કોર્ટે સોમવારે ઉમર ખાલિદ, શરજીલ ઈમામ સહિત ૭ આરોપીઓને જામીન આપવાનો ઈનકાર કર્યો. સુપ્રીમ કોર્ટે કહ્યું, 'અનુચ્છેદ ૨૧ બંધારણીય વ્યવસ્થામાં એક વિશેષ સ્થાન ધરાવે છે. ટ્રાયલ પહેલાં જેલને સજા માની શકાય નહીં.'

સુપ્રીમ કોર્ટે કહ્યું, 'સ્વતંત્રતાથી વંચિત રાખવું મનસ્વી નહીં હોય. UAPA એક ખાસ કાયદા તરીકે તે શરતો વિશે કાનૂની નિર્ણય દર્શાવે છે જેના આધારે ટ્રાયલ પહેલાં જામીન આપી શકાય છે.'

ખરેખરમાં, ઉમર ખાલિદ, શરજીલ ઈમામ, ગુલફિશા ફાતિમા, મીરાન હૈદર, શિફા ઉર રહેમાન, મોહમ્મદ સલીમ ખાન અને શાદાબ અહેમદ દિલ્હી રમખાણોના આરોપમાં ૫ વર્ષ ૩ મહિનાથી તિહાર જેલમાં બંધ છે. તેમણે દિલ્હી હાઈકોર્ટના તે આદેશને પડકાર્યો છે, જેમાં ૨૦૨૦ના દિલ્હી રમખાણો સંબંધિત કેસમાં તેમને ગેરકાનૂની પ્રવૃત્તિ (પ્રતિબંધ) અધિનિયમ (UAPA) હેઠળ જામીન આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો.સુપ્રીમ કોર્ટે આ પહેલા ૧૦ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ તમામ પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો.૨ જાન્યુઆરીના રોજ ન્યૂયોર્કના મેયર ઝોહરાન મમદાનીનો ઉમર ખાલિદને લખેલો પત્ર સામે આવ્યો હતો, જેના પર ઘણો વિવાદ થયો. મમદાનીએ ૧ જાન્યુઆરીના રોજ શપથ લીધા હતા. બીજા દિવસે તેમનો પત્ર સોશિયલ મીડિયા પર સામે આવ્યો, જેમાં તેમણે ઉમર સાથે એકતા દર્શાવતા લખ્યું હતું- અમે બધા તમારા વિશે વિચારી રહ્યા છીએ.અપીલો હાઈકોર્ટના એક સામાન્ય નિર્ણય સાથે સંબંધિત છે જેમાં જામીન આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. ચર્ચા દરમિયાન લાંબા સમય સુધી જેલમાં રહેવા અને બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ સ્વતંત્રતા વિશે દલીલો કરવામાં આવી હતી. આ કોર્ટ બંધારણ અને કાયદા વચ્ચે અમૂર્ત તુલના કરી રહી નથી.

અનુચ્છેદ ૨૧ બંધારણીય વ્યવસ્થામાં એક ખાસ સ્થાન ધરાવે છે. ટ્રાયલ પહેલાં જેલને સજા માની શકાય નહીં. સ્વતંત્રતાથી વંચિત કરવું મનસ્વી નહીં હોય. UAPA એક ખાસ કાયદા તરીકે તે શરતો વિશે કાનૂની નિર્ણય દર્શાવે છે જેના આધારે ટ્રાયલ પહેલાં જામીન આપી શકાય છે.

# વેનેઝુએલાના ઉપરાષ્ટ્રપતિ ડેલ્સીને ટ્રમ્પે ધમકી આપી

### ડેલ્સીએ અમેરિકાની વાત માની નહીં તો તેમની હાલત માદુરો કરતાં પણ વધારે ખરાબ થશેઃ ટ્રમ્પ

નવી દિલ્હી, તા. ૦૫

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાના ઉપરાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝને ચેતવણી આપી છે. ટ્રમ્પે કહ્યું છે કે, 'જો ડેલ્સી રોડ્રિગ્ઝ તે નહીં કરે જે અમેરિકા વેનેઝુએલા માટે યોગ્ય માને છે, તો તેમની હાલત માદુરો કરતાં પણ વધુ ખરાબ થઈ શકે છે.'ટ્રમ્પે ધ એટલાન્ટિક મેગેઝિનને આપેલા ઈન્ટરવ્યુમાં આ વાત કહી છે. એક દિવસ પહેલા ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ રોડ્રિગ્ઝ સાથે વાત કરી છે. તેઓ વેનેઝુએલામાં લોકોનું જીવનધોરણ સુધારવા માટે અમેરિકાની અપેક્ષાઓ પર કામ કરવા તૈયાર છે.ન્યૂ યોર્ક પોસ્ટને આપેલા ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું હતું કે જો રોડ્રિગ્ઝ અમેરિકાની વાત માની લે છે તો વેનેઝુએલામાં અમેરિકી સેના તૈનાત કરવાની જરૂર નહી પડે. બીજી તરફ, રોડ્રિગ્ઝે માદુરોને સત્તા પરથી હટાવવાની ટીકા કરી છે. સાથે જ અમેરિકા પાસેથી માદુરોને પાછા મોકલવાની માંગ કરી છે.

અનુસંધાન પાના ૭ પર

# પર્વતી ક્ષેત્રોમાં હિમવર્ષા : ચાર દિવસ શીત લહેરની ચેતવણી

### ઉત્તર અને મધ્ય ભારતના ૧૧ રાજ્યોમાં વધુ ઠંડી પડશે



નવી દિલ્હી, તા. ૦૫

ઉત્તર પ્રદેશ અને દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં હાલમાં તીવ્ર ઠંડી પડી રહી છે. ધુમ્મસના કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. ભારતીય હવામાન વિભાગ એ ઉત્તર ભારત અને નજીકના મધ્ય ભારત માટે હવામાનની ગંભીર ચેતવણી જારી કરી છે. આગામી સાત દિવસ સુધી રાત્રિ અને સવારના કલાકો દરમિયાન ગાઢ ધુમ્મસ ચાલુ રહેવાની શક્યતા છે, અને ઘણા રાજ્યોમાં ઠંડીનું મોજું સતત તબાહી મચાવશે.

૫ થી ૮ જાન્યુઆરી દરમિયાન પંજાબ, હરિયાણા અને ચંદીગઢમાં, ૫ થી ૯ જાન્યુઆરી દરમિયાન પશ્ચિમ રાજસ્થાનમાં, ૫ થી ૧૦ જાન્યુઆરી દરમિયાન પૂર્વ રાજસ્થાનમાં અને ૬ થી ૭ જાન્યુઆરી દરમિયાન ઝારખંડમાં ઠંડીનું મોજું ફરી શકે છે.

ઉત્તર અને મધ્ય કાશ્મીરના ઊંચાઈવાળા વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળોએ હળવો

અનુસંધાન પાના ૭ પર

# આસામમાં વહેલી સવારે ૫.૧ તિવ્રતાનો ધરતી કંપ

### ભૂકંપના કારણે કોઈ જાનહાનીના અહેવાલ નથી

ગુવાહાટી, તા. ૦૫

આસામના મોરીગાંવ જિલ્લામાં સોમવારે વહેલી સવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૧ નોંધાઈ હતી. સવારે લગભગ ૪:૧૭ વાગ્યે આવેલા આ ભૂકંપના આંચકાને કારણે ગાઢ નિંદ્રામાં સૂતેલા લોકો ગભરાઈને પોતાના ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા.નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ભૂકંપનું કેન્દ્રબિંદુ આસામના મોરીગાંવમાં જ હતું. તેનું અક્ષાંશ ૨૬.૩૭ ડિગ્રી ઉત્તર અને રેખાંશ ૯૨.૨૯ ડિગ્રી પૂર્વ નોંધવામાં આવ્યું છે. ભૂકંપની ઊંડાઈ જમીનથી લગભગ ૫૦ કિલોમીટર નીચે હોવાનું જણાવાયું છે.ભૂકંપના આંચકા અનુભવાતા જ લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો અને તેઓ પોતાના ઘરોમાંથી બહાર ખુલ્લામાં આવી ગયા હતા. જોકે, રાહતની વાત એ છે કે કોઈ પણ પ્રકારના જાનમાલના નુકસાનના કોઈ સત્તાવાર સમાચાર સામે આવ્યા નથી.સ્થાનિક વહીવટીતંત્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને લોકોને સાવચેત રહેવા તથા કોઈપણ પ્રકારની અફવાઓથી બચવા માટે અપીલ કરી છે.

# પાક.માં મુસ્લીમ સાથે લગ્ન કરનાર ભારતની પંજાબી મહિલાની ધરપકડ

### શીખ જથ્થા સાથે પાકિસ્તાન પહોંચી મહિલાએ નામ પણ બદલી નાખ્યું હતું

નવી દિલ્હી, તા. ૦૫

શીખ શ્રદ્ધાળુઓ સાથે પંજાબથી પાકિસ્તાન જઈને નિકાહ કરનાર પંજાબી મહિલા સરબજીત કૌરની પાકિસ્તાનમાં ધરપકડ કરવામાં આવી છે. સરબજીત સાથે તેના પાકિસ્તાની પતિ નાસિર હુસૈનને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. સરબજીતને પાકિસ્તાનથી અટારી બોર્ડરના રસ્તે ભારત ડિપોર્ટ કરવામાં આવશે.

સરબજીત કૌર ૪ નવેમ્બર ૨૦૨૫ના રોજ શ્રી ગુરુનાનક દેવજીના પ્રકાશ પર્વ પર શીખ શ્રદ્ધાળુઓના જથ્થા સાથે પાકિસ્તાન ગઈ હતી. તેણે ત્યાં જઈને પાકિસ્તાની વ્યક્તિ નાસિર હુસૈન સાથે નિકાહ કરી લીધા હતા. નિકાહ માટે સરબજીતે મુસ્લિમ ધર્મ અપનાવીને પોતાનું નામ પણ નૂર હુસૈન રાખી લીધું હતું.

પાકિસ્તાન શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક કમિટી (PSGMC) અને પાકિસ્તાની પંજાબ સરકારના મંત્રી રમેશ સિંહ અરોરાએ સરબજીતની ધરપકડની પુષ્ટિ કરી. અરોરાએ કહ્યું- ૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ નનકાના સાહિબના ગામ પેહરે વાલીમાં ઈન્ટેલિજન્સ બ્યુરો અને સ્થાનિક પોલીસની સંયુક્ત ટીમે કાર્યવાહી કરી. પાકિસ્તાન સરકારે સરબજીતને ભારત ડિપોર્ટ કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

સરબજીત કૌર ૪ નવેમ્બરના રોજ શ્રી ગુરુ નાનક દેવજીના પ્રકાશ પર્વ નિમિત્તે ૧૯૩૨ શ્રદ્ધાળુઓના જથ્થા સાથે અમૃતસરથી અટારી બોર્ડર થઈને પાકિસ્તાન ગઈ હતી. આ શીખ જથ્થો ૧૦ દિવસ સુધી પાકિસ્તાનમાં રહ્યો હતો. જ્યાં તેમણે શીખ ગુરુઓ સાથે સંકળાયેલા વિવિધ સ્થળોના દર્શન કર્યા અને ૧૩ નવેમ્બરના રોજ ભારત પાછા ફર્યા. સમગ્ર શીખ જથ્થાના એકસાથે ભારત પાછા ફરતા પહેલા અકાલ તખ્તના જથ્થેદાર જ્ઞાની કુલદીપ સિંહ ગડગજ અને ૩ મહિલાઓ સહિત

અનુસંધાન પાના ૭ પર

# થાઈલેન્ડ ગયેલા ભારતીય પ્રવાસી પર જીવલેણ હુમલો

### મસાજ કરાવ્યા બાદ પેમેન્ટ ચૂકવવાની ના પાડતા આધેડને માર મરાયો

નવી દિલ્હી, તા. ૦૫૨

થાઈલેન્ડના ટૂરિસ્ટ શહેર પટાયામાં એક ભારતીય પ્રવાસી સાથે મારપીટનો કિસ્સો સામે આવ્યો છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ અનુસાર, ૨૭ ડિસેમ્બરની રાત્રે કેટલાંક ટ્રાન્સજેન્ડર મહિલાઓએ એક ભારતીય નાગરિક પર હુમલો કર્યો હતો. આરોપ છે કે ટૂરિસ્ટે મસાજના બદલામાં પૈસા આપવાનો ઈનકાર કર્યો હતો.

આ ઘટના કેમેરામાં રેકોર્ડ થઈ ગઈ હતી અને તેના વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. તેમાં ત્રણ ટ્રાન્સજેન્ડર મહિલાઓ ૫૨ વર્ષીય ભારતીય નાગરિક રાજ જસૂજા પાસેથી પૈસાની માગ કરી રહી છે. જ્યારે તેણે પેમેન્ટ કરવાનો ઈનકાર કર્યો અને કારમાંથી ત્યાંથી રવાના થવાની કોશિશ કરવા લાગ્યો, ત્યારે વિવાદ શરૂ થયો.

રિપોર્ટ્સ અનુસાર, આ ઘટનામાં સામેલ વ્યક્તિની ઓળખ ૫૨ વર્ષીય ભારતીય નાગરિક રાજ જસુજા તરીકે થઈ રહી છે. રાજ જસુજાએ કથિત રીતે બોયગર્લ

અનુસંધાન પાના ૭ પર

# હવે પછી યુદ્ધના શસ્ત્રો એઆઈ, ડેટા અને ડિજિટલ નેટવર્ક બનશે

## ૨૦૨૬ માટે ભારતીય સેનાનું મીડિયમ અને લોંગ ટર્મમાં પ્લાનિંગ

નવી દિલ્હી, તા. ૦૫

ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન સાથે ૮૮ કલાકના યુદ્ધના વિશ્લેષણ પછી સેનાએ મહત્વપૂર્ણ ફેરફારોની રૂપરેખા તૈયાર કરી છે. સેનાએ તેને ત્રણ ભાગમાં વિભાજિત કર્યું છેઃ અલ્પકાલીન (શોર્ટ ટર્મ), મધ્યકાલીન (મીડિયમ ટર્મ) અને દીર્ઘકાલીન (લોંગ ટર્મ) રણનીતિ.

અલ્પકાલીન રણનીતિ હેઠળ ૨૦૨૬નો સ્પષ્ટ રોડમેપ બનાવવામાં આવ્યો છે. સેનાના સૂત્રોએ જણાવ્યું કે આ વર્ષે સંપૂર્ણ ભાર હથિયારો મેળવવાને બદલે યુદ્ધના સમગ્ર વાતાવરણની ત્વરિત જાણકારી, નેટવર્ક અને ઝડપી નિર્ણયો પર કેન્દ્રિત રહેશે જે ઓપરેશન સિંદૂરનો મહત્વપૂર્ણ પાઠ છે.

સેનાએ વર્ષ ૨૦૨૬ને 'નેટર્વકિંગ અને ડેટા સેન્ટ્રિસિટી' અને ૨૦૨૭માં ઓપરેશન્સના AI સાથે સંપૂર્ણ એકીકરણ તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો છે. આ પ્રક્રિયા સાથે સંકળાયેલા ટોચના અધિકારીએ જણાવ્યું કે આ નિર્ણય સેનાની લાંબા સમયથી ચાલી રહેલી પરિવર્તન યોજનાનું આગલું પગલું છે.

સેનાએ વર્ષ ૨૦૨૩ થી ૨૦૩૨ ને પરિવર્તનનો દાયકો જાહેર કર્યો છે. આ હેઠળ ૨૦૨૩ માં સંગઠન, વિચાર અને કામ કરવાની પદ્ધતિઓમાં સુધારા, ૨૦૨૪ ને 'ટેકનોલોજી આત્મસાત' અને ૨૦૨૫ માં જમીની સ્તરે બદલાવનો રોડમેપ અપનાવવામાં આવ્યો છે.

વ્યૂહાત્મક સંચારમાં પણ ફેરફારો કરવામાં આવી રહ્યા છે. યોજના એ છે કે આંતરરાષ્ટ્રીય સમુદાય, દુશ્મન અને ઘરેલું સંચાર માટે અલગ-અલગ સામગ્રી અને માધ્યમો નક્કી કરવામાં આવે. કથા યુદ્ધમાં દુશ્મનના જૂઠાણાના તંત્રને નિષ્ફળ કરવામાં આવે. રાજકીય નેતૃત્વ, ત્રણેય સેનાઓ વચ્ચે સંવાદ અને મીડિયા સાથેના તાલમેલને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે. સેનાના અભ્યાસમાં સામે આવ્યું કે

અનુસંધાન પાના ૭ પર

# ૨૭મીએ હડતાળને પગલે બેંકો સળંગ ત્રણ દિવસ બંધ

### પાંચ દિવસના સપ્તાહનો અમલ નહીં કરાતા કર્મચારી યુનિયનનું એલાન

નવી દિલ્હી, તા. ૦૫

બેંકોમાં પાંચ દિવસનું સપ્તાહ લાગૂ કરવાની સમજુતી છતાં તેનો અમલ નહીં થતાં બેંક અધિકારી સંગઠન દ્વારા લડત માંડવામાં આવી જ છે અને હવે આગામી ૨૭મી જાન્યુઆરીએ હડતાળનું એલાન આપવામાં આવ્યું છે.

૨૭મીની હડતાળથી બેંકો સળંગ ત્રણ દિવસ બંધ રહે તેવી હાલત સર્જાશે. કારણ કે ૨૫મીએ રવિવાર છે અને ૨૬મીએ ગણતંત્ર પર્વની રજા હશે. બેંક ગ્રાહકો હેરાનગતિમાં મુકાઈ શકે છે.

ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ કન્ફેડરેશન દ્વારા જાહેર કરેલા હડતાળના એલાનમાં જાહેર કર્યું છે કે ઈન્ડિયન બેંક એસોસીએશન તથા કર્મચારી સંગઠનો દ્વારા માર્ચ ૨૦૨૪માં વેતન પંચ સમજુતી વખતે પાંચ દિવસનું સપ્તાહ દાખલ કરવાની સમજુતી થઈ હોવા છતાં હજુ તેનો અમલ કરાયો નથી.

સંગઠન દ્વારા દેશભરમાં દેખાવો ઉપરાંત સોશ્યલ મીડિયામાં ટ્વિટ ઝુંબેશ કરવામાં આવી હતી જે સફળ રહી છે. લડતના કાર્યક્રમો છતાં સરકાર દ્વારા માંગનો અમલ કરાતો નથી. પાંચ દિવસના સપ્તાહના

અનુસંધાન પાના ૭ પર



# વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવીણભાઈ માળીના હસ્તે આઉટ લેટ ખુલ્લો મુકાયો

## કેવડી ઈકો ટુરિઝમ સાઈટ ખાતે વિસડાલીયા ક્લસ્ટરના 'રૂરલ મોલ' આઉટલેટનું લોકાર્પણ

સુરત, તા.૫

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીના હસ્તે સુરત વન વિભાગના માંડવી દક્ષિણ રેન્જની ગુલી ઉમર વન ચોકી ખાતે રૂ.૫૦ લાખના ખર્ચે નવનિર્મિત જંગલી મરઘા ઉછેર કેન્દ્ર અને કેવડી ઈકો ટુરિઝમ સાઈટ ખાતે રૂ.૧૫ લાખના ખર્ચે વિસડાલીયા ક્લસ્ટરના 'રૂરલ મોલ' આઉટલેટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

વનમંત્રીશ્રીએ કેવડી ઈકો ટુરિઝમ સાઈટમાં આવેલા પ્રવાસીઓ સાથે સંવાદ કરી પ્રતિભાવો જાણ્યા હતા અને વન અધિકારીઓ સાથે માંડવી દક્ષિણ રેન્જ ફોરેસ્ટનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે ગુલી ઉમર વન ચોકી ખાતે વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રી કુંવરજીભાઈ હળપતિ, વનસંરક્ષકશ્રી (સુરત વર્તુળ) પુનિત નૈયર, વનસંરક્ષક (ભરૂચ વર્તુળ સામાજિક વનીકરણ) શ્રી આનંદકુમાર, નાયબ વનસંરક્ષકશ્રી (સામા. વનીકરણ, સુરત) શ્રી મિત્તલ સાવંત, નાયબ વન સંરક્ષક (વ્યારા) શ્રી સચિન ગુપ્તા, રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રી એચ.જે. વાંદા અને મદદનીશ વન સંરક્ષક શ્રી એચ.આર. જાદવ સહિત વન વિભાગના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કેવડી ઈકો ટુરિઝમ સાઈટમાં હસ્તકલા વેચાણ કેન્દ્રથી સ્વરોજગારને પ્રોત્સાહન મળશે. વિસડાળીયા ક્લસ્ટર આઉટલેટ (હસ્તકલા વેચાણ કેન્દ્ર)માં ગ્રામીણ આદિવાસી કારીગરોની હસ્તકલાકૃતિઓ, વાંસનું ફર્નિચર અને અન્ય ચીજવસ્તુઓ, બેકરી પ્રોડક્ટ્સ, મસાલા, પાપડ, મશરૂમ, આયુર્વેદિક ઉત્પાદનોનું વેચાણ થશે. આદિવાસી મહિલાઓ અને સ્થાનિક કારીગરોને આર્થિક આધાર મળશે અને તેમની આવકમાં વધારો થશે. ઉપરાંત, 'ધ રુરલ મોલ' આઉટલેટના માધ્યમથી ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનશે તથા સ્વરોજગારને પ્રોત્સાહન મળશે.

# સાયણના કાશી ફળિયામાંથી વિદેશી દારૂ સાથે મહિલા ઝડપાઈ

## પોલીસે રૂ.૧૬,૪૦૦ નો વિદેશી દારૂ કબજે કર્યો, મહિલા બુટલેગર ના પુત્રને વોન્ટે

સુરત, તા.૫

ગત શનિવાર,તા.૦૩ ના રોજ મોડી સાંજે ઓલપાડ પોલીસ પેટ્રોલિંગ કરી રહી હતી,ત્યારે અ.હે.કો. મુકેશ જેરામને બાતમી મળી હતી કે,સાયણ ટાઉનના કાશી ફળિયામાં રહેતી બુટલેગર ગીતાબેન સુરેશભાઈ રાઠોડ (ઉ.વ.૫૦)ના ઘરમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી વેપલો કરી રહી છે.જેથી પોલીસે રાત્રે-૮:૩૦ કલાકના સુમારે રેઈડ કરતા તેણીના ઘરના ઘરના પાછળના વાડામાંથી કોથળીમાં સંતાડેલ વિદેશી દારૂની નાની બોટલો તથા બીયર મળી કુલ નંગ-૧૦૦,જેની કિંમત રૂપિયા ૧૬ ૪૦૦ નો મુદ્દામાલ મળી આવતાં કબજે લઈ તેણીને ઝડપી મુદ્દામાલ કબજે લીધો હતો.પોલીસે મહિલા બુટલેગરને વિદેશી દારૂનો જથ્થો કયાંથી લાવી છે?તે બાબતે પુછતાં તેણીએ કહ્યું હતું કે,આ વિદેશી દારૂનો જથ્થો તેનો દિકરો રોહિત લાવે છે અને હું છુટક વેચાણ કરૂ છું.જેથી પોલીસે દારૂ મંગાવનાર તેના પુત્ર રોહિત બાબુ રાઠોડને વોન્ટેડ જાહેર કરી બંન્ને વિરૂધ્ધ કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



# તળપદા કોળી પટેલ પંચ દ્વારા ૨૫૭ યુનિટ રક્ત દાન કરાયું

## કાર્યક્રમમાં હાજરી આપી મેયરે રક્તદાતાઓને બિરદાવ્યાં

સુરત, તા.૫

શ્રી કુંપાય માતા મંદિર ટ્રસ્ટ તથા સમસ્ત કતારગામ તળપદા કોળી પટેલ પંચ દ્વારા સુરત રક્તદાન કેન્દ્ર નાં સહયોગથી રવિવાર, તા.૪.૧.૨૬નાં રોજ ભરતનાથ મંદિરની વાડી, ડેરી ફળિયા, કતારગામ ખાતે " ચતુર્થ રક્તદાન શિબિર તેમજ ફ્રી મેડિકલ કેમ્પ " નું આયોજન ગોઠવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે હિન્દુ મિલન મંદિર, કતારગામનાં સ્વામીશ્રી અંબરીશાનંદજી મહારાજ, કતારગામનાં મા.ધારાસભ્યશ્રી, શ્રી વિનોદભાઈ મોરડીયા, સુરત શહેરના મા. મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, કોર્પોરેટરશ્રીઓ, સમાજનાં આગેવાનશ્રીઓ વિ. એ તમામ રક્તદાતાઓને નિયમિત રક્તદાન કરી રક્તની જરૂરિયાતવાળા દર્દીઓને નવજીવન બક્ષવાના પુણ્ય કાર્યમાં સહભાગી થવા પ્રોત્સાહિત કર્યાં હતા. રક્તદાન શિબિરમાં રબર ગર્લ ઓફ ઈન્ડિયા " અન્વી ઝાંઝરુકીયા એ વિવિધ યોગાની કૃતિઓ રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. રક્તદાન શિબિરની સાથે રાખવામાં આવેલ ફ્રી મેડિકલ કેમ્પમાં નિષ્ણાંત તબીબોએ તેમની સેવા આપી હતી જેનો સ્થાનિક લોકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. આ મહા રક્તદાન શિબિર અને મેડિકલ કેમ્પને સફળ બનાવવા માટે શ્રી કુંપાય માતા મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ અને સર્વે સભ્યશ્રીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. શિબિરને અંતે ૨૫૭ રક્ત યુનિટ એકત્રિત કરવામાં આવ્યું હતું. સુરત રક્તદાન કેન્દ્રનાં પી. આર. ઓ. શ્રી નિતેષ મહેતાએ રક્તદાન શિબિરનાં આયોજકો અને તમામ રક્તદાતાઓનો આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા.



# સમસ્ત આદિવાસી સમાજ દ્વારા માવલી પૂજન ઉત્સવ

સુરત, તા.૫

તાપી જિલ્લા ના ડોલવણ તાલુકાના ચૂનાવાડી ગામ ખાતે સમસ્ત માવલી પૂજાનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં જય વાઘદેવ. જય કનીકનસરી. જય પ્રકૃતિ.ની અને જય સીમારિયાંદેવ દક્ષશિણ ગુજરાતના વિસ્તારમાં આદિવાસી સમાજની આસ્થાના ઓતિહાસક ગાયકવાડ સ્ટેટ વખતથી જેનો બાગલાંન ઈતિહાસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અને સુરત. નવસારી. તાપી. ડાંગ. જેવા વિસ્તારમાંથી કનીકનસરી ને નવા ધનનું ચડાવવાં સિવાય આપનો આદિવાસી સમાજ અન્ન મોડામાં નથી આરોગતા એવા ગામની ધરોહર એવા રહોણીયો ગઢ. સોનજળ માવલી માતા. ભમરીયો ગઢ. (ગૂંગા સવર માવલી માતા ) તથા સીમાર્યોદિવ. વાઘદેવ. મોરીમાતા. તથા આપણા ડુંગર દેવના દેવસ્થાન નોની આપણે જાનવણી કરીએ. અને આપણી સઁસ્કૃતિનું જતન કરીએ.

# એક દુકાનના કબજા મામલે બે મુસ્લિમ કાકા ભાઈઓ ઝઘડ્યા

## ફરીયાદી અને તેના મોટાભાઈને ઢીક્કા-મુક્કીનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી

સુરત, તા.૫

ઓલપાડ ટાઉનના પરા વિસ્તારમાં રહેતા મુસ્લિમ પરિવારના બે કુટુંબી પિતરાઈ કાકા ભાઈઓ દુકાનના કબજા મામલે બાખડ્યાં હોવાનો મામલો ઓલપાડ પોલીસ મથક સુધી પહોંચ્યો છે. મિલકત બબાલની વિગત મુજબ ઓલપાડ ટાઉનના પરા વિસ્તારમાં ઓલપાડ સીટી સર્વે કચેરીના સરકારી રેકર્ડ ઉપર સર્વે નં.૫૮૫૭ વાળી મિલકત સમીર અબ્દુલ સમદ શેખ(હાલ રહે-ઝીલમીલ નગર,ઓલપાડ)એ ખરીદી કરતાં આ મિલકત તેની માલિકી ની હતી.પરંતુ સમીર શેખના સગા કાકાનું અવસાન થયા બાદ તેમણે તેના પિતરાઈ બે કાકા ભાઈ પૈકી મોંહમદ સાહીદ સલામુદ્દીન શેખ, સિદ્દીક અને પિતરાઈ બહેન આઈશાબાનું પાલન પોષણ કર્યું હતું.ત્યારભાઈ ત્રણે પિતરાઈઓ મોટા થઈ ગયા બાદ બે ભાઈઓ પરા વિસ્તારના નાગોરીવાડમાં અને બહેનની શાદી થયા બાદ વલસાડ રહેતી હતી.જો કે ઓલપાડ ખાતેના સીટી સર્વે નં.૫૮૫૭ વાળી મિલકત માં બાંધકામ કરાયું હતું,તે સમયે ગત તા.૧૯/૦૪/૨૦૨૪ ના રોજ પાલક પિતરાઈ ભાઈ સમીર અબ્દુલ સમદ શેખે તેની પિતરાઈ બહેન આઈશાબાનુંને આ મિલકતના ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં.૦૪ અને ૦૫ નો કબજો નોટરી કરાર લેખની શરત નં.૦૨ મુજબ કોઈપણ અવેજ રકમ લીધા વિના દસ્તાવેજ કરી આપવા લેખ લખી આપ્યો હતો.જેથી આ બંન્ને દુકાનમાં સિદ્દીક સલામુદ્દીન શેખે તેની બહેન આઈશાબાનુની સંમતિથી'લઝીઝ પાન સેન્ટર'ના નામથી પાનનો ગલ્લો શરૂ કર્યો હતો.ગત શુક્રવાર,તા.૦૨ ના રોજ બપોર બાદ સિદ્દીક અને તેનો નાનો ભાઈ મોહંમદ સલામુદ્દીન શેખ લઝીઝ પાનના ગલ્લા ઉપર હાજર હતાં, ત્યારે તેનો પિતરાઈ કાકાભાઈ સમીર અબ્દુલ શેખ ત્યાં આવ્યો હતો અને બંન્ને ને ધમકાવ્યાં હતા કે, તમે કેમ આ દુકાનમાં પાનનો ગલ્લો શરૂ કર્યો છે?જેથી તેઓએ કહ્યું કે,આ બંન્ને દુકાન તમો એ મારી સગી બહેન આઈશાને કરાર લેખથી લખી આપી હોવાથી બહેનની મંજુરીથી જ પાનનો ગલ્લો શરૂ કર્યો છે અને આ કરાર લેખ બહેન પાસે છે.જો કે તે

અનુસંધાન પાના ૭ પર

# વાહન અકસ્માત કેસમાં મૃતકના વારસદારોને એક કરોડનું વળતર




## માત્ર ચાર માસની અંદર એક કરોડ રૂપિયામાં સમાધાન દ્વારા કેસનો નિકાલ

સુરત, તા.૫

તારીખ : ૨૩/૬/૨૦૨૫ ના રોજ ગુજરનાર ધર્મેશભાઈ છનાભાઈ પટેલ કાર નંબર : GJ26-N-2278 ચલાવીને વડોદરાથી પરત ઘરે આવતા હતા ત્યારે લકોદરા ગામની સીમમાં ટ્રક નંબર : GJ06-VV-5293 સાથે અકસ્માત થતા ધર્મેશભાઈ છનાભાઈ પટેલને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમનું અવસાન થયેલ. ત્યારબાદ ગુજરનાર ધર્મેશભાઈ છનાભાઈ પટેલના વારસદારોએ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ વિરુદ્ધ અકસ્માત વળતરનો કેસ નંબર : ૭૯/૨૦૨૫ વ્યારા, તાપી મુકામે રૂપિયા ૧,૩૦,૦૦,૦૦૦.૦૦ નો દાખલ કરેલ અને જે કેસની શરૂઆતમાં જ વિદ્વાન વકીલ શ્રી સંદીપ એમ કાછડીયા તથા રિજિયોનલ મેનેજર શ્રી શિશિર જયસ્વાલ તથા ડેપ્યુટી મેનેજર ભાવનાબેન પરમાર તથા આસિસ્ટટ મેનેજર પ્રાચીબેન યાદવ મળીને યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડની ટીમ દ્વારા આ અકસ્માતના કેસમાં સમાધાન કરી ગુજરનારના વારસદારોને રૂપિયા ૧,૦૦,૦૦,૦૦૦/–અંકે રૂપિયા એક કરોડ પુરા ચેક દ્વારા ચૂકવી કેસ શરૂ થતા પહેલા જ સમાધાન દ્વારા નિકાલ કરવામાં આવેલ જેનો રૂપિયા એક કરોડનો ચેક વ્યારાના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ સાહેબ શ્રી ટી.આર.દેસાઈ

અનુસંધાન પાના ૭ પર



# રાષ્ટ્ર કક્ષા નેટબોલ સ્પર્ધામાં ગજેરા ઈન્ટરનેશનલ સ્કુલની ઝળહળતી સિધ્ધિ

સુરત, તા.૫

SGFI ૬૯મી રાષ્ટ્ર કક્ષા નેટબોલ અં-૧૯ ભાઈઓ/બહેનોની સ્પર્ધા તા.૨૫/૧૨/૨૦૨૫ થી તા. ૨૯/૧૨/૨૦૨૫ ના દિવસો દરમ્યાન મેંગલોર, કર્ણાટકા ખાતે યોજાય હતી. જેમાં ગજેરા ઈન્ટરનેશનલ સ્કુલ કતારગામના વિદ્યાર્થીનીએ ખુબ સારું પ્રદર્શન કર્યું હતું. જેમાં વય ગૃપ અં-૧૯ બહેનો માં કનિષ્કા ચૌધરી ખુબ સારું પ્રદર્શન કરીને ગજેરા ઈન્ટરનેશનલ સ્કુલ કતારગામનું નામ રોશન કરેલ છે. જે બદલ વિદ્યાર્થીની અને પ્રશિક્ષણ પૂરું પાડનાર કોચશ્રીઓ દિલીપ ગામીત, અશોક ચૌધરી ને શાળા ના ટ્રસ્ટીશ્રી ચુનીભાઈ ગજેરા તથા તમામ વિભાગના આચાર્યશ્રીઓ તેમજ શાળા પરિવારે ખૂબ-ખૂબ અભિનંદન પાઠવેલ છે.

# સુરત આરટીઓ કચેરીની મુલાકાત લેતા વાહનવ્યવહાર રાજ્યમંત્રી પ્રવિણભાઈ માળી

## રાજ્યમંત્રી પ્રવિણભાઈ માળીએ સુરત આરટીઓ સેવાની પ્રગતિ અને પડકારોની સમીક્ષા કરી

સુરત, તા.૫

વાહનવ્યવહાર રાજ્ય મંત્રીશ્રી પ્રવિણભાઈ માળીએ સુરત આરટીઓ કચેરીની મુલાકાત લઈ આરટીઓની દૈનિક નાગરિક સેવાઓ, વહીવટી પ્રક્રિયા અને કામગીરીની સમીક્ષા કરી હતી. વાહનવ્યવહાર રાજ્યમંત્રીએ આરટીઓની વિવિધ શાખાઓનું નિરીક્ષણ કરી કર્મચારીઓને મળીને સેવાઓની ગુણવત્તા, અરજદારોને મળતી સુવિધાઓ તેમજ કાર્યશૈલી અંગે વિગતવાર માહિતી મેળવી હતી. વધુમાં નાગરિક સેવાઓને વધુ કાર્યક્ષમ, પારદર્શક અને ઝડપી બને તે દિશામાં જરૂરી સૂચનો પણ કર્યા હતા.આ પ્રસંગે સુરતના પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી શ્રી એચ.એમ. પટેલે મંત્રીને કચેરીની કાર્યપદ્ધતિ, મહત્વના પ્રોજેક્ટ્સ અને સેવા પ્રદાનની હાલની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. મુલાકાત દરમિયાન ધારાસભ્યશ્રી મનુભાઈ પટેલ, એઆરટીઓ આર.એમ. ચૌધરી અને એન.કે. સોલંકી સહિત આરટીઓના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચેમ્બરનું પ્રતિનિધિ મંડળ ફેશન ઈન્ડસ્ટ્રીઝની મુલાકાતે

## પ્રતિનિધિ મંડળે સમગ્ર ઉત્પાદન પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું



સુરત, તા.૫

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિ મંડળે બુધવાર, તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સુરત સ્થિત રીઘન ફેશન પ્રા. લિ. ખાતે ઔદ્યોગિક મુલાકાત લીધી હતી. રીગન ફેશનના સંચાલક શ્રી દિનેશ ધનકાણી દ્વારા ચેમ્બરના પ્રતિનિધિ મંડળનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ મુલાકાત દરમિયાન શ્રી દિનેશ ધનકાણીએ રીઘન ફેશનની સ્થાપના, ઉત્પાદન પ્રક્રિયા, આધુનિક ટેકનોલોજી અને ગુણવત્તા નિયંત્રણ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે ટેક્ષટાઈલ ઉદ્યોગમાં નવીનતા, ડિઝાઈન ડેવલપમેન્ટ તથા સસ્ટેનેબલ પ્રેક્ટિસિસ અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, રીઘન ફેશન પ્રા. લિ. સુરતના ટેક્ષટાઈલ ઉદ્યોગની શક્તિ અને વૈશ્વિક સ્તરે તેની પ્રતિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ છે. આધુનિક ટેકનોલોજી, ગુણવત્તા પ્રત્યેની પ્રતિબદ્ધતા અને નવીન અભિગમ દ્વારા રીઘન ફેશન ઉદ્યોગ માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યું છે. આવી ઔદ્યોગિક મુલાકાતો દ્વારા ચેમ્બરના સભ્યોમાં જ્ઞાનનું આદાન–પ્રદાન થાય છે અને સ્થાનિક ઉદ્યોગને વૈશ્વિક સ્પર્ધામાં વધુ મજબૂતી મળે છે.

# સ્કેપ એક ટકા ઘટતા પ્રોફીટ માર્જીન ત્રણ ટકા વધી શકે : અમિત સલુજા




## ચેમ્બર દ્વારા સાઉથ ગુજરાત પ્રોડકટીવિટી કાઉન્સિલના સહયોગથી વેપાર–ઉદ્યોગમાં ડિજિટલ ટેકનોલોજીથી ગ્રોથ વિષે કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૫

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સાઉથ ગુજરાત પ્રોડકટીવિટી કાઉન્સિલના સહયોગથી પ્રગતિની સાથે પ્રોડકટીવિટી પ્રોગ્રામ સિરિઝ અંતર્ગત શુક્રવાર, તા. ૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સંહતિ, સરસાણા સુરત ખાતે વેપાર–ઉદ્યોગમાં ડિજિટલ ટેકનોલોજીથી ગ્રોથ વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એક્ષ્પર્ટ શ્રી અમિત સલુજાએ ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજના સ્પર્ધાત્મક યુગમાં વેપાર–ઉદ્યોગ માટે ડિજિટલ ટેકનોલોજી અપનાવવી હવે વિકલ્પ નહીં, પરંતુ અનિવાર્ય જરૂરિયાત બની ગઈ છે. ચેમ્બર હંમેશા તેના સભ્યોને નવી ટેકનોલોજી અને આધુનિક વ્યવસાયિક વિચારધારાથી જોડવા માટે સતત પ્રયત્નશીલ છે. સાઉથ ગુજરાત પ્રોડકટીવિટી કાઉન્સિલના પ્રમુખ શ્રી નિરવ રાણાએ સ્વાગત પ્રવચન

અનુસંધાન પાના ૭ પર

# શ્રી સ્વામિનારાયણ મંદિર સરથાણામાં શિક્ષાપત્રી પોથીયાત્રા



સુરત, તા.૫

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર, સરથાણા – સુરતમાં શ્રી સ્વામિનારાયણ ગાદીના જ્ઞાનમહોદધિ આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની પ્રેરણાથી 'શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે શિક્ષાપત્રી પોથીયાત્રા, પૂજન, મહિમાગાન વગેરે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અયોધ્યા ચોકથી પોથીયાત્રાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સુંદર રીતે શણગારેલાં બળદગાડામાં શ્રી ઘનશ્યામ મહારાજ, શિક્ષાપત્રી લખતા સહજાનંદ સ્વામી મહારાજ વગેરે મૂતિઓ પધરાવવામાં આવ્યા હતા. પૂજનીય સંતો પણ બળદગાડામાં બિરાજમાન થયા

અનુસંધાન પાના ૭ પર

## શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે પૂજન, મહિમાગાન વગેરે કાર્યક્રમો યોજાયા

# બોરોન એક સુપરહીરો એલીમેન્ટ


બોરોન એ કુદરતી રીતે બનતું એક ધાસું અને જલવો કરવાવાળું સુપર તત્ત્વ છે. બોરોન માનવ સ્વાસ્થ્ય માટે ફાયદાઓની વિશાળ શ્રેણી ધરાવે છે. બોરોન માનવ કે અન્ય જીવજંતુ માટે જેટલું જરૂરી છે. તેટલું જ શાકભાજી ફળો અન્ય ખાદ્યપદાર્થ જે જમીનમાં ઊગે છે તેના વિકાસ માટે પણ ખૂબ જરૂરી તત્ત્વ છે. નાના છોડવા કે શાકભાજી ઊગવા માટે બોરોન જરૂરી છે.

બોરોન એ અસંખ્ય સ્વાસ્થ્ય લાભો સાથેનું મૂલ્યવાન તત્ત્વ છે. બોરોનની શક્તિનો અનુભવ કરવવા માટે હું આતુર છું. આ તત્ત્વ જેમાંથી મળે છે તે ખાદ્ય પદાર્થનો ઉપયોગ કરી તમારા સ્વાસ્થ્ય અને સુખાકારીનો અનુભવ કરો. બોરોનની ઊણપના લક્ષણ વિશિષ્ટ કે બહુ સ્પષ્ટ નથી હોતા.

બોરોન હાડકાંના સ્વાસ્થ્ય માટે મહત્ત્વપૂર્ણ છે હાડકાંની મજબૂતી જાળવવામાં મોટી મદદ કરે છે. હાડકાંના બંધારણને ટકાવી રાખવા માટે તે કેલ્શિયમ અને મેગ્નેશિયમ ચયાપચયમાં મદદ કરે છે. જેથી હાડકાંની વૃદ્ધિ સરળ બને છે. વિટામિન-ડીના સ્તરના નિયમનો આધાર બોરોન છે. જે ઓસ્ટિયોપોરોસીસથી બચાવ કરે છે.

જો ઓસ્ટિયોપોરોસીસ થયો હોય તો બોરોન યુક્ત આહારથી નિયંત્રણ કરી શકાય છે. જે સોડિયમ મેગ્નેશિયમ અને ફોસ્ફરસ જેવા આવશ્યક ખનિજોનું એકીકરણ અને ચયાપચયના ચોક્કસ ઉત્સેચકોને નિયંત્રિત કરે છે. મહિલાઓમાં પોસ્ટ મેનોપોઝ માટે ખૂબ જરૂરી છે.

બોરોન મેગ્નેશિયમને અનુકૂળ બનાવે છે જે પેટના પેરિએટલ સેલને ગુણવત્તાવાળું એસિડ બનાવવામાં જોરદાર મદદ કરે છે. જેથી પ્રોટીનની અંદર છુપાયેલું વિટામિન બી-૧૨ બહાર નીકળે તેનો ફેલાવો થાય એટલે કે પ્રોટીનની ચેન ખુલે અને વિટામિન બી-૧૨ સ્તોત્ર રિલીઝ થાય. વિટામિન-ડીને એક્ટિવ બનાવે. તેમ જ અલ્ફાસેલ અને





હાઈડ્રોક્સીલેઝ એન્ઝાઈમ કિડની બનાવી શકે. બોરોનનો વિટામિન બી સાથે સંબંધ મજબૂત છે જે શરીરના ઘાવ ભરવા કે થવા ન દેવા માટે જરૂરી છે.

શરીરના ચયાપચનને મજબૂત બનાવવા, પેરિએટલ

સેલ મજબૂતી સાથે કામ કરવા માટે બોરોન જરૂરી છે. બોરોન હાડકામાં મેગ્નેશિયમના અવશોષણ અને જમાવને ગુણવત્તા પ્રદાન કરે છે. લગભગ સાંઈઠ ટકા જેટલા મેગ્નેશિયમ હાડકાંમાં હોય છે. જે કોશિકાઓને સ્થિર કરે છે. કેલ્શિયમની ક્રિયાઓને સંતુલિત કરે છે. વિટામિન-ડી સંતુલિત હોય તો થાઈરોઈડ કે ડાયાબિટીસની સમસ્યા થતી નથી.

બોરોનના લાભકારી હાર્મોનલ પ્રભાવ સંભવત સ્ટ્રીરોઈડના વિસિનલ હાઈડ્રોકિલેશન પર આનો સામાન્ય પ્રભાવ પડે છે. વિસિનલનો અર્થ કોઈપણ બે કાર્યત્મક સમૂહને જોડવું. બોરોન યુક્ત ખોરાકનો પ્રભાવ સ્ત્રી અને પુરુષના જનન અંગો માટે જરૂરી સ્ટીરોઈડના સ્તરમાં પણ વૃદ્ધિ જોવા મળે છે. એટલે કે બોરોન યુક્ત આહાર સીરમ એસ્ટ્રોજન અને ટેસ્ટોસ્ટેરોનના સ્તરમાં ઉલ્લેખનીય વૃદ્ધિ થાય છે. જેમણે રજોનિવૃતિ (મેનોપોઝ) ની સુખાકારી માટે બોરોન યુક્ત આહાર લીધો તેઓ શારીરિક અને માનસિક રીતે સશક્ત બને છે.

હક્કી એટ અલ નામના શોધકર્તા મેટ્રિક્સ પ્રોટીનને એક શૃંખલાના મેસેજર આર. એન. એ. સી અભિવ્યક્તિને નિયંત્રિત કરે છે. જે ઘાવ ભરનાર પ્રોટીન અને ખનિજયુકત એન્ઝાઈમ સંબંધિત પ્રોટીન કોલેજન ઓસ્ટિયોપોર્ટિન, ઓસ્ટિયો કેલ્સિન અને સિયાલો પ્રોટીનનું નિયંત્રિત કરે છે. આ સંયુક્ત ક્રિયાના પ્રભાવને કારણે અસ્થિ કોશીકાઓ ને મિનરલસને મજબૂતી મળે છે. ચહેરા પરની ચામડીનું બગડવું એ કોલાજન આધારિત છે. બોરોન ચામડી નીચેના ઘાવ ભરવા માટે કોલાજન પ્રોટીનને એન્ઝાઈમ દ્વારા સુગમ બનાવે છે.

હાડકાંના સ્વાસ્થ્ય ઉપરાંત બોરોન મગજના કાર્યમાં સુધારવામાં બળતરા ઘટાડવામાં અને હાર્મોનનું સ્તર જાળવી રાખવામાં મદદ કરે છે. બોરોન વિશે વધુ ચર્ચા થતી નથી. તેથી તેને જાળવવા માટે કે તેની ઊણપ વિશે લોકો ગંભીર નથી. બોરોન યુક્ત સમૃદ્ધ આહારમાં સમાવેશ કરીને સ્વાસ્થ્ય મજબૂત બનાવી શકાય છે. અતિરેક ન કરવો નહીં તો ઝાડા, ઊલટી, ઊબકા જેવાં લક્ષણો દેખાય છે. સપ્લિમેન્ટથી બોરોન લેવાથી ઘણીવાર તેની ખરાબ અસરો જોવા મળી છે. આહારથી ખૂબ જ સારી માત્રામાં બોરોન તત્ત્વ મળી રહે છે.

બોરોન યુક્ત આહાર જેવા કે બેલફળ, બાદામ કીસમીસ, એવાકાડો, બ્રોકલી, અખરોટ, હેઝલનટ બ્રાઝીલનટ, સફરજન, શિંગદાણા, પીચ, દ્રાક્ષ, નાશપતિ, કેળા, કેળાની છાલ, બટાટા છાલ સાથે રાજમા, પાલક, મસૂર, મકાઈ, ચેરી, ચણા, વટાટા, ઘરનું માખણ, જીરૂ. આ આહાર હાથ પગમાં સમવન્ય બનાવી રાખશે. પેશાબમાંથી વધુ કેલ્શિયમ અને મેગ્નેશિયમને નીકળી જતું બચાવશે.

માથાનો દુઃખાવો, પેટનો દુખાવો વગેરેથી આ ખાદ્યપદાર્થ બચાવે છે. પ્રતિકાર્ય રક્ષા પ્રણાલીને નબળી થતી બચાવશે. હાડકાંના સ્વાસ્થ્યને સુધારશે, માનસિક સર્તકતાની કમીને દૂર કરશે. મસ્તિષ્ક, ધ્યાન, સ્મૃતિના કાર્યને મજબૂત રાખશે. અવસાદ કે ડીપ્રેશન, અલ્ઝાઈમર જેવી તકલીફો નહી થાય.બેલફળમાં સૌથી સારો સ્ત્રોત છે. કેળા, કીસમીસ, સૂકામેવા જેવા આહારનો ઉપયોગ જરૂરથી થવો જોઈએ. સરળતાથી સંતુલિત આહારમાં ફીટ થઈ શકે તેવો ખોરાકનો સ્ત્રોત અપનાવો.બોરોનમાં બળતરા વિરોધી ગુણધર્મો છે જે સંધિવા, બોનટીબી, સાંધાના દુઃખાવા અને જડતા ઘટાડવા મદદ કરશે. ભવિષ્યમાં ઓસ્ટિયોપોરોસીસ કે અન્ય હાડકાંની બીમારીને અટકાવી શકાય. દોડવીર માટે પણ બોરોન યુક્ત ખાદ્યપદાર્થ જરૂરી છે.

## ખસખસના દાણા સ્વાદની સાથે શરીરનું સ્વાસ્થ્ય પણ જાળવે છે

વડીલો હંમેશાં આજની પેઢીને એક સલાહ અવશ્ય આપતાં હોય છે. જીવનમાં નાની અમથી વસ્તુ તથા વ્યક્તિની હમેંશા કદર કરવી જોઈએ. આજના ઝડપી યુગમાં નાની વસ્તુ કે નાના માણસોને અનેક વખત હડધૂત થવું પડતું હોય છે. વળી સ્વયંને જરૂરત પડે એટલે વ્યક્તિ તે નાની વ્યક્તિની પાસે પોતાનું કામ કરાવી લેતાં જરાપણ સંકોચાતી નથી. તે જ પ્રમાણે આહારમાં પણ નાની વસ્તુ સ્વાસ્થ્ય માટે ગુણકારી જોવા મળે છે. ચાલો, આરોગ્ય માટે ઉત્તમ પ્રાકૃતિક ઉપચાર ગણાતી ખસખસનો ઉપયોગ આહારમાં અપનાવવાની શરૂઆત કરીએ.આજે આપણે વાત કરીશું નાના દાણા તરીકે ઓળખાતી ખસખસ વિશે. સામાન્ય રીતે ખસખસનો ઉપયોગ વિવિધ મીઠાઈઓ જેવી કે લાડુ, મોહનથાળ, અડદિયા પાક, ખજૂરપાક વગેરેને વધુ આકર્ષક બનાવવા માટે કરવામાં આવતો હોય છે. સ્વાસ્થ્ય સંબંધિત અનેક ગુણોનો ભંડાર ખસખસમાં સમાયેલો જોવા મળે છે. તેનું મુખ્ય કારણ છે ખસખસમાં ભરપૂર માત્રામાં કેલ્શિયમ, ફાઈબર, પ્રોટીન, આયર્ન, મૈગ્નેશિયમ, ફોસ્ફરસ, ઝિંક, કૉપર, સેલેનિયમ, વિટામિન ઈ જેવા સત્ત્વ સમાયેલાં છે.

હાડકાં મજબૂત બનાવવા માટે ગુણકારી : ખસખસમાં હાડકાંને મજબૂત બનાવવાની શક્તિ સમાયેલી છે. તેનું મુખ્ય કારણ ખસખસમાં કેલ્શિયમ, મૈંગેનિઝ, મૈગ્નેશ્યિમ તથા ઝિંકનું પ્રમાણ સારી માત્રામાં સમાયેલું છે. એક વૈદ્યકિય સંશોધન દ્વારા જાણવા મળ્યું છે કે ઉપરોક્ત ચીજો મજબૂત હાડકાં માટે અત્યંત ઉપયોગી ગણાય છે.

વજન નિયંત્રણમાં રાખવા માટે આહાર તજજ્ઞો ફાઈબરથી ભરપૂર આહાર લેવાનું સૂચવતાં હોય છે. જેને કારણે વારંવાર ભૂખ લાગવાથી બચી શકાય છે. ખસખસમાં ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. તેથી તેનો આહારમાં વિવિધ રીતે ઉપયોગ પ્રમાણભાન રાખીને શિયાળામાં ખાસ કરવો જોઈએ.

અનેક લોકો આપણી આસપાસ એવા જોવા મળશે કે જેમને ગાઢ નિંદર આવતી હોતી નથી. ખસખસમાં ટ્રિપ્ટોફેન તથા મોર્ફિન જેવા પદાર્થો સમાયેલાં છે. જે ગાઢ નિંદરની સાથે વ્યક્તિના મનને શાંત બનાવવામાં ઉપયોગી ગણાય છે. રાત્રિના ભોજન બાદ હૂંફાળા દૂધમાં ખસખસની પેસ્ટ ભેળવીને પીવાથી નિંદર સારી આવે છે.

બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવામાં ગુણકારી : ખસખસમાં પોટેશિયમની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જે લોહીના પરિભ્રમણને નિયંત્રીત કરવામાં મદદ કરે છે. ખસખસમાં સમાયેલું સત્ત્વ લોહીના દબાણને નિયંત્રિત રાખવામાં ઉપયોગી બને છે.

ખસખસમાં પ્રોટીન, કેલ્શિયમ, વિટામિન ઈ જેવા સત્ત્વ સમાયેલાં જોવા મળે છે. જે વાળની તંદુરસ્તી માટે અત્યંત ઉપયોગી ગણાય છે. વાળની મજબૂતાઈ જળવાઈ રહે છે. પ્રદૂષણને કારણે થતાં નુકસાનથી બચાવી શકાય છે.

# આ નવા વર્ષે બ્રહ્માંડના કેવાં કેવાં અટપટા ભેદ-ભરમ ખૂલશે?

હમણાં ડિસેમ્બર મહિનામાં 'જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ'એ ચાર વર્ષ પૂર્ણ કર્યાં છે ત્યારે ૨૦૨૫માં અખિલ બ્રહ્માંડના એણે અનેક રોચક રહસ્યો ઉકેલીને અપૂર્વ સિદ્ધિઓ મેળવી છે. હવે આ વેબ ટેલિસ્કોપ નવા વર્ષમાં શું શું વિસ્મય સર્જે છે એની આતુરતથી રાહ જોઈ રહ્યા છે જગતભરના ખગોળશાસ્ત્રીઓ.

જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કો

બે હજાર પ્રકાશ વર્ષ દૂર સૌથી મોટું બ્લેક હોલ

વિસ્ફોટ પછી અધિક ઝળહળતો તારો –ભાગેડુ સુપરમેસિવ બ્લેકહોલની તસવીરો

લીંબુ આકારનો ગ્રહ

૨૦૨૫૫જેમ્સ વેબસ્પેસ ટેલિસ્કોપની કેટલીક શોધ – સિદ્ધિ

તાજેતરમાં જ લીંબુ' આકારના એક ગ્રહની શોધજેમ્સ ટેલિસ્કોપે કરી છે, જે આપણા પૃથ્વી, ગ્રહથી ૧૦ લાખ માઈલના અંતરે છેપ

આજ રીતે 'જેમ્સ' ટેલિસ્કોપે ૧૨૪ પ્રકાશ વર્ષ દૂરના બ્રહ્માંડના ક્ર-૨ -૧૮ૡ' નામના એક બાહ્યવકાશી ગ્રહ પર સજીવ સૃષ્ટિ હોવાના સંકેત પણ ઝિલ્યાં છે!

અથડામણ કરતાં તારા વિશ્વની અદ્ભુત તસવીરો ઝડપી છેપ

વિસ્ફોટ પછી અધિક ઝળહળતો તારો –ભાગેડુ સુપરમેસિવ બ્લેકહોલનીતસવીરોપ


નાના હતા ત્યારે આપણે બધા કાળા ડિબાંગ આકાશમાં જોજનો દૂર એવા ચમકતા ઝબકતા તારલાઓને વિસ્માયથી


બધા તાકી રહેતાં ત્યારે આપણી બા કે દાદીમા અંતરિક્ષના એ તારા- નક્ષત્રને આગંળી ચીંધીને એમની ઓળખ આપતાં : 'આ છે ધ્રૂવનો અચળ તારો ને ત્યાં છે રોહિણી નક્ષત્ર.'

સમય વીતતો ગયો અને એ બાળસહજ વિસ્મયમાં જ્ઞાન- વિજ્ઞાન ઉમેરાતું ગયું અને ધરતી પરથી તારા-નક્ષત્રને સમીપથી જોવાં -ઓળખવા માટે દૂરબીન – ટેલિસ્કોપથી લઈને પ્લેનેટેરિયમ દ્વારા આકાશદર્શન ધીરે ધીરે સ્પષ્ટ થતું ગયુ. એ પછી તો કરોડો માઈલ દૂરના તારાદર્શન માટે માનવીએ અંતરિક્ષમાં ગોઠવી દીધેલા જંગી ટેલિસ્કોપની અદ્ભુત કામગીરી પણ માનવમાત્રને દિન-પ્રતિદિન અવાક કરતી ગઈ.

આજથી ચાર વર્ષ પહેલાં અમેરિકાની અંતરિક્ષમાં શોધખોળ કરતી સંસ્થા નાસા' એ ૧૦ અબજ ડૉલરના જંગી ખર્ચે તૈયાર થયેલું એક જંગીજેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ'ને વહેતું મૂક્યું હતું, જેણે કલ્પના પણ નહોતી એવાં અફાટ બ્રહ્માંડનાં અકળ એવાં અનેક રોચક રહસ્યો ઉકેલીને ખગોળવિજ્ઞાનીઓ સમક્ષ છતાં કર્યાં છે, જે માનવીના ભાવિ માટે ઉપકારક નીવડી રહ્યાં છેપ આવા વિરાટ સ્પેસ ટેલિસ્કોપ જેમ્સ વેબની એ અવકાશી સિદ્ધિઓ વિશે વાત કરીએ એ પહેલાં થોડા ફ્લેશ બેકમાંપ..


જેમ્સ વેબ ટેલિસ્કોપ' ચિત્રમાં પ્રવેશ્યું એ પહેલાં સતત ૩૧ વર્ષ સુધી ખગોળ જ્ઞાન – વિજ્ઞાન ક્ષેત્રે અંતરિક્ષમાં અદ્ભુત કામગીરી બજાવનાર ૧૨ હજાર કિલોગ્રામ વજન ધરાવતું હબલરિટાયર' થયું એની જગ્યા ૭ ટનના અતિ આધુનિક વિરાટ જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપે લીધી છે ત્યારે એના વિશે પણ જાણવાની જિજ્ઞાસા જાગે એ સહજ છે, પણ એ પહેલાં હબલ' અનેજેમ્સ વેબ' સ્પેસ ટેલિસ્કોપ બન્ને વચ્ચે શું સમાનતા છે અને નવું સ્પેસ ટેલિસ્કોપ અગાઉના કરતાંય કેટલું વધું આધુનિક અને કેવી કેવી વિશેષ કામગીરી બજાવી રહ્યું છે એ ઉપરાંત આ જેમ્સ વેબ સ્પેસ












ટેલિસ્કોપના આકાશ-અંતરિક્ષમાં આગમનથી માનવીની ખગોળ શોધ- સંશોધનમાં એ કેટલું ફાયદાકારક નીવડશે,ઈત્યાદિ જેવી બધી જ જિજ્ઞાસાના જવાબ અહીં ખાસ પ્રશ્નોતરી રૂપે આપણને જાણવા મળશે મુંબઈ નહે પ્લેનેટેરિયમ'ના પૂર્વ વડા ડો. જે.જે.રાવલ પાસેથી. ખગોળશસ્ત્રમાં અનન્ય પ્રદાન માટે માત્ર ભારત જ નહીં, વિશ્વભરમાં પંકાયેલા ૮૨ વર્ષી આ ખગોળવિજ્ઞાની રાવલસાહેબ અહીં ઉપગ્રહ -અવકાશયાન અને અંતરિક્ષમાં રહેલાં વેધશાળા જેવાંહબલ' તથા લેટેસ્ટ જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ વિશે સરળ સમજણ સાથે ઘણી રોચક માહિતી પણ આપે છે, જેમકેપ

પ્રશ્ન : ખગોળવિજ્ઞાનમાં ઉપગ્રહ – અવકાશયાન અને આવાં અવકાશી ટેલિસ્કોપ કેટલી હદે ઉપયોગી નીવડે?

ઉત્તર : ખગોળ કે કોઈ પણ વિજ્ઞાનમાં થિયરી ભવિષ્યનો માર્ગ દર્શાવે, પણ હકીકત તો નિરીક્ષણ થાય તો જ એ થિયરી ન રહેતાં ચોક્કસ સિદ્ધાંત બને. હવે વાત રહી ખગોળવિજ્ઞાનમાં ઉપગ્રહ-યાન અને ટેલિસ્કોપની. અંતરીક્ષના પદાર્થો આપણી ધરતી-પૃથ્વીથી લાખો માઈલના અંતરે છે એટલે એનું ઘેરબેઠાં નજીક દર્શન -નિરીક્ષણ ટેલિસ્કોપ દ્વારા જ થઈ શકે. જો કે ચંદ્ર કે મંગળ કે બીજા ગ્રહોની આસપાસના ઉપગ્રહોને બહુ જ મર્યાદિત રીતે દૂરબીન દેખાડી શકે. એ બધાના નિરીક્ષણ માટે માનવીએ રોકેટ-યાન દ્વારા ઉપગ્રહો જ ત્યાં મોકલવા પડે.

પ્રશ્ન : હબલ' કેવું હતું અને એ પછી અંતરિક્ષના દ્રશ્યમાં પ્રવેશ્યું છે એજેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ' કેવું છે?

ઉત્તર : આજથી ૩૫ વર્ષ પહેલાં ૨અબજ ડૉલરના ખર્ચે તૈયાર થયેલું હબલ' આજે પણ એને સોંપેલી કામગીરી બજાવી રહ્યું છે, પરંતુ આટલાં વર્ષોમાં અંતરિક્ષ સંશોધનમાં લેટેસ્ટ ટેકનોલોજીઆવી ગઈ છે. સમગ્ર બ્રહ્માંડનો સિનારિયો બદલાય રહ્યો છે એટલેહબલ'ને ધીરે ધીરે નિવૃત કરીને અતિ આધુનિક જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ'ને અનેકવિધ કામગીરી માટે ચાર વર્ષ પહેલાં તરતું મૂકવામાં આવ્યું છે, જે હજુ આગામી ૧૫ વર્ષ સુધી પૂર્ણ રીતે કાર્યરત રહેશે. હા, એ ખરું કે આપણા ૩૧ વર્ષ સુધી કામગીરી બજાવનારહબલ'ની કેટલીક મર્યાદા હોવા છતાં એણે ખગોળીય નિરીક્ષણોમાં ઈતિહાસ રચ્યો છે. અત્યાર સુધીમાં એણે અનેક ગેલેક્સી ( આકાશગંગા ઉર્ફે મંદાકિની)- અનેક તારાના જન્મસ્થાન-નિહારિકા-તારાના વિસ્ફોટ-ગુના ગ્રહ પર ધૂમકેતુનું ખાબકવું, વગેરે ઐતિહાસિક અવકાશી ઘટનાઓના દસ્તાવેજી પુરાવા સાથે 'હબલ' એનો સાક્ષી રહ્યો છે.જોકે બીજી તરફ, બ્રહ્માંડમાં નવું નવું શું ચાલી રહ્યું છે એને જબરી જિજ્ઞાસા સાથે કે કયા નવા ગ્રહોમાં માનવી જેવાં જીવ વસે છે- પૃથ્વી પછી બીજે કયાં વસી શકાય એવાં સંશોધન માટે ખગોળશાસ્ત્રી-વિજ્ઞાનીઓને હબલ' કરતાં પણ અતિ શક્તિશાળી ટેલિસ્કોપની જરૂર હતી અને આમ અંતરિક્ષના તખ્તા પર કેનેડા તેમજ યુરોપની અન્ય સ્પેસ એજન્સીઓના સહિયારા પ્રયાસથી લોન્ચ થયેલું આજની તારીખે વિશ્વનું સૌથી પાવરફૂલજેમ્સ વેબ ટેલિસ્કોપ' અમેરિકાની સ્પેસ સંસ્થા નાસા'નું આ અતિ મહત્ત્વાકાંક્ષી મિશન છે. અત્યારની ટીમમાંનાસા'ના પ્રોગ્રામ સાયન્ટિસ્ટ તરીકે મૂળ ભારતીય એવાં લખૈનાનાં હસીમા હસન તેમજ ડૉ. નીકુ મધુસુદન પણ છે!જ્યારે કોઈ સ્ટાર-તારાની આવરદા પૂરી થાય છે ત્યારે એ ધડાકા સાથે તૂટી પડે છે અને બ્લેક હોલ' સર્જાય છે ત્યારે એનું ગુત્વાકર્ષણ એવું શક્તિશાળી બની જાય છે કે એ વિસ્તારની આસપાસના નાના ગ્રહ-તારાઓને પોતાની તરફ ખેંચી લે છે. પ્રકાશ પણ એની અસરમાંથી છટકી નથી શક્તો, પરિણામે એ વિસ્તાર કાળો ડિબાંગ દેખાય છે અને એટલે જ એબ્લેક હોલ' તરીકે ઓળખાય છે.

આજે બ્રહ્માંડમાં આવા તો અસંખ્ય બ્લેક હોલ છે, જેને શોધવા કે ગણવા એકદમ અશક્ય જ છે. આમ છતાં અનેકવિધ સંશોધનો પછી ખગોળશાસ્ત્રીઓના અંદાજ મુજબ આજે ૪૦ અબજ આવા બ્લેક હોલ છે, જે લગભગ ૯૦ અબજ પ્રકાશ -વર્ષના વ્યાસમાં છે!આમ અખિલ બ્રહ્માંડમાં અવિરત રહસ્યો સર્જાતાં જ રહે છે. અતિ આધુનિક ઉપગ્રહ – અવકાશયાન અને અવકાશી ટેલિસ્કોપની મદદથી એને કાળાં માથાનો માનવી સતત ઉકેલવા મથતો જ રહે છે. પરિણામે આજે અનેક રોચક રહસ્ય છતાં થઈ રહ્યાં છે.મુંબઈ 'નહે પ્લેનેટેરિયમ'ના પૂર્વ વડા અને વિશ્વવિખ્યાત એવા ખગોળવિજ્ઞાની ડો. જે.જે.રાવલ બ્રહ્માંડ વિશે વિસ્મય પમાડે એવી એક વધુ રોચક માહિતી આપતા કહે છે :'આપણે બ્રહ્માંડનો તો એક અંશ માત્ર ઓળખીએ છીએ એ બ્રહ્માંડમાં ૧૦૦ અબજ ગેલેક્સી છે-૫૦૦ અબજથી વધુ તારા છે. આ બ્રહ્માંડમાં તો ૫૦૦ અબજ સૂર્ય છે અને ચોંકી ન જતા, બે તારા વચ્ચે ૪૫ અબજ (જી હા, ૪૫ અબજ!) કિલોમીટર જેટલું તો અંતર છે..!'આમ જેમ અંતરિક્ષ કે બ્રહ્માંડનો કોઈ અંત નથી એમ નવું નવું જાણવાની માનવીની ઉત્કંઠા-જિજ્ઞાસાનો પણ કોઈ અંત નથી માટે બ્રહ્માંડમાં આવી અજાણી આકાશગંગાઓ તારા- ગ્રહો સુપરનોવા અને આવાં ભેદી બ્લેક હોલની શોધ અવિરત ચાલાતી જ રહેશે અને માનવી બ્રહ્માંડનાં અકબંધ ભેદ-ભરમ ઉકેલતો જ રહેશે!

**જેમ્સ વેબ ટેલિસ્કોપ' ચિત્રમાં પ્રવેશ્યું એ પહેલાં સતત ૩૧ વર્ષ સુધી ખગોળ જ્ઞાન – વિજ્ઞાન ક્ષેત્રે અંતરિક્ષમાં અદ્ભુત કામગીરી બજાવનાર ૧૨ હજાર કિલોગ્રામ વજન ધરાવતું હબલરિટાયર' થયું એની જગ્યા ૭ ટનના અતિ આધુનિક વિરાટ જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપે લીધી છે ત્યારે એના વિશે પણ જાણવાની જિજ્ઞાસા જાગે એ સહજ છે, પણ એ પહેલાં હબલ' અનેજેમ્સ વેબ' સ્પેસ ટેલિસ્કોપ બન્ને વચ્ચે શું સમાનતા છે**



# ૨૦૨૬નું વર્ષ પ્રવાસન માટે એડવાન્સ ટેક્નોલોજી લાવશે

વર્ષ ૨૦૨૫એ વિદાય લઈ લીધી છે ત્યારે પ્રવાસન માટે ૨૦૨૬નું વર્ષ વ્યાપકપણે ટેક્નોલોજી આધારિત બનવાનું એક પ્રબળ અનુમાન છે. મોટાભાગના પ્રવાસીઓ વ્યક્તિગત, સ્થિર અને વિશ્વસનીય અનુભવો, સુખાકારી યાત્રા અને પ્રવાહ કરતાં અલગ પ્રવાસન સ્થળોને પ્રાથમિકતા આપશે. જેમ કે ૨૦૨૬માં ઉત્તર અમેરિકા(અમેરિકા, મેક્સિકો અને કેનેડા)માં ફીફા ફૂટબોલ વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવશે, તેથી નોંધપાત્ર સંખ્યામાં રમતગમત પ્રેમીઓ પણ તે તરફ જ આકર્ષાશે. જ્યારે વૈશ્વિક પર્યટન સ્થળો(જેમ કે ભારત, સ્પેન, જર્મની વગેરે) પ્રવાસીઓને આકર્ષવા માટે સાંસ્કૃતિક ઊંડાણ, ઈકો-ટુરિઝમ અને નવી લક્ઝરી ઓફરો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે. આ બધું સ્માર્ટ ટેક્નોલોજી અને પ્રવાસીઓની સતત વધતી નવી માગણીઓને ધ્યાને લઈને કરવામાં આવશે.

ટેક્નોલોજી પ્રવાસન પર નોંધપાત્ર અસર કરશે એમાં શંકાને કોઈ સ્થાન નથી. એઆઈ, વીઆર, આઈઓટી, વોઈસ સર્ચ અને કોન્ટેક્ટલેસ પેમેન્ટ્સ યાત્રાઓને વ્યક્તિગત બનાવશે. તેમજ રોબોટિક હોટલ સ્ટાફથી લઈને અત્યાધુનિક સિસ્ટમ્સ સુધીના અનુભવોમાં વધારો કરશે. તેથી વિશ્વ પ્રવાસન દિવસ ૨૦૨૬ની થીમ 'ડિજિટલ એજન્ડા એન્ડ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટુ રિ-ડિઝાઈન ટુરિઝમ'હોવી કોઈ આશ્ચર્યની વાત નથી.

ઈકોફ્રેન્ડલી મુસાફરી અને સ્વદેશી પર્યટનની માંગ સતત વધી રહી છે. જેને ધ્યાનમાં રાખીને લગભગ તમામ મુખ્ય પર્યટન સ્થળો ટકાઉપણું અને જવાબદારી પર ભાર મૂકી રહ્યા છે. જો કે એક અંદાજ એવો પણ છે કે પ્રવાસીઓ પ્રવાહથી હટકર એ જગ્યાઓની મુલાકાત લેવાને પ્રાથમિકતા આપશે, જ્યાં લોકોની અવરજવર ઓછી હોય એટલે કે ભીડ ઓછી હોય. તેથી ભીડની સમસ્યાને ઉકેલવા માટે પણ પ્રયાસો કરવામાં આવશે. જેની શરૂઆત નોર્વેએ નવો કર લાદીને કરી દીધી છે.જો કે વર્ષ ૨૦૨૬માં પ્રવાસીઓ વેલનેસ રિટ્રીટ્સ, સ્લીપ ટુરિઝમ અને સેટ-જેટિંગ'(ફિલ્મી લોકેશનની મુલાકાત લેવી)ના માધ્યમથી સ્થાનિક અનુભવોને પ્રાથમિકતા આપતા જોવા મળી શકે છે. જેથી આ જગ્યાઓ સાથે ગાઢ જોડાણ સ્થાપિત કરી શકાય. એક સંભાવના એ પણ છે કે જે સ્થળોએ સફળ ફિલ્મોનું શૂટિંગ થયું હોય તે સ્થળો પર યુવાનો પ્રી-વેડિંગ શૂટ કરાવશે. લોકો ગર્વથી સોશ્યલ મીડિયા પર-અમે તે જગ્યા પર છીએ, જ્યાં શાહરૂખ ખાન અને કાજોલે ડીડીએલજે માટે આ ગીતપગાયું હતું' જેવા કેપ્શન સાથે ફોટા શેર કરતા જોવા મળશે.નોંધનીય છે કે આંતરરાષ્ટ્રીય મેળો એફઆઈટીયુઆર ૨૦૨૬ યુરોપિયન પર્યટન માટે ભારતની ક્ષમતા પર ભાર મૂકશે અને આધ્યાત્મિક, સુખાકારી અને સાંસ્કૃતિક યાત્રા પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ જ રીતે ફીફા વર્લ્ડ કપ અમેરિકા, મેક્સિકો અને કેનેડામાં પ્રવાસનને નોંધપાત્ર વેગ આપશે તેવી અપેક્ષા છે.વિવિધ દેશો પોતાને ત્યાં પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે કયા મુદ્દાઓ પર વધુ ભાર મૂકશે તે અંગે તે બધાનો ઉલ્લેખ કરવો શક્ય નથી, પરંતુ ઉદાહરણ તરીકે કેટલાક દેશોનો ઉલ્લેખ કરી શકાય છે. જેમ કે ભારત આધ્યાત્મિક, સુખાકારી અને સાંસ્કૃતિક વિવિધતાને વૈશ્વિક આયોજનોમાં પ્રોત્સાહન આપશે અને યુરોપિયન બજારોમાં પગપેસારો કરવાનો પ્રયાસ કરશે.જર્મની સાંસ્કૃતિક અને મોસમી પ્રમોશન દ્વારા ૧૦ લાખ ભારતીય પ્રવાસીઓને આકર્ષિત કરવાના પ્રયાસો કરશે. જ્યારે સ્પેન ભારત-સ્પેનના 'ડ્યુલ યર'નો લાભ લઈને ભારતીય પ્રવાસીઓને ટકાઉપણું અને વિવિધ ઓફરોથી આકર્ષવાના પ્રયાસો કરશે. ઓમાને એડવેન્ચર ટુરિઝમના નિયમોને અપડેટ કર્યા છે, જેથી વિકાસ અને વારસા સંરક્ષણ વચ્ચે સંતુલન સાધી શકાય. ૧૬મી સદીના સરોવર શહેર ઉદયપુરમાં વૈભવી હોટલો ખુલવાથી નવા યુગની શરૂઆત થઈ છે. સાથે નવાં સ્થળો પણ સ્પોટલાઈટમાં આવી રહ્યા છે. જેમ કે કેનેડાનો પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડ કે જે દરિયાકાંઠાના આનંદને ફરીથી વ્યાખ્યાયિત કરી રહ્યો છે. મરાકશનો ઐતિહાસિક ફેઝ પણ ૧૫ વર્ષના પુનઃસ્થાપન પછી ફરી ખુલ્લો મુકાયો છે.

પ્રવાસીઓને ઈકો-ફ્રેન્ડલી કેબિન અને ઝૂંપડીઓ વગેરે જોઈએ છે પણ સાથે-સાથે ફોન અને ઈન્ટરનેટ કનેક્શન પણ ઈચ્છે છે.

## તંત્રી લેખ...-

**સોમવાર, તા. ૦૫ જાન્યુઆરી ૨૦૨૬**

# ભાગલા પાડો, ચૂંટણી જીતો

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સામાન્યપણે તો સ્થાનિક મુદ્દાઓ પર લડાતી હોય છે અને સેવા-સુવિધાઓના અભાવ કે તેમાં સુધાર કેન્દ્રમાં હોય છે, પણ મુંબઈ અને રાજ્યની અન્ય નગરપાલિકાઓની ચૂંટણીઓ હિન્દુ-મુસ્લિમ, મરાઠી માણૂસ વિરુદ્ધ ઉત્તર ભારતીયો અને ગુજરાતીઓ તથા ખાસ તો ઓળખના રાજકારણની આસપાસ યોજાવાની છે. આવામાં, ગંભીર બાબતો કે સુવિધાઓ કે તેના અભાવ જેવા મુદ્દા હાંસિયામાં ધકેલાઈ ગયા છે. હાલમાં જ ભાજપના નેતા કૃપાશંકર સિંહે નિવેદન કર્યું કે અમારા પ્રયાસો એવા છે કે મીરા-ભાયંદર નગરપાલિકાના મેયર તરીકે કોઈ ઉત્તર ભારતીય આવે. આ વિધાનને શિવસેના (ઉબાઠા) અને મનસેએ ચગાવતાં કહ્યું છે કે ભાજપનો ઈરાદો મુંબઈમાં પણ આવું જ કરવાનો છે અને મરાઠી મતદારો અમારી તરફ વળી રહ્યા હોવાથી ઉત્તર ભારતીયોને અમારા વિરુદ્ધ ભડકાવવાનો આ કારસો છે. તો, મરાઠી ઉપરાંત મુસ્લિમ મતોને પોતાની તરફ ખેંચવા ઠાકરે બંધુઓ તત્પર છે. ઉદ્ધવ ઠાકરેએ તો કૉંગ્રેસ અને રાષ્ટ્રવાદી સાથે મહાવિકાસ આઘાડી રચી ત્યારથી જ આક્રમક હિન્દુત્વને તિલાંજલિ આપી દીધી છે. આનો લાભ શિવસેના (ઉબાઠા)ને વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓમાં મુસ્લિમ મતો મળવાથી થયો હતો. હવે, મહાયુતિ આ બાબતનો લાભ લેવા ચૂંટણીમાં હિન્દુત્વને મુદ્દો બનાવશે એવું તેમના સ્ટાર પ્રચારકોની યાદીમાં ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથનું નામ જોતાં જણાય છે. ૨૦૨૪ લોકસભા ચૂંટણી વખતે ભાજપે 'બટેગેં તો કટેગેં'ને ચૂંટણી પ્રચારનું શસ્ત્ર બનાવ્યું હતું. હવે ઉદ્ધવ-રાજ મરાઠી મતોના ધ્રુવીકરણ માટે આ જ વાક્યનો ઉપયોગ કરી રહ્યા હોવાનું જોવા મળે છે. મહારાષ્ટ્રના એકેય રાજકીય પક્ષના રાજકારણીઓ વિચારધારાની દુહાઈ આપી શકે એમ નથી, કેમ કે આખી જિંદગી જેને ગાળો આપી એવા પક્ષ અને નેતાઓ સાથે મળીને સરકાર રચવા ઉપરાંત ચૂંટણીઓમાં ગઠબંધન કર્યા છે. આથી, હમામમાં નિર્વસ્ત્ર એવા આ તમામ નેતાઓ હવે પોતાની વોટ બૅન્કને સુરક્ષિત કરવા ઊતરી આવ્યા છે અને આમાં મરાઠી-અમરાઠી તથા હિન્દુ-મુસ્લિમ જેવા મુદ્દા કેન્દ્રમાં આવી ગયા છે. દરેક પક્ષ પોતાની વોટ બૅન્કને એ ઠસાવવા માગે છે કે મારા સિવાય તમારું ભલું ઈચ્છનારું કોઈ નથી. મજાની વાત એ છે કે અનેક રાજકીય પક્ષો માટે તો આ ચૂંટણી અસ્તિત્વ અને ઓળખ ટકાવી રાખવાની લડત છે, પણ તેઓ લોકોને લડાવી મારવા સજ્જ થઈ રહ્યા છે. મરાઠી અસ્મિતા નહીં, પણ હિન્દુત્વને આગળ કરી મરાઠી મતો મેળવવાનો ભાજપનો આશય છે. આ બધા વચ્ચે ખરા મુદ્દાનો ખો નીકળી ગયો છે અને ભળતી જ બાબતો સાથે ખો-ખો રમાઈ રહ્યો છે.

**મહારાષ્ટ્રના એકેય રાજકીય પક્ષના રાજકારણીઓ વિચારધારાની દુહાઈ આપી શકે એમ નથી, કેમ કે આખી જિંદગી જેને ગાળો આપી**

## પેયજળ બન્યું જીવન-મરણના જંગ માટેનું કારણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અર્થતંત્રના સુધારા સાથે જનજીવન સુધારા ઉપર હંમેશાં ભાર મૂકે છે. સ્વચ્છ ભારત અને જળ-જીવન મિશન-અભિયાન અમલમાં છે. નલ સે જલ - પીવાનું પાણી દરેક ઘર સુધી પહોંચાડવાનું ધ્યેય છે, પણ ઈંદોરમાં સુધરાઈના અસ્વચ્છ - વિષાણુયુક્ત પાણીની મોટી દુર્ઘટના સમગ્ર દેશ માટે શરમજનક છે - એક કલંક છે! રાજધાની નવી દિલ્હીમાં હવામાનના પ્રદૂષણે હાહાકાર મચાવ્યો છે અને સૌનું ધ્યાન પર્યાવરણ ઉપર કેન્દ્રિત છે, પણ જનજીવન માટે હવા સાથે પાણી પણ અનિવાર્ય છે. જળ-જીવન છે છતાં જળ-મરણનું કારણ - નિમિત બની જાય તે આઘાતજનક છે. ભારતનાં શ્રેષ્ઠ - સ્વચ્છ શહેરનું બિરુદ વર્ષોથી ભોગવતા ઈંદોર જ નહીં સમસ્ત દેશ ઉપર આ આઘાત છે અને તે કુદરતનો કોપ નથી, માનવસર્જિત છે. અપરાધી બેદરકારી છે. પાણીની પાઈપલાઇન જૂની, તૂટેલી હોવા છતાં સુધરાઈએ દરકાર કરી નહીં. સ્થાનિક રહેવાસીઓ દુર્ગંધયુક્ત પાણીની ફરિયાદ બે મહિનાથી કરી રહ્યા હતા, પણ સત્તાધીશ સુધરાઈના સભ્યો અને કર્મચારીઓએ પરવા કરી નહીં. દરમ્યાન ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પણ દૂષિત પાણીકાંડ બહાર આવ્યો છે. પેયજળની પાઇપલાઇનમાં ગટરમિશ્રિત પાણી ભળી જતાં રોગચાળો ફાટી નીકળ્યો છે. ટાઇફોઇડ અને પેટની બીમારીના કેસ મોટાપાયે આવવા લાગતાં રાજ્ય સરકારે તાકીદની વ્યવસ્થા ગોઠવવી પડી છે. અનેક નાગરિકો બીમાર બનીને હોસ્પિટલમાં દાખલ થયા છે. ગુજરાતમાં ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર સામે જનઆરોગ્યને લઈને આ પહેલો મોટો પડકાર ઊભો થયો છે. ઈંદોર હોય, ગાંધીનગર હોય, દેશનાં બીજાં શહેરો હોય કે કચ્છના ભુજ, અંજાર, ગાંધીધામ જેવાં શહેર, પેયજળની શુદ્ધતા પ્રત્યે ઉત્તરદાયિત્વ બજાવાતું નથી. સરકાર યોજનાઓ કરે, નાણા ખર્ચાય, પણ જવાબદારી સાથે કામ નથી થતું એ મોટી સમસ્યા છે. ઈંદોરની વાત કરીએ તો કારણોની તપાસ કરવાની જરૂર નથી. કારણો સ્પષ્ટ છે. પાઈપલાઇનો બદલવાની જાહેરાત થઈ હોવા છતાં કોઈને ઉતાવળ કે ચિંતા નહોતી. માત્ર કર્મચારીઓ જ નહીં, ઉપરી અધિકારીઓ અને સુધરાઈના સભ્ય પણ જવાબદાર છે. જન-જીવન સાથે આ ખિલવાડ થયો છે તેથી તાત્કાલિક પાઇપલાઇનનું સમારકામ થાય અથવા બદલવામાં આવે અને જવાબદાર નેતાઓને પણ રુખસદ આપવામાં આવે - દાખલારૂપ સજા થાય તે જરૂરી છે. ઈંદોરની દુર્ઘટના પહેલાં - નવેમ્બર મહિનામાં જ ભોપાલ નજીકની વેલ્લોર ઇન્સ્ટિટયૂટ ઓફ ટેક્નોલોજીના પરિસરમાં પ્રદૂષિત પાણીની ફરિયાદ થઈ હતી. ઘણા વિદ્યાર્થીઓ કમળાનો ભોગ બન્યા ત્યારે હો-હા થઈ હતી, પણ સત્તાધીશોના કાને અવાજ પહોંચ્યો નહીં. ઈંદોરમાં ભાજપનું શાસન છે અને એવી વાત પણ બહાર આવી છે કે, સમાજવિરોધી તત્ત્વોએ પાઇપલાઇનની ભાંગફોડ કરી છે. તપાસમાં જો આ વાત સાબિત થાય તો તે વધુ ગંભીર છે.રાજકીય પક્ષોની સત્તાખોરીમાં જનતાના જીવ જોખમમાં મુકાય અથવા ગુમાવાય તે લોકતંત્ર નથી. ઈંદોરની દુર્ઘટના પછી મહાનગર મુંબઈ સહિત દેશનાં તમામ શહેરોએ સક્રિય બનવાની જરૂર છે. આ 'ચેતવણી' છે. મોદી સરકાર બ્રિટિશકાળના જૂના-પુરાણા કાયદા રદ કરે છે તેવી રીતે જૂની-પુરાણી પાઈપલાઈનો અને ગટરની પાઈપો પણ બદલવી જોઈએ. ફરિયાદ આવે અને રોગચાળો ફેલાય ત્યાં સુધી રાહ જોવાય નહીં. નેતાઓ સુધરાઈની સત્તા મેળવવા તલપાપડ છે, ત્યારે આ વિષય પણ ચૂંટણીની ચર્ચાનાં કેન્દ્રમાં આવવો જોઈએ.

**માદુરોએ કિલ્લા દેવા પ્રેસિડેન્ટ હાઉસમાં ખાસ સેફ રૂમ બનાવ્યો હતો કે જેની દીવાલો સ્ટીલની બનેલી છે**

# માદુરો અમેરિકાની જેલમાં, ઘરમાં ઘૂસી માર્યા આને કહેવાય

**કારાકાસ શહેરની લાઇટો બંધ કરી દેવામાં આવી હતી અને આખું ઓપરેશન અંધારામાં કરવામાં આવ્યું હતું.**

અમેરિકાએ અંતે રૂપસુંદરીના દેશ તરીકે જાણતા વેનેઝુએલા પર આક્રમણ કરી દીધું. અમેરિકા સામે શિંગડાં ભેરવીને બેઠેલા વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોને તેમનાં પત્ની સિલિયા ફ્લોરેસ સાથે અમેરિકાએ ઉઠાવી લીધા અને શનિવારે એટલે કે ૪ જાન્યુઆરીની મધ્યરાતે અમેરિકા લઈ જવાયા. અમેરિકાએ શનિવારે માદુરોની ધરપકડ કરી હોવાનું એલાન કર્યું ત્યારે વેનેઝુએલાની સરકારે આ વાતને ખોટી ગણાવીને પુરાવા માગેલા. અમેરિકાએ શનિવારે રાત્રે એ પુરાવા પણ આપી દીધા.પહેલાં અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર માદુરોની એક તસવીર પોસ્ટ કરી કે જેમાં ગ્રે રંગનો નાઈકી સ્વેટસૂટ પહેરેલા માદુરો બેઠા હતા. તેમના હાથમાં હાથકડી પહેરાવી હતી અને એક હાથમાં પાણીની એક બોટલ પકડી હતી. આંખો પર કાળી પટ્ટી બાંધેલી હતી જ્યારે કાનમાં હેડફોન લગાવેલા હતા. શનિવારે રાત્રે અમેરિકાએ બીજો પુરાવો પણ આપ્યો.ટ્રમ્પે માદુરોને કઈ રીતે ફિલ્મી સ્ટાઈલમાં ઝડપી લેવાયા તેની વિગતો પણ આપી છે. આ વિગતો પ્રમાણે, માદુરોએ કિલ્લા દેવા પ્રેસિડેન્ટ હાઉસમાં ખાસ સેફ રૂમ બનાવ્યો હતો કે જેની દીવાલો સ્ટીલની બનેલી છે. અમેરિકાના સૈનિકો પ્રેસિડેન્ટ હાઉસમાં ઘૂસ્યા પછી માદુરો આ રૂમમાં ઘૂસી જવાનો પ્રયત્ન કરી રહ્યા હતા પણ અમેરિકી સૈનિકોએ તક જ ના આપી. અમેરિકી સૈનિકો એ ઝડપે અંદર પહોંચ્યા કે માદુરો દરવાજો બંધ જ ન કરી શક્યા અને ઝડપાઈ ગયા.શનિવારે ન્યૂયોર્કના સ્ટુઅર્ટ એર નેશનલ ગાર્ડ બેઝ પર માદુરોને પ્લેનમાંથી ઉતારવામાં આવ્યા ત્યારે તેમનો ચહેરો ઢાંકેલો હતો પણ નીચે ઉતારીને તેમની તસવીરો લેવાની છૂટ અપાઈ. એ પછી માદુરો અને તેમની પત્નીને બેઝ પર બનેલા હેંગરમાં લઈ જવામાં આવ્યાં કે જ્યાં તેમની મેડિકલ તપાસ કરવામાં આવી.એ પછી માદુરોને ન્યૂયોર્ક સિટીના મેનહટન લઈ જવામાં આવ્યા અને માદુરો સામે ડ્રગ ટ્રાફિકિંગનો કેસ નોંધવામાં આવ્યો. તેને લગતી કાનૂની કાર્યવાહી પૂરી કર્યા પછી માદુરોને બ્રુકલિન લઈ જવાયા છે અને મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરમાં રખાયા છે. હવે આવતા અઠવાડિયે મેનહટનની ફેડરલ કોર્ટમાં માદુરો સામે ડ્રગ્સ અને હથિયારોની દાણચોરીનો કેસ ચલાવવામાં આવશે.માદુરોને અમેરિકા કેમ ઉઠાવી લાવ્યું એ વિશે ઝાઝું કહેવાની જરૂર નથી. દુનિયામાં ક્રુડ ઓઈલનો સૌથી મોટો ભંડાર વેનેઝુએલા પાસે છે. એક સમયે આ ભંડાર પર અમેરિકન કંપનીઓનો કબજો હતો પણ હ્યુગો શાવેઝ વેનેઝુએલાના પ્રમુખ બન્યા પછી તેમણે અમેરિકન કંપનીઓને તગેડી મૂકી હતી.શાવેઝે અમેરિકન કંપનીઓની સંપત્તિઓ જપ્ત કરી લીધી હોવાનો આક્ષેપ અમેરિકાએ મૂકેલો જ્યારે શાવેઝનું કહેવું હતું કે, કંપનીઓને વેનેઝુએલામાંથી ઉચાળા ભરવા માટે પૂરતું વતર આપી દેવાયું હતું. અમેરિકન કંપનીઓ આ દાવાને નકારીને કોર્ટમાં ગઈ છે ને તેનો કેસ ચાલે છે પણ વેનેઝુએ મચક નથી આપતું.શાવેઝ ૨૦૧૩માં ગુજરી ગયા પછી પ્રમુખ બનેલા નિકોલસ માદુરોને મનાવવા માટે અમેરિકાએ બહુ મથામણ કરી પણ માદુરો પણ શાવેઝની જેમ અમેરિકા સામે લડવાના મિજાજમાં જ હતા તેથી અમેરિકાની દાળ ના ગળી.અમેરિકાનો ડોળો ક્રૂડ ઓઈલના ભંડાર પર છે તેથી અલગ અલગ સ્કીમો દ્વારા અમેરિકાએ વેનેઝુએલામાં ઘૂસવાની કોશિશ કરી પણ એ પણ ના ફળી તેથી છેવટે વેનેઝુએલા અમેરિકામાં ડ્રગ્સ ઘૂસાડે છે, હથિયારો ઘૂસાડે છે અને અમેરિકન યુવાધનને બરબાદ કરે છે એવા આક્ષેપો શરૂ થયા. માદુરો સામે એ બદલ કેસ નોંધાયા ને છેવટે તેને ઉઠાવી લાવીને તેનું બોર્ડ પૂરું કરી દેવાયું.ટ્રમ્પે કહી દીધું જ છે કે, વેનેઝુએલાની સ્થિતિ સુધરે નહીં ત્યાં સુધી વેનેઝુએલાનો વહીવટ અમેરિકા જ ચલાવશે અને બીજા દેશો સાથે વેનેઝુએલા ક્રૂડ ઓઈલનો વ્યાપાર કરશે. મતલબ કે, અમેરિકાને મુખ્ય રસ ક્રૂડની કમાણીમાં જ છે. વેનેઝુએલાનો વહીવટ કરવા માટે ટ્રમ્પે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો બિયો, સંરક્ષણ મંત્રી પીટ હેગસેથ અને અન્ય ટોચના અધિકારીઓની એક ટીમ પણ બનાવી છે કે જે વેનેઝુએલાને કઈ રીતે ચૂસી લેવું તેની સ્કીમ અમલમાં મૂકશે.માદુરો અમેરિકાના કબજામાં છે તેથી હાલ પૂરતા છૂટે એવી શક્યતા નથી પણ અમેરિકાના પગ પકડી લે તો ભવિષ્યમાં છૂટી જાય એ શક્ય છે. અમેરિકા માદુરોને છોડી દે તો પણ તેમને ફરી વેનેઝુએલા જવા દે એવી શક્યતા નથી એ જોતાં તેમની બાકીની જિંદગી ગુમનામીમાં જ વિતશે.માદુરોને વેનેઝુએલામાં ઘૂસીને ઉઠાવી લાવીને અમેરિકાએ સાબિત કર્યું છે કે, આજે પણ દુનિયામાં દાદાની જેમ વર્તવાની તાકાત માત્ર અમેરિકામાં છે અને પોતાના સ્વાર્થની વાત આવે ત્યારે અમેરિકા કોઈની ચિંતા કે પરવા કર્યા વિના વર્તવામાં માને છે. ટ્રમ્પ વેનેઝુએલા પર હુમલાની વાત કરતા હતા ત્યારે રશિયા અને ચીન માદુરોની પડખે ઊભા રહેવાની કસમો ખાતાં હતાં.અમેરિકા હુમલો કરશે તો પોતે ચૂપ નહીં બેસે એવી ગર્ભિત ધમકી પણ બંનેએ આપી હતી પણ અમેરિકા બહુ પહેલાં જ આ ધમકીને ઘોળીને પી ગયું હતું. અમેરિકાના જોઈન્ટ ચીફ્સ ઑફ સ્ટાફના પ્રમુખ જનરલ ડેન કેને આપેલી માહિતી પરથી સ્પષ્ટ છે કે, અમેરિકાએ બહુ પહેલાં જ માદુરોને ઠેકાણે પાડવાનું નક્કી કરી નાંખેલું.જનરલ ડેન કેને આપેલી માહિતી પ્રમાણે, અમેરિકન આર્મી અને ગુપ્તચરો મહિનાઓથી માદુરો પર નજર રાખીને બેઠાં હતાં. માદુરો શું ખાય છે, કોને મળે છે, કેટલા વાગ્યે શું કરે છે, ક્યા સમયે ક્યાં રહે છે, માદુરો પાસે ક્યાં ક્યાં પાલતુ પ્રાણીઓ છે સહિતની માહિતી લાંબા સમય પહેલાં મેળવી લેવાઈ હતી. એ પછી માદુરોના ઘર જેવું નકલી ભવન બનાવીને કમાન્ડોને ટ્રેનિંગ શરૂ કરાઈ હતી અને મહિનાઓ સુધી માદુરોને ઉઠાવી લેવા માટેના ઓપરેશનનું રિહર્સલ કરવામાં આવ્યું હતું.

માદુરોએ ગોઠવેલી સિક્યુરિટી સિસ્ટમ બંધ કરી દેવા માટે કારાકાસ શહેરની લાઈટો બંધ કરી દેવામાં આવી હતી અને આખું ઑપરેશન અંધારામાં કરવામાં આવ્યું હતું. અમેરિકી સૈનિકોએ પહેલાં ધડાકા કર્યા તેથી વેનેઝુએલાની આર્મીનું ધ્યાન એ તરફ ગયું. તેનો લાભ લઈને અમેરિકાના સૈનિકો પ્રેસિડેન્ટ હાઉસમાં ઘૂસી ગયા અને ૩૦ મિનિટમાં ખેલ ખતમ કરીને માદુરોને ઉઠાવીને પાછા પણ આવી ગયા.અમેરિકાની દાદાગીરી જોયા પછી એક સવાલ થાય છે કે, ભારત આ પ્રકારનું ઓપરેશન કરી શકે? ભારતમાં આતંકવાદ ફેલાવનારા દાઉદ ઈબ્રાહીમથી માંડીને હફીઝ સઈદ સુધીના આતંકવાદીઓ પાકિસ્તાનમાં રહે છે પણ આપણે તેમનો વાળ પણ વાંકો કરી શકતા નથી.

નવું ભારત હવે ઘરમાં ઘૂસીને મારે છે એવા ફડાકા થાય છે પણ આતંકવાદી આકાઓ તો સલામત જ છે ત્યારે આપણે ઘરમાં ઘૂસીને કોને મારીએ છીએ એ જ ખબર નથી પડતી. અમેરિકાએ વેનેઝુએલાના ઓપરેશન દ્વારા ઘરમાં ઘૂસીને મારવું કોને કહેવાય એ બતાવી આપ્યું છે ત્યારે આપણે પણ આવું એકાદ ઓપરેશન તો કરવું જ જોઈએ.

**નક્સલવાદ અને ઘૂસણખોરીનો અંત લાવવાની ઘોષણા નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્રીય ગૃહપ્રધાન અમિતભાઈ શાહે કરી છે,**

# ૨૦૨૬ વિજયનું વર્ષ

- ભારતમાંથી બાંગલાદેશી ઘૂસણખોરોની હકાલપટ્ટી અને માઓવાદી - નક્સલવાદીઓની બગાવત ખતમ કરવા માટે સરકાર દૃઢનિશ્ચયી છે. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિતભાઈ શાહે સમયબદ્ધ ઘોષણા કરી છે.

જે લોકો ભૂતકાળ ભૂલે નહીં અને વાગોળ્યા કરે તો ભવિષ્ય ઘડી શકે નહીં, ઉજ્જવળ બનાવી શકે નહીં આ સનાતન સત્ય છે, નિયમ છે. આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સામે જોઈને ભવિષ્યનિર્માણ કરવામાં માને છે. અલબત્ત, ભૂતકાળ ભૂલ્યા નથી, પણ રાષ્ટ્રના અનુભવથી ભવિષ્ય સુધારી રહ્યા છે. ઈશુનું નવું વર્ષ ૨૦૨૬ ભારત માટે સલામતી અને વિકાસનું બની રહે એવી આશા - વિશ્વાસ સાથે શરૂ થાય છે. આંતરરાષ્ટ્રીય તખતા ઉપર ડામાડોળ સ્થિતિ છે. સંજોગ અને સંબંધ બદલાઈ રહ્યા છે. આપણા પાડોશી દેશોમાં પણ અરાજકતા અને અશાંતિ છે, ત્યારે ભારત આ સ્થિતિમાં સલામત અને વિકાસશીલ છે. ભારતનું અર્થતંત્ર સાબૂત છે. વડાપ્રધાન મોદીએ સુધારાની ગાડી વધુ ગતિશીલ બનાવવાની ઘોષણા કરી છે. અર્થતંત્ર મજબૂત અને ભારતની સેના સશક્ત - સાવધાન હોવાથી આપણો આત્મવિશ્વાસ વધે છે અને આત્મનિર્ભર ભારતનું નિર્માણ ઝડપી બની રહ્યું છે. વિદેશી આર્થિક - વ્યાપારી પડકાર અને પાડોશી દેશની ધમકીઓમાં - સ્વદેશી વિપક્ષો સૂર પૂરાવી રહ્યા છે, પણ જનતા મોદીને સમર્થન વધારી રહી છે. નક્સલવાદ અને ઘૂસણખોરીનો અંત લાવવાની ઘોષણા નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્રીય ગૃહપ્રધાન અમિતભાઈ શાહે કરી છે, તે સિદ્ધ થતાં આર્થિક વિકાસ હરણફાળ ભરશે એવો વિશ્વાસ આપણને પણ છે. ઈશુનાં વીતેલાં વર્ષની સમસ્યાઓ અને પડકારોનો સફળ પ્રતિકાર કરીને આગળ વધી રહ્યા છે. સૌથી મોટો પડકાર અમેરિકાએ ટેરિફ રેટ - ભારતથી આયાત થતા માલ ઉપર ૫૦ ટકા જકાત નાખીને વ્યાપારયુદ્ધ શરૂ કર્યું તે છે. આ જકાતવધારામાં અર્થકારણથી વધુ ભૌગોલિક 'રાજકારણ' છે. રશિયાથી ક્રૂડ ઓઈલની આયાત આપણા માટે અનિવાર્ય છે, પણ રશિયાને 'પાઠ' ભણાવવા ભારતને 'સજા' કરી! આપણે ઠંડાં દિમાગથી આફતને અવસરમાં પલટી નાખવાની શરૂઆત કરી. યુરોપિયન યુનિયન સાથે અને અન્ય દેશો સાથે દ્વિપક્ષી વ્યાપાર કરાર શરૂ કર્યા. આપણા નિકાસ વ્યાપાર માટે નવી દિશાઓ ખૂલી. સૌથી મોટો લાભ આપણાં અર્થતંત્રને મળી રહ્યો છે. ભારતે વિશ્વ અર્થતંત્રમાં ત્રીજું મહત્ત્વનું સ્થાન મેળવ્યું છે અને જાપાનથી આગળ નીકળ્યું છે! આ દરમિયાન વડાપ્રધાને આર્થિક સુધારાની ગાડી રિફોર્મ એક્સપ્રેસ-ની ગતિ વધારી છે. નિયંત્રિત અર્થતંત્ર હવે મુક્ત બની રહ્યું છે તેનો અર્થ 'નિરંકુશ' નથી, આઉટ ઓફ કન્ટ્રોલ નથી. ડિકન્ટ્રોલ નથી, પણ જૂના - પુરાણા કાયદા રદ થાય છે અને વ્યાપાર - ઉદ્યોગ સાથે સહયોગ સરળ બનાવાય છે. અણુશક્તિનું ક્ષેત્ર વિદેશી ખાનગી કંપનીઓ માટે ખોલવામાં આવ્યું છે. ઉચ્ચ શિક્ષણ અને વીમા - ઈન્સ્યોરન્સમાં પણ આવકાર્ય છે. જીએસટીમાં સુધારા થયા છે અને સતત સમીક્ષા થઈ રહી છે. કામદાર ધારાઓમાં સુધારાનો તખતો તૈયાર થયો છે. ઉદ્યોગપતિઓ અને કર્મચારીઓ વચ્ચે સમતુલા જાળવવાની ખાતરી અપાઈ છે. આ મહત્ત્વના સુધારાઓનાં પરિણામે વિદેશી મૂડીરોકાણ વધવા પામશે અને રોજગાર પણ વધશે. વિશ્વમાં બદલાતા સંજોગો અને સંબંધને અનુરૂપ થવા માટે અર્થતંત્ર મુખ્ય છે અને સમૃદ્ધ - આત્મનિર્ભર ભારતનાં નિર્માણ માટે આર્થિક સુધારા પણ અનિવાર્ય છે. વિશ્વની આ સ્થિતિ અને બદલાતા રાજદ્વારી સંબંધમાં ભારતે સ્વદેશનાં સલામતી અને સન્માન જાળવ્યાં છે. રાજદ્વારી સમતુલા પણ જાળવી છે. આપણા પાડોશી દેશ - નેપાળ અને બાંગલાદેશમાં સરકારો સત્તાભ્રષ્ટ થયા પછી હિંસાચાર વધ્યો છે. અનિશ્ચિતતાનો અંત ૨૦૨૬માં આવશે એવી આશા રાખીએ, પણ બાંગલાદેશમાં હિન્દુવિરોધી પ્રચાર કરાવ્યા પછી પાકિસ્તાન ઈતિહાસ બદલવા માગે છે. હવે આગામી ફેબ્રુઆરીમાં ચૂંટણી પાર પડે અને અનિશ્ચિતતા દૂર થાય એવી આશા રાખીએ. વ્યાપારયુદ્ધ, સાથે આપણે સરહદ ઉપર સજ્જ રહેવું જોઈએ અને સજ્જ તથા સાવધાન છીએ. પાકિસ્તાનને 'ઓપરેશન સિંદૂર'થી યોગ્ય સજા કરવામાં આવી છે, પણ પાકિસ્તાની 'ફિલ્ડ માર્શલ' મુનીર ભારત ઉપર આક્રમણ કરીને બદલો લેવા માગે છે. ત્યાંની આંતરિક સ્થિતિ ઊકળી રહી છે. અફઘાનિસ્તાન, બલૂચિસ્તાન દુશ્મન બન્યાં છે, તેથી લોકોનું ધ્યાન ભારત ભણી ખેંચવા માટે આતંકી હુમલા વધારે એવી શક્યતા છે. પાકિસ્તાને બાંગલાદેશમાં ઈસ્લામનાં નામે ભારતવિરોધી ઉશ્કેરણી કરી છે. હવે આ વર્ષે બાંગલાદેશ અને નેપાળમાં પણ ચૂંટણી થનારી છે. નવી સરકારો આવે તે પછી રાજદ્વારી સંબંધ સુધરી શકશે એમ મનાય છે. આપણાં આંતરિક રાજકારણમાં વિપક્ષો સતત પરાજય પછી વધુ બેજવાબદાર અને બેબાકળા બન્યા છે. બિહારની ચૂંટણીમાં 'વોટ ચોરી'ના હવાયેલા ફટાકડા ફોડયા પછી અને સંવિધાન બચાવો-ની કાગારોળ મચાવ્યા પછી નિરાશા મળી છે. હવે ફરીથી ઓપરેશન સિંદૂર અને યુદ્ધવિરામનો વિવાદ છેડવાના પ્રયાસ થઈ રહ્યા છે. ટ્રમ્પ પછી ચીનના વિદેશપ્રધાને પણ દાવો કર્યો છે કે યુદ્ધવિરામ અમે - (ચીને) કરાવ્યો છે! ભારતે ચોખ્ખો રદિયો આપવા છતાં પાકિસ્તાનમાં લોકપ્રિય બનવા માટે ચીને 'માથું' માર્યું છે! તે સમજી શકાય, પણ આપણા સ્વદેશી - કોંગ્રેસી નેતાઓ ચીનના દાવા સાંભળીને ખુશીથી નાચી ઊઠયા છે! હજુ મોદીનો ખુલાસો માગે છે! વિદેશી અને સ્વદેશી પડકારો - દબાણ વચ્ચે મોદી મક્કમ છે અને જનતાનું સમર્થન છે. હવે ચાર રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે. આ પહેલાં મહારાષ્ટ્રમાં સ્થાનિક પંચાયતો વગેરેમાં ભાજપનો ઝંડો ફરકાવ્યા પછી મુંબઈ સુધરાઈની ચૂંટણી ઉપર સૌની નજર છે. વર્ષ ૨૦૨૫માં દિલ્હી અને બિહાર વિધાનસભાની ચૂંટણી જીત્યા પછી વર્ષ ૨૦૨૬ ચૂંટણીનું વર્ષ છે. એપ્રિલ અને મે મહિના દરમિયાન ચાર રાજ્ય - તામિલનાડુ, કેરળ, પશ્ચિમ બંગાળ અને આસામમાં વિધાનસભાની ચૂંટણી છે. આ ચાર રાજ્યમાં માત્ર એક - આસામમાં અત્યારે ભાજપનું શાસન છે. મહારાષ્ટ્રમાં સ્થાનિક સંસ્થાઓ અને મુંબઈ સુધરાઈની ચૂંટણી ઉપર સૌની નજર કેન્દ્રિત થઈ છે. મહારાષ્ટ્રભરમાં ભાજપનો ઝંડો ફરક્યા પછી હવે મુંબઈ ઉપર ઘણો આધાર છે. મહારાષ્ટ્રમાં વિપક્ષી ઈન્ડિ મોરચો વેરવિખેર છે અને રાષ્ટ્રીય કક્ષાએ રાહુલ ગાંધીની નેતાગીરીની નિષ્ફળતાની ચર્ચા છે. સંસદમાં એનડીએ સરકાર સલામત છે. હવે રાજ્યસભામાં ૭૨ બેઠક ખાલી થઈ રહી છે, તેની ચૂંટણી થાય, પણ ભાજપની સભ્યસંખ્યા ૧૦૩ છે, તેમાં વધારો થશે.

**ઘાવનું ઓસડ કહેવાય, સાલ બદલે, વર્ષ કરવટ લે એટલે ભૂલાઈ જવાનું, એ સાચું, પણ ધરતીકંપની વિભીષિકા કોઈ ભૂલી શકે એમ નથી.**

# પચ્ચીસ વર્ષ પહેલાંની એ ગોઝારી સવાર

- ખુમારીવાળો કચ્છી કદી હાર નહીં માને... આફતોને ઉન્નતિનો રસ્તો બનાવીને આગળ વધશે. થોડા સમય પહેલાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને કચ્છમિત્ર ટીમ મળી, ત્યારે તેમણે કચ્છ અને કચ્છીઓની જિજીવિષાની વાત કરી.

'૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ની એ સવારને યાદ કરતાં જ શરીરમાં લખલખું પસાર થઈ જાય છે... રતનાલમાં મકાનોને પત્તાના મહેલની જેમ પડતાં જોયાં... લોકોની મરણચીસો, ગભરાટ-નાસભાગ, કંઈ સમજાય એ પહેલાં તો ધરતી એક-દોઢ ફૂટ ઊછળવા લાગી.' નજરે જોયેલું દશ્ય વર્ણવતા ત્રિકમભાઈ છાંગા કહે છે... આવી હોનારત ઈશ્વર કદી કોઈને ન આપે... ત્રિકમભાઈ એટલે ગુજરાત સરકારના મંત્રી. ગાંધીનગરમાં તેમની ચેમ્બરમાં ધરતીકંપની વાત નીકળી... અનુભવ વર્ણવતાં કહ્યું, એ સમયે ઊભા ન રહી શકાય એવી સ્થિતિ... હાઈવે પર ચાલતી કાર ડગમગવા લાગી હતી. રતનાલમાં ૧૪૦થી વધુ મૃત્યુ નોંધાયાં, તેમાં મોટાભાગના બહેનો અને બાળકો... સવારના સમયે પુરુષ વર્ગ ઘર બહાર મહદ્અંશે નીકળી ગયો હોય, પણ મહિલા ને બાળકો ઘરમાં જ હોય. રતનાલ જેવી સ્ટોરી કચ્છના એક-એક ગામ અને શહેરની છે. સમય દરેક

ઘાવનું ઓસડ કહેવાય, સાલ બદલે, વર્ષ કરવટ લે એટલે ભૂલાઈ જવાનું, એ સાચું, પણ ધરતીકંપની વિભીષિકા કોઈ ભૂલી શકે એમ નથી. કચ્છમાં તો કોઈએ ભૂલવી જ ન જોઈએ. આગામી ૨૬મી જાન્યુઆરીએ કચ્છ અર્થક્વેકને ૨૫ વર્ષ પૂરાં થાય છે. ભુજિયાનાં સ્મૃતિવનમાં અર્થક્વેક મ્યુઝિયમમાં ભૂકંપનો વૈજ્ઞાનિક ઢબે અનુભવ કરાવાય છે. જેમણે સ્વજનો ગુમાવ્યા છે, ઘરનો આધાર ખોયો છે એમના માટે તો દરેક ક્ષણની ધ્રુજારી ભયાવહ જ છે. વર્ષો પછી આફ્ટરશોક આવે ત્યારે પણ તેમનાં મનમાં ગોઝારો ભૂવિસ્ફોટ જ તાદશ્ય થાય. કચ્છ તો સદીઓથી કાળની કપરી પરિસ્થિતિમાંથી પસાર થતું રહ્યું છે. કુદરતે દુષ્કાળ, અતિવૃષ્ટિ, વાવાઝોડાં, ધરતીકંપ, એક પછી એક કસોટી મોકલી છે. કચ્છી માડુઓ હિંમતથી તેનો સામનો કરતા આવ્યા છે. કચ્છીઓના ખંત અને ખમીરની ચોમેર નોંધ લેવાઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વારંવાર કહેતા આવ્યા છે, ખુમારીવાળો કચ્છી કદી હાર નહીં માને... આફતોને ઉન્નતિનો રસ્તો બનાવીને આગળ વધશે. થોડા સમય પહેલાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને કચ્છમિત્ર ટીમ મળી, ત્યારે તેમણે કચ્છ અને કચ્છીઓની જિજીવિષાની વાત કરી. તેમના કહેવા મુજબ કચ્છીઓ પ્રબળ જિજીવિષા ધરાવે એટલે જ રાખમાંથી બેઠા થવાની તેમની આદત છે. વાતે ખરી છે. કચ્છીઓના જિન્સમાં જ એવું કોઈ તત્ત્વ છે, જેણે આજીવન લડવૈયો બનાવ્યો છે. ભૂકંપમાં અપાર વિનાશ જોયો. હજારો લોકોને કાટમાળમાં દબાતા જોયા... સ્મશાનમાં નિરંતર ચિત્તા ભડભડ સળગતી રહી... આંખોમાં આંસુ આવ્યાં... આંસુ રોકી ન શકાય... કચ્છીઓના અશ્રુ જાણે તાકાત બન્યા... પણ તેમની છાતીમાં સંઘર્ષ કરીને દુનિયા ફરી આબાદ બનાવવાનું આત્મબળ પ્રગટતું રહ્યું... કાળમૂખો ભૂકંપ ફરી કદીએ ન આવે એવી ઈશ્વરને પ્રાર્થના કરવાની સાથે કચ્છના ભૂસ્તરની પરિસ્થિતિ જોતાં એમ પણ કહેવું પડે કે, આવી હિંમત-દઢ મનોબળની ભવિષ્યમાં જરૂર પડવાની-ભૂસ્તર શાત્રીઓની આ ચેતવણીની અવગણના કોઈ ન કરજો. કચ્છનો ધરતીકંપ તવારીખી ઘટના બની ગઈ... કુદરતની વિનાશલીલા જોઈ... બહુમજલા ઈમારતો, મંદિરો, જૂનાં-નવાં ઘર તૂટયાં, હજારો જિંદગી દટાઈ ગઈ... હજારો ઘાયલ થયા... ત્વરિત બચાવ-રાહત કામગીરી, દુનિયાભરમાંથી આવેલી સહાય, સરકારની ઉદારનીતિઓ, દેશ-દુનિયાનાં પ્રચાર માધ્યમોની સહાનુભૂતિ, એક હતું ભુજ... અને કચ્છમે ભૂકંપ સે લાખો લોગોંકી મોત જેવાં કેન્દ્રીયમંત્રીનાં નિવેદન, કેટલાય ડોક્ટરોની બહાદુરીભરી સમર્પિત કામગીરી, અણીના સમયે અનેક લોકોનો પલાયનવાદ, કચ્છમાં હવે રહેવા જેવું નથી એવી વ્યાપક રીતે ફેલાયેલી વાત, કચ્છ દરિયામાં સમાઈ જશે એવી ચેતવણી, સરસ્વતીનાં પાણી ધરતીમાંથી ફરી પ્રગટયાની ધારણા... લોન-સહાય પેકેજ, બાંધકામ સામગ્રી સહાય, ૬૦-૪૦ યોજનાનો ભ્રષ્ટાચાર, કાટમાળ કૌભાંડ... પોતાનું નુકસાન નિવારવા ટાઉન પ્લાનિંગમાં ઊભી કરાયેલી આડખીલી... અસંખ્ય ઘટનાઓની સ્લાઈડ આંખો સામેથી પસાર થઈ જાય છે. ધરતીકંપે માનવતા-માણસાઈનો દરિયો ઊમટતો જોયો, તો નિષ્ઠુરતા-સ્વાર્થપણુંએ અનુભવ્યું... ભુજ-અંજાર, ભચાઉ શહેરમાં દિવસો સુધી કાટમાળના મલબામાં માનવદેહ દબાયેલા હતા ને નઠારા તત્ત્વો ચોરી કરવા ઊતરી પડયા હતા. ભૂકંપે કચ્છને-કચ્છીઓને ઘણું શીખવ્યું. આ જિલ્લાએ ધીરજ સાથે બધું સહ્યું છે. આજે દેખાતો વિકાસ કદાચ એ ધીરજનો બદલો છે... અહીં પણ ચેતી જવા જેવું છે, વિકાસની ભરતીમાં કચ્છનું નૈસર્ગિકપણું-ઓરિજિનાલિટી તણાઈ ન જાય તેની તકેદારી રાખવી પડશે. કચ્છ તો જ અડીખમ રહેશે જો તેની વિશિષ્ટતા-સંસ્કૃતિ-ગ્રામીણ પહેરવેશ જળવાયેલો રહેશે.







# ૨૦૨૬માં મોટા પડદે નવી જોડીઓની બોલબાલા રહેશે

હવે ૨૦૨૬માં પ્રવેશ સાથે નવી ફિલ્મો પણ નવી વાર્તા સાથે નવી જોડીઓ સાથે બની રહી છે. આ વર્ષે ફિલ્મોમાં કેટલીક એવી નવી જોડીઓ આવી રહી છે, તેનાથી ફિલ્મોમાં નવી વાર્તાઓ સાથે પડદા પર પણ કશુંક નવું જોવા મળશે. આ જોડીઓ એવી છે, જે પહેલી વખત સાથે જોવા મળશે અને તેમને કેટલી સફળતા મળશે, તે જોવાનું રહ્યું.

**કાર્તિક આર્યન – શ્રીલીલા**

કાર્તિક આર્યન અનુરાગ બાસુની લવસ્ટોરી ફિલ્મમાં શ્રીલીલા સાથે કામ કરી રહ્યો છે. આ ફિલ્મથી શ્રીલીલા બોલિવૂડમાં ડેબ્યુ કરી રહી છે. તેમણે જ્યારથી શૂટિંગ શરૂ કર્યું ત્યારથી તેઓ ઘણી વખત સાથે દેખાયા છે, તેથી તેમની વચ્ચેની કેમેસ્ટ્રી અને રોમેન્સની અફવાઓ પણ લાંબા સમયથી ચાલી રહી છે. આ ફિલ્મ ૨૦૨૫માં રિલીઝ થઈ જવાની હતી પરંતુ એક વર્ષ મોડી થઈ ગઈ છે. હજુ સુધી આ ફિલ્મની રિલીઝ ડેટ જાહેર થઈ નથી.

**વેદાંગ રૈના -શર્વરી વાઘ**

આ બંને કલાકારો એવા છે, જેની છેલ્લા એક બે વર્ષનાં સફળ ડેબ્યુટન્ટ્સમાં ગણતરી થતી હતી. શર્વરીની મુંજ્યા ઘણી સફળ રહી હતી અન તેની મહારાજ પણ ઘણી ચર્ચામાં રહી હતી. હવે તે અને વેદાંગ રૈના ઈમ્તિઆઝ અલીની ફિલ્મમાં કામ કરી રહ્યા છે. આ ફિલ્મનું શૂટિંગ પંજાબમાં શરૂ થઈ ચૂક્યું છે. આ બંનેએ અમૃતસર સુવર્ણમંદીરથી તસવીરો પણ શેર કરી હતી. તેઓ ફિલ્મના શૂટ પહેલાં ગુરુદ્વારાના દર્શને પહોંચ્યાં હતાં.

**રણબીર કપૂર – સાઈ પલ્લવી**

સાઉથની મોટી સ્ટાર ગણાતી સાઈ પલ્લવી નિતિશ તિવારીની રામાયણથી રણબીર કપૂર સાથે બોલિવૂડમાં ડેબ્યુ કરી રહી છે. નિતિશ તિવારીની આ મહાકાય ફિલ્મ રામાયણમાં તે સીતાનો રોલ કરી રહી છે. થોડાં વખત પહેલાં ફિલ્મના સેટ પરથી કેટલીક તસવીરો લીક થઈને વાયરલ થઈ હતી. જેમાં રણબીર અને સાઈને જોઈને દર્શકોની ઉત્સુકતા વધી છે. તે બંને તેમની પેઢીના સારા કલાકારો ગણાય છે, તેઓ બંને એકસાથે કેવી ફિલ્મ લઈને આવે છે, તે દિવાળી પર ખબર પડશે.

**સિદ્ધાંત ચતુર્વેદી – મૃણાલ ઠાકુર**

આ બંને મજબુત કલાકારો છે, સિદ્ધાંત ચતુર્વેદી અને મૃણાલ ઠાકુર સંજય લીલા ભણસાલીની રોમેન્ટિક દુનિયામાં કામ કરી રહ્યા છે. તેમની ફિલ્મ દો દિવાને શહેર મેં આવી રહી છે. આ ફિલ્મનો ફર્સ્ટ લૂક જાહેર થઈ ચુક્યો છે, જેમાં તેમની કેમેસ્ટ્રી સારી દેખાય છે. તેમની લવસ્ટોરી અને રોમાન્સ જ ફિલ્મની સૌથી મહત્વની વાત છે. તે બંને પણ ભણસાલી પ્રોડક્શનની ફિલ્મ કરીને ઉત્સુક છે.

**અક્ષય કુમાર અને વામિકા ગબ્બી/ રાની મુખર્જી**

અક્ષય કુમારની હોરર કોમેડી ફિલ્મ ભૂતબંગલાની ઘણી ચર્ચા છે, પ્રિયદર્શનની આ ફિલ્મની લાંબા સમયથી રાહ જોવાઈ રહી છે. લાંબા સમય પછી આ ફિલ્મ માટે અક્ષય કુમાર અને પ્રિયદર્શને ફરી એક વખત સાથે કામ કર્યું છે. આ ફિલ્મમાં અક્ષય કુમાર સાથે વામિકા ગબ્બીની જોડી છે. આ પહેલાં ભુલચૂક માફમાં વામિકાનું કોમિક ટાઈમિંગ જોવા મળ્યું છે. હવે પ્રિયદર્શન અને અક્ષયની કોમેડી દુનિયામાં તે કેવું કામ કરે છે, તે જોવાનું છે. આ સિવાય અક્ષય રાની મુખર્જી સાથે પણ ૨૦૨૬માં ઓએમજી ૩માં કામ શરૂ કરવાનો છે, તેની સાથે પણ તે પહેલી વખત કામ કરી રહ્યો છે.

**શાહિદ કપૂર – તૃપ્તિ ડિમરી**

શાહિદ કપૂર અને તૃપ્તિ ડિમરી વિશાલ ભારદ્વાજની ફિલ્મ ઓ રોમિયોમાં સાથે કામ કરી રહ્યાં છે. શાહિદ આ પહેલાં પણ વિશાલ ભારદ્વાજ સાથે સફળ ફિલ્મો આપી ચુક્યો છે. ત્યારે તૃપ્તિ સાથે તેની જોડી આ ફિલ્મમાં મોટા પડદે કેટલી અસર કરી શકે છે, તે જોવાનું છે.

**આયુષ્યમાન ખુરાના – સારા અલી ખાન**

આયુષ્યમાન ખુરાના આ વર્ષે સૌથી વ્યસ્ત રહેવાનો છે, તે સુરજ બરજાત્યાનો પ્રેમ બનવાની સાથે પતિ પત્ની ઓર વો દોમાં કામ કરી રહ્યો છે. જેમાં તે રકુલપ્રીત સાથે ફરી જોડી જમાવવાની

સાથે તેમાં સારા અલી ખાન પણ જોડાઈ છે. આયુષ્યમાને આ પહેલાં નાના શહેરની વાર્તાઓ અને કોમેડી ફિલ્મમાં કામ કર્યું છે અને સારા પણ ઝરા હટકે ઢરા બચકે જેવી ફિલ્મમાં કોમેડી રોલ કરી ચુકી છે. ત્યારે આ બંને પડદા પર કેવો જાદુ રચે છે, તે જોવામાં દર્શકોને પણ મજા આવશે.

**સિદ્ધાર્થ મલ્હોત્રા – તમન્ના ભાટીયા**

સિદ્ધાર્થ અને તમન્નાની જોડી ઘણી અનોખી છે. તેઓ બંને પહેલી વખત એકબીજા સાથે વીવન - ફોર્સ ઓફ ધ ફોરેસ્ટમાં કામ કરી રહ્યા છે. આ એક માઈથોલોજિકલ ફોક થ્રિલર ફિલ્મ છે, આ એક નવા જોનરની ફિલ્મ છે, તેમાં આ જોડીને જોવી પણ દર્શકો માટે એક નવા અનુભવની વાત હશે.

# જિંદગી મને ગમે ત્યાં ફેંકે, હું જીવી જાણીશ : રશ્મિકા મંદાના

## રશ્મિકાએ ફરી એક વખત ઇન્ટરવ્યુમાં લગ્નની વાતને હસી કાઢી




રશ્મિકા મંદાના શાંતિથી પોતાનું કામ કરી જાણવાનું જાણે છે, આ વર્ષે તેની ચાર હિન્દી ફિલ્મ અને બે સાઉથ ઈન્ડિયન ફિલ્મ રિલીઝ થઈ છે. તેની ૯ વર્ષની કેરિઅરમાં રશ્મિકાએ ૨૬ ફિલ્મોમાં કામ કર્યું છે. ત્યારે નવા વર્ષે આપેલાં એક ઈન્ટરવ્યુમાં રશ્મિકાએ તેની કેરિઅર, પરિવાર, ટ્રોલિંગ અને માનસિક શાંતિને પ્રાથમિકતા આપવાની વાત કરી છે. રશ્મિકા પોતાને એક ઈન્ટ્રોવર્ટ વ્યક્તિ માને છે, તેણે જણાવ્યું, "તમે મને નેશનલ અને ઈન્ટરનેશનલ ઈવેન્ટમાં ભલે જોતાં હોય પણ હું ઈન્ટ્રોવર્ટ છું. જાહેરમાં હું સાચવી લઉં છું અને લોકોને લાગે છે કે હું એક્ટ્રોવર્ટ છું, પણ એવું નથી. એક વખત મારું કામ થઈ જાય પછી ભાગ્યે જ હું બહાર નીકળું છું. મને મારી નજીકના લોકો સાથે ઘરમાં જ રહેવું ગમે છે."નેશનલ ક્રશના ટેગ અંગે રશ્મિકા કહે છે, "મને ખબર પણ નથી આવું લેબલ મને કેમ લાગ્યું, મને મારા દર્શકોનો અઢળક પ્રેમ મળ્યો છે અને આવા લેબલ એમના પ્રેમથી મળતાં હોય તો હું તેને આભાર સાથે સ્વીકારી લઉં છું. મને આશ્ચર્ય પણ થાય છે કે એમના મનમાં મારા માટે કેટલી બધી હુંફ છે. પણ તેનાથી હું એક ચોક્કસ ચોકઠાંમાં બંધાતી નથી. સોશિયલ મીડિયાને કારણે એમને કાદચ એવું લાગે કે એ લોકો મને ઓળખી ગયાં છે, તો એ લોકો મને ૫૦ ચકા પણ નથી ઓળખતાં. એવું ઘણું છે, જે હું મારા સુધી જ રાખું છું, કોઈ લેબલ મારી આસપાસ કોઈ દિવાલ બનાવી શકતું નથી કે મને ટાઈપકાસ્ટ કરી શકતું નથી. તેઓ પોતાની જાતને મારી સાથે જોડી શકે છે, કારણ કે કદાચ હું મારી ખામીઓ જાહેર કરવામાં પણ સંકોચ રાખતી નથી. હું મારી લાઈફને પર્ફેક્ટ બતાવવાનો કોઈ પ્રયત્ન કરતી નથી. હું જેવી છું એવી જ છું. તેથી પેપ્સ સામે ફોટો આપવામાં પણ મને ક્યારેય વાંધો હોતો નથી. કોઈ તમારી સાથે મજાક કરે કે એક સેલ્ફી લેવા આવે તો એમાં તમારે કશું ગમાવાનું નથી."જ્યારે પોતાની સફળતા અને પરિવાર વિશે રશ્મિકાએ કહ્યું, "હું કરુણામાં માનું છું. મેં ક્યારેય સફળતાની જીતની ઉજવણી કરી નથી, હું તો એ પણ નથી જાણતી કે હું સફળ છું કે નહીં. મારા માટે માત્ર મારો પરિવાર અને મારા નજીકનાં લોકો જ મહત્વનાં છે. હું મરણપથારીએ હોઈશ ત્યારે એ લોકો જ મારી આસપાસ હશે. બાકી સફળતા મારી એકલીની નથી, આ મારી ટીમના પ્રયત્ન છે અને મને એમના પર ખુબ ગર્વ છે."રશ્મિકા પોતાને એક સર્વાઈવર ગણાવે છે. તેણે પૅન ઈન્ડિયા ફિલ્મમાં કામ કરવા અને પ્રયોગ કરવા વિશે જણાવ્યું, "હું કોઈ પણ સ્થિતિમાં ટકી શકું છું. હોસ્ટેલમાં રહીને હું દરેક પરિસ્થિતિમાં જીવી લેતાં શીખી છું. પછી તે સ્કૂલ હોય, કામ હોય કે કંઈ પણ હું હંમેશા મારો રસ્તો કરી લઉં છું. મને કોઈ પણ પરિસ્થિતિમાં ફેંકો અને હું એમાંથી મારો રસ્તો કરી લઈશ. હું એવી જ છું,

# અમિતાભ બચ્ચને 'શોલે' ફિલ્મમાં ધર્મેન્દ્ર સાથેના પોતાના સંસ્મરણો વાગોળ્યા



આજે ૫૦થી વધુ વર્ષોના વહાણા વીતી ગયા હોવા છતાં જય અને વીરૂની મિત્રતા આજે પણ અકબંધ રહી છે. 'કૌન બનેગા કરોડપતિ' શોમાં અમિતાભે પોતાના દીર્ઘકાલિન મિત્ર ધર્મેન્દ્ર સાથે વિતાવેલાં સમયને અને તેમની સાથે કામ કર્યાના અનુભવોના મીઠા સંસ્મરણોને વાગોળ્યા હતા. ધર્મેન્દ્રની છેલ્લી ફિલ્મ 'ઈક્કિસ'ના પ્રમોશન માટે આવેલી ટીમનું શાનદાર સ્વાગત કરવા 'કૌન બનેગા કરોડપતિ'ના શોના સ્ટેજને પણ વિશેષ રીતે શણગારવામાં આવ્યું હતું. ઈક્કિસના પ્રમોશન માટે આવેલી ફિલ્મની ટીમમાં ડિરેક્ટર શ્રીરામ રાઘવન અને ફિલ્મમાં લીડ રોલ ભજવતા અમિતાભના દોહિત્ર અગત્સ્ય નંદાનો પણ સમાવેશ થતો હતો.અમિતાભ બચ્ચને ૨૪ નવેમ્બર-૨૦૨૫ના રોજ આ ફાની દુનિયાને કાયમ માટે અલવિદા કહી જનારા આઈકોનિક એક્ટર ધર્મેન્દ્રની સાથે કામ કરવાના અનુભવને અને તેમની સાથે વિતાવેલાં સમયના અનુભવોને યાદ કર્યા ત્યારે, આખા સ્ટેજનું વાતાવરણ એકદમ ભાવુક બની ગયું હતું. સમગ્ર ફિલ્મ ઉદ્યોગમાં ધરમજીના નામથી લોકપ્રિય બનેલાં આ અભિનેતાને યાદ કરતા અમિતાભે તેમના અભિનયના અને એક્ટિંગ કરવાના તેમના જુસ્સાને યાદ કર્યો હતો. "'ઈક્કિસ' એ ધરમજીના કરોડો ચાહકો અને પ્રસંશકો માટે છેલ્લી સ્મૃતિ બની રહેશે. એક કલાકાર જીવનના છેલ્લાં શ્વાસ સુધ પોતાની કલાની પ્રેક્ટિસ કરતો હોય છે અને મારા મિત્ર, મારા પરિવાર, મારા આદર્શ એવા ધર્મેન્દ્ર દેઓલજીએ પણ એમ જ કર્યું હતું. ધરમજી, એ કોઈ વ્યક્તિ કે માણસ નહોતા, તે એક લાગણી હતા અને લાગણીઓ ક્યારેય કોઈને અલગ પાડી શકે નહીં, તે હંમેશા આપણી સ્મૃતિમાં રહેલાં છે અને તેમના આશીર્વાદ કાયમ આપણા ઉપર વરસતા રહેશે." એમ અમિતાભે ધર્મેન્દ્રને શ્રદ્ધાંજલિ પાઠવતા ભાવુક સ્વરોમાં કહ્યુ હતું.જો કે તેમની વતોથી ભાવુક બની ગયેલા વાતાવરણને હળવું કરવા મહાનાયકે 'શોલે' ફિલ્મના સેટ ઉપર ધરમજી સાથે કરેલા કામના અનુભવોની વાત શરૂ કરી દીધી હતી. સૌ પ્રથમ તો અમિતાભે ધર્મેન્દ્રના પહેલવાન જેવા શરીર સૌષ્ઠવની વાત કરીને વાતાવરણ હળવું કર્યું હતું. આ પ્રસંગે તેમનાં પોતાનું પાત્ર જય કેવી રીતે પોતાનાં મિત્ર વીરુના ખોળામાં છેલ્લા શ્વાસ છોડી દે છે તેના ક્લાઈમેક્સની વાત કરી હતી. 'તે એક પહેલવાન હતા અને તે વાત બાદમાં મને જાણવા મળી હતી'. પોતાના પાત્રના મૃત્યુની વાત કરતા અમિતાભે કહ્યુ હતુ કે 'તે સમયે મને ખુબ પીડા થઈ રહી હતી, કેમ કે તેમણે મને ખુબ તાકાતથી જકડી રાખ્યો હતો અને એ તેમની કુદરતી કલા હતી.' એમ અમિતાભે હસતા હસતા કહ્યું હતુ જેને સાંભળીને શોમાં ઉપસ્થિત પ્રેક્ષકોના ચહેરા ઉપર પણ હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. આ પ્રસંગે ઈક્કિસ ફિલ્મના ડિરેક્ટર શ્રીરામ રાઘવને પણ જીવનની સંધ્યાએ ધર્મેન્દ્ર જેવા મહાન અભિનેતાનું નિર્દેશન કરવાની પોતાને તક મળી તે બદલ પોતાની જાતને ગૌરવશાળી ગણાવી હતી.

# સુપરસ્ટાર રાજેશ ખન્નાનું ગુજરાતી કનેક્શન



અભિનેતા સુપર સ્ટાર રાજેશ ખન્ના કરતાં મને માણસ રાજેશ ખન્ના ઉર્ફ કાકાજી બહુ ગમે છે એનાં અનેક કારણોમાંનું એક કારણ છે કે એ કવિતાનો અને નાટકોનો માણસ અને કાવ્યોમાં નાટકને શ્રેષ્ઠ ગણવામાં આવે છે. ગુજરાતી રંગભૂમિ રાજેશ ખન્ના સાથે છેલ્લે સુધી જોડાયેલી રહી. ના, એણે એકપણ ગુજરાતી નાટકમાં કામ નહોતું કર્યું, છતાંયે રાજેશ ખન્નાના સ્ટારડમમાં ગુજરાતી રંગમંચની છાપ અદ્રશ્ય ફિંગરપ્રિન્ટની જેમ છેપ

મુંબઈની કે. સી. કોલેજમાં રાજેશ ખન્ના નાટકો કરતા. ગુજરાતીના જાણીતા નાટયકાર પ્રબોધ જોશીનાં એકાંકીઓનું હિન્દી કરીને એના સંવાદો, એકોક્તિઓ બોલીને સૌને ઈમ્પ્રેસ કરતા. માધુરી-ફિલ્મ ફેર સ્પર્ધામાં જે ડાયલોગ્ઝ બોલીને રાજેશ ખન્ના સ્પર્ધા જીતેલા એ નાટકનો અંશ હતો, જે આપણા નાટયકાર પ્રબોધ જોશીએ લખેલા. રાજેશ ખન્નાની આખી કરિયર ગુજ્જુ લેખકને આભારી છે. એ કાંતિ મડિયા, પ્રવીણ જોષી, અરવિંદ ઠક્કર વગેરેના સતત સંપર્કમાં હતા. ખન્નાની શરૂઆતની કારકિર્દીમાં 'ઈત્તેફાક' ફિલ્મ યશ ચોપડાએ બનાવેલી. માત્ર એક મહિનામાં બનાવેલી, કારણ કે ત્યારે પ્રવીણ જોષી દિગ્દર્શિત 'ધુમ્મસ' નામનું થ્રિલર નાટક સુપરહિટ હતું. એ નાટકમાં શર્મન જોષીના પિતા અને ગુજરાતીના શ્રેષ્ઠ અભિનેતા અરવિંદ જોષીએ મેઈન રોલ કરેલો. એ જ રોલ રાજેશ ખન્નાએ ફિલ્મમાં કર્યો અને ફિલ્મ હિટ થઈ. નાટકની સ્ક્રિપ્ટ પર ફિલ્મ બનેલી અને ત્યાં સુધી કે રાજેશ ખન્નાએ નાટક વારંવાર જોવા જતા અને ફિલ્મના સેટ પર પણ અરવિંદ જોષી જઈને રાજેશ ખન્નાને ટ્રેન કરતા!

અમિતાભ અને રાજેશ ખન્નાની યાદગાર ફિલ્મ 'નમકહરામ' અને કાંતિ મડિયાના નાટક 'આતમ ઓઢે અગન પછેડી'નો વિષય એક જ હતો! હ્રષીદા, રાજેશ ખન્ના અને અમિતાભને નાટકના શોમાં સાથે જોયાનું મને ધૂંધળું ધૂંધળું યાદ છે. રાજેશ ખન્ના અને ગુજરાતને ઊંડો સંબંધ છે. એમની પત્ની અને બે મુખ્ય ગર્લફ્રેન્ડ ગુજરાતી. રાજેશ ખન્નાના ડિઝાઈનર, દીના પાઠકના પતિ પણ ગુજરાતી.

રાજેશ ખન્નાને સ્ટારડમ અપાવવા માટે જે જે ફિલ્મી તિકડમ કરવા પડતા એ પાછળ એક ખુરાફાતી દિમાગ હતું જેનું નામ તારકનાથ ગાંધી. એ જમાનામાં 'ફિલ્મફેર'ના એવોર્ડને જીતવા કલાકારો તલપાપડ રહેતા. તારકનાથ ગાંધી નામના સ્માટર પબ્લિસિટી મેનેજરે આઈડિયા કરીને એક વર્ષે 'ફિલ્મફેર'ના અનેક અંક ખરીદી લીધા. સ્કૂલ-કોલેજના છોકરાઓને દસ દસ રૂપિયા આપીને ફોર્મ ભરાવ્યાં જેમાં બધી કેટેગરીમાં રાજેશ ખન્ના અને એની ફિલ્મોને જ વોટ અપાવ્યા. અફકોર્સ, રાજેશ ખન્ના જીતી ગયા! આવું લે-વેચનું ભેજું ગુજરાતીનું જ હોઈ શકે! હા, એ ખરું કે એક સ્ટાર તરીકે કાકાજીમાં અમુક ખામીઓ હતી પણ એથી વધુ એમના મૂડી સ્વભાવ ને લીધે ગેરસમજણો હતી.

કાકા મોટાભાગે મનમોહન દેસાઈ, કલ્યાણજી-આનંદજી, જયકિશન જેવા ગુજરાતીઓથી ઘેરાયેલા હતા. અરવિંદ ઠક્કર, છેલ-પરેશ, અમૃત પટેલના એ મિત્ર અને કાકાના સેક્રેટરી એવા ગુરુનામ પેન્ટ પર કુર્તો પહેરતાં અને એ સ્ટાઈલ રાજેશ ખન્નાએ અપનાવી લીધેલી અને પછી નામે જગવિખ્યાત થઈ ગયેલી. કહેવાય છે કે ગુરુનામને એ કુર્તીનો આઈડિયા ગુજરાતી નાટકોના આર્ટડિરેક્ટર છેલ-પરેશ અને એમના મિત્રો પાસેથી મળેલો. ગુરુનામ જગદીશ શાહના ગુજરાતી નાટકમાં કામ કરતા એમણે જાણીતા નિર્દેશક પ્રવીણ જોષીની 'આઈએનટી' સંસ્થા દ્વારા નિર્મિત નાટકમાં પણ રોલ કરેલો.

રાજેશ ખન્ના પ્રવીણ જોષી- કાંતિ મડિયાનાં નાટકો જોવા નિયમિત આવતા. નાટકના વિષય પર એમનું ધ્યાન રહેતું. શૈલેશ દવેનું સુપરહિટ નાટક 'રમતશૂન્ય ચોકડીની' જોવા રાજેશ ખન્ના આવેલા અને ફિલ્મ પણ પ્લાન કરેલી. છેક છેલ્લે આપણી રંગભૂમિ અને ફિલ્મો-સિરિયલના કલાકાર સ્વ. અમૃત પટેલની કવિતાનો સંગ્રહ પણ રાજેશ ખન્નાના હાથે ૨૦૦૪-૦૫માં પ્રગટ થયેલો. કિડનીની બીમારીથી પીડાતા અમૃત પટેલે અનેક સ્ટાર્સને પૂછેલું, પણ માત્ર રાજેશ ખન્ના જ દિલ્હીથી મુંબઈ આવેલા અને એ બુકની અનેક કોપીઓ પણ એમણે ખરીદેલી. રાજેશ ખન્નાની શોકસભા કે ચૌથામાં જે ટેપ વગાડવામાં આવેલી એ એમનો આખરી સંદેશ નહોતો, પણ ૨૦૦૫માં સ્વ. અમૃત પટેલના પુસ્તક વિમોચન દરમિયાન આપેલી સ્પીચ હતી. મીડિયા કે રાજેશ ખન્નાના આપ્તજનોએ એને ફિલ્મના કલાઈમેકસની જેમ જાહેરમાં વગાડીને ડ્રામા ઊભો કર્યો. એ સ્પીચમાં એમણે પ્રવીણ સોલંકી, પ્રબોધ જોશી, અરવિંદ જોશી, કિશોર ભટ્ટ વગેરેનાં નામ ગદગદ થઈને લીધેલાં!મારી જે એક ફિલ્મમાં એમણે હીરોના બાપનો રોલ કરેલો. એમાં સામે પત્નીના રોલ માટે કોઈ જાણીતી હીરોઈનને લેવામાં આવે એવી રાજેશ ખન્નાની ઈરછા હતી, પણ પછી બજેટ-સમય વગેરે કારણોસર સ્મિતા જયકરને રોલ આપ્યો. કાકાને એ ના ગમ્યું ત્યારે મેં ડરતાં ડરતાં પૂછ્યું કે 'તમે કહો તો સ્મિતાને ના પાડી દઈએ' ત્યારે એમણે કહેલું 'નહીં ઐસા મત કરનાપ હમે કિસી કલાકાર કી હાય નહિ લેની! હૈ'. આવું એ જમાનાનાં રંગભૂમિના સાચાં કલાકારો જ કહી શકે!બહુ ઓછા જાણે છે કે ગુજરાતીના જાણીતા દિગ્દર્શક અરવિંદ ઠક્કરે એક એકાંકીમાં એમનો રોલ કાપી નાખેલો ત્યારે કાકાએ ચેલેન્જ આપેલી કે 'આજે નહીં તો કાલે હું એવો સ્ટાર બનીશ કે તમે બધા યાદ કરશો!' અને પડકાર ઝીલીને આંધીની જેમ છવાઈ ગયા અને રાજેશ ખન્ના સ્ટાર-સુપરસ્ટાર બન્યા!મુંબઈના જૂહુ સ્મશાનગૃહમાં ૨૦૧૨માં આખરી વિદાય લીધી ત્યારે પણ ૧૫ -૨૦ હજારની મેદનીએ રોડ પર ઊભા રહીને એમને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું. બાંદ્રાથી જૂહુ સુધી ટ્રાફિક જામ થઈ ગયો, બંને બાજુ હજારો લોકો એમની એક ઝલક માટે ઊભા હતા. લોકો રાજેશ ખન્ના જેવાં કપડાં પહેરીને સ્મશાન બહાર ઊભા હતાં. એમનાં ગીતો ગાઈ રહ્યાં હતાં! એક થિયેટર એકટરનું આનાથી વધુ બહુમાન શું હોઈ શકે? મેં મારા જીવનમાં હજુ સુધી કોઈ કલાકારની આવી અંતિમ વિદાય નથી જોઈપ લોકો કહે છે આની અગાઉ રાજ કપૂર અને રફી વખતે આવું થયેલું.રાજેશ ખન્નાનો મિજાજ પણ જબરો નવાબી અને વળી હાજર જવાબીપ વચ્ચે અફવા ઉડી હતી કે રાજેશ ખન્ના એમનો આશીર્વાદ બંગલો વેચવા માંગે છે. તો સલમાન ખાનની ફેમીલીને ખબર પડી એમણે કોઈના દ્વારા કાકાજીને મેસેજ પહોંચાડ્યો..અને એક મોડી રાતે સલમાનના ભાઈ સોહેલને કાકાજીનો ફોન આવ્યોપકાકાજીએ સલમાન અને એના લેખક પિતા સલીમ ખાનના ખબર અંતર પૂછ્યા અને પછી સોહેલને પૂછ્યું:સોહેલ, તુમ ને કિસી કો મુઝ સે બાત કરને ભેજા થા?'સોહેલે ડરતા ડરતા કહ્યું, 'હા, કાકાજીપ સુના હૈ કી આપ આશીર્વાદ બંગલા બેચના ચાહતે હો? તો હમને સોચા કીપ'કાકાએ એની વાત વચ્ચેથી જ કાપીને ડાયલોગ સંભળાવ્યો , 'તુમને ઐસા સોચ હી કૈસે લિયા, બેટે? કભી કોયલ અપની કૂક બેચતી હૈ? કભી સમંદર અપની લહેરે બેચતા હૈ? કભી રાજા અપના બંગલા બેચતા હૈ?!'સોહેલે વારંવાર માફી માગીને ફોન મૂકી દીધો, પણ આ કિસ્સો ફિલ્મ-સર્કલમાં મહિનાઓ સુધી ચર્ચાતો રહ્યો અને સૌ રાજેશ ખન્નાની 'ના' પડવાની સ્ટાઈલને બિરદાવતા રહ્યા..તો આવા હતાં જતીન ખન્ના ઉર્ફ રાજેશ ખન્ના ઉર્ફ કાકા ૫ કોઈ દેશવટો પામેલ રાજવી જેવા એકાકી, સૂનમૂન, ઘાયલ પણ તોયે ખુદ્દાર!!

અફસોસ કે આજે એમના ગયા પછી એમના પરિવારજનોએ તરત જ એ આશીર્વાદ બંગલો વેંચી નાખ્યો જે કાકાજીની ઓળખ હતી. જ્યાં વરસો સુધી રોજેરોજ હજારો માણસ આવતાં એ ટૂરિસ્ટ સ્પોટ આજે છીનવાઈ ગયું છે! સ્ટાર લોકો આવશે, જશે પણ રાજેશ ખન્ના જેવો ક્લાસ-જેવી અદાજેવી પર્સનાલિટીવાળું કોઈ નહીં આવે..

મારું સદનસીબ છે કે કે એમની સાથે કામ કરવા મળ્યું. હમણાં ૨૯ ડિસેમ્બરે કાકાનો ૮૩મો જન્મદિવસ ગયો ને એમના અવાજમાં રણકાતા

'કૈસા હૈ, રે સંજુ?' શબ્દો યાદ આવી ગયા.

# મેચો ખસેડવાની માગણી સાથે બાંગ્લાદેશે ટીમ જાહેર કરી

## ટીર૦ વર્લ્ડ કપ માટેની બાંગ્લાદેશી ટીમના સુકાનીપદે લિટ્ટન દાસની વરણી






ભારતમાં પોતાની ટીમ નહીં મોકલવાનો નિર્ણય કરનારા બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે રવિવારે મેચો ખસેડવાની માગણી કરવાની સાથે સાથે આગામી ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં ભાગ લેનારી ૧૫ સદસ્યની ટીમની જાહેરાત કરી દીધી હતી.

બાંગ્લાદેશમાં હાલમાં હિન્દુઓ પર અત્યાચાર થઈ રહ્યા છે ત્યારે તેનો વિરોધ કરીને ભારતીય ક્રિકેટ બોર્ડે આગામી આઈપીએલમાં રમનારા બાંગ્લાદેશી બોલર મુસ્તાફિઝુર રહેમાનને કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમમાંથી બહાર કરી દેવાનો ફેન્ચાઈઝીને આદેશ આપ્યો હતો. આ તરફ બાંગ્લાદેશે ભારતમાં પોતાની ટીમ નહીં મોકલવાની ચીમકી આપી હતી. જોકે તેની ટીમના સુકાની તરીકે લિટ્ટન દાસ જેવા ભારતીય મૂળ ધરાવતા ખેલાડીને સુકાની બનાવી દીધો છે.

બાંગ્લાદેશી પસંદગીકારોએ રવિવારે તેની ૧૫ સદસ્યની ટીમની જાહેરાત કરી હતી. બાંગ્લાદેશની ટીમ તેની માગણી પૂરી કરવામાં આવે તો તમામ મેચ શ્રીલંકામાં રમશે. જોકે હાલના કાર્યક્રમ મુજબ તેને ત્રણ મેચ કોલકાતા તથા એક મેચ મુંબઈમાં રમવાની હતી અને બાકીની મેચ શ્રીલંકામાં રમવાની હતી. બાંગ્લાદેશની ટીમ સાતમી ફેબ્રુઆરીએ વેસ્ટ ઈન્ડિઝ, નવમીએ ઈટાલી, ૧૪મીએ ઈંગ્લેન્ડ સામે કોલકાતામાં તથા ૧૭મીએ નેપાળ સામે મુંબઈમાં રમનારી છે.

ભારત અને શ્રીલંકાની સહ યજમાનીમાં આ વખતે સાતમી ફેબ્રુઆરીથી આઠમી માર્ચ દરમિયાન ટીર૦ વર્લ્ડ કપનું આયોજન થનારું છે જેમાં ભારતીય ટીમ હાલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે રમશે.

લિટ્ટન દાસ સુકાની રહેશે જ્યારે ઝડપી બોલર તાસ્કીન અહેમદને ટીમમાં ફરીથી સામેલ કરાયો છે જે છેલ્લે આયર્લેન્ડ સામેની સિરીઝમાં રમ્યો ન હતો. અહેમદ અને મુસ્તાફિઝુર રહેમાન ટીમનું ઝડપી બોલિંગ આક્રમણ સંભાળશે. ટીમની જાહેરાત થઈ તે અગાઉના ઘટનાક્રમમાં શનિવારે બીસીસીઆઈએ આઈપીએલની ફેન્ચાઈઝી કોલકાતા નાઈટ રાઈડર્સને તેની ટીમમાંથી બાંગ્લાદેશી બોલર મુસ્તાફિઝુર રહેમાનને વિદાય કરી દેવાનો આદેશ આપ્યો હતો.

# એશિઝમાં ઇંગ્લેન્ડે ફોર્મ દાખવ્યું ત્યારે જ વરસાદે બાજી બગાડી

## પાંચમી ટેસ્ટમાં પ્રારંભિક ધબડકા બાદ જો રૂટ અને હેરી બ્રુકની જોરદાર લડત, સિડનીમાં ઇંગ્લેન્ડના ૩/૨૧૧, રૂટ અને બ્રુક અડધી સદી સાથે રમતમાં

જો રૂટ અને હેરી બ્રુકે વિશાળ ભાગીદારી નોંધાવતાં પ્રવાસી ઈંગ્લેન્ડે રવિવારથી શરૂ થયેલી પાંચમી અને અંતિમ એશિઝ ક્રિકેટ ટેસ્ટમાં મક્કમ શરૂઆત કરી હતી. જોકે પ્રવાસી ટીમે ફોર્મ પરત મેળવ્યું અને સાથે સાતે હવામાને પણ તેમને સહકાર આપ્યો ન હતો કેમ કે ઈંગ્લેન્ડની લડત પર પાણી ફેરવતાં વરસાદે દિવસની અડધોઅડધ ઓવર ધોઈ નાખી હતી.

અહીંના સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર શરૂ થયેલી મેચમાં ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. જોકે તેની શરૂઆત સારી રહી ન હતી અને ૫૭ રનના સ્કોર સુધીમાં તેણે ત્રણ મહત્વની વિકેટ ગુમાવી દીધી હતી. અહીંથી જો રૂટ અને હેરી બ્રુકની ભાગીદારીનો પ્રારંભ થયો હતો. બંનેએ ચોથી વિકેટની અતૂટ ભાગીદારીમાં અત્યાર સુધીમાં ૧૫૪ રન ઉમેરી દીધા છે.

પ્રથમ દિવસની રમતના અંત સુધીમાં ઈંગ્લેન્ડે તેના પ્રથમ દાવમાં ત્રણ વિકેટે ૨૧૧ રન કર્યા હતા. દિવસની રમત રદ કરવાની જાહેરાત થઈ ત્યારે જો રૂટ ૭૨ અને બ્રુક ૭૮ રન સાથે રમતમાં હતા. પ્રથમ દિવસે કુલ ૯૦ ઓવર ફેંકાવી જરૂરી હતી જેને બદલે ૪૫ ઓવરની રમત શક્ય બની હતી.

પહેલા તો ભારે ધુમ્મસ અને ઓછા પ્રકાશને કારણે રમત અટકી ગઈ હતી પરંતુ ત્યાર બાદ વિજળી સાથે વરસાદનું આગમન થયું હતું અને રમત શરૂ થવાની થોડી ઘણી આશા ઉપર પણ પાણી ફરી વળ્યું હતું.

વર્તમાન સિરીઝમાં ૩-૧ની અજેય સરસાઈ ધરાવતા ઓસ્ટ્રેલિયાના સૌથી સફળ બોલર મિચેલ સ્ટાર્કે સાતમી ઓવરમાં ટીમને પહેલી સફળતા અપાવતાં બેન ડકેટને આઉટ કર્યો હતો. ત્યાર બાદ ઝેક ક્રોલી ૧૬ અને જેકોબ બેથેલ દસ રનના અંગત સ્કોરે અનુક્રમે માઈકલ નાસેર અને સ્કોટ બોલેન્ડની બોલિંગમાં આઉટ થઈ ગયા હતા. આમ ઈંગ્લેન્ડે ત્રણ વિકેટે ૫૭ રનના સ્કોરે મુશ્કેલીમાં મુકાઈ ગયું હતું.

જોકે રૂટ અને બ્રુકે ટીમનો રકાસ અટકાવ્યો હતો. બંનેએ ૩૨ ઓવર સુધી લ ડત આપી હતી અને ૧૫૪ રન ઉમેર્યા હતા. જો રૂટે ૧૦૩ બોલ રમીને આઠ ચોગ્ગા સાથે ૭૨ રન ફટકાર્યા હતા તો હેરી બ્રુક તેના ૭૮ રન માટે ૯૨ બોલ રમ્યો હતો. તેણે છ ચોગ્ગા અને એક સિક્સર ફટકારી હતી. વર્તમાન સિરીઝમાં ઓસ્ટ્રેલિયાએ પહેલી ત્રણેય ટેસ્ટ જીતીને એશિઝ પર પોતાનું વર્ચસ્વ જમાવી દીધું હતું. જોકે ગયા સપ્તાહે મેલબોર્ન ખાતે રમાયેલી ચોથી અને બોક્સિંગ ડે ટેસ્ટમાં ઈંગ્લેન્ડે વળતો પ્રહાર કરીને માત્ર બે જ દિવસમાં મેચ જીતી લીધી હતી. આ પરિણામથી ઈંગ્લેન્ડ મોડે મોડે પણ સિરીઝમાં પરત ફર્યું હતું અને તેથી જ સિડની ટેસ્ટમાં તેની પાસેથી ઘણી અપેક્ષા રાખવામાં આવી રહી છે. ઓસ્ટ્રેલિયાએ આ ટેસ્ટ માટેની તેની ટીમમાં એકેય સ્પિનરને તક આપી નથી. બિયુ વેબસ્ટરને ઝડપી બોલર ઝાય રિચર્ડસનને સ્થાને આ મેચમાં સામેલ કરવામાં આવ્યો તે ટીમનું એક માત્ર પરિવર્તન હતું. ઓસ્ટ્રેલિયાનો મોખરાના સ્પિનર નાથાન લાયન ઈજાને કારણે અગાઉથી જ સિરીઝની બહાર થઈ ગયો છે.






# શું રવિન્દ્ર જાડેજા રાજસ્થાન રોયલ્સનો નવો કેપ્ટન બનશે? ફ્રેન્ચાઇઝની નવી પોસ્ટથી ખળભળાટ

## રવિન્દ્ર જાડેજા કેપ્ટન તરીકે નિયુક્ત થયા તો રાજસ્થાન રોયલ્સનો આઠમો કેપ્ટન બનશે




IPL ૨૦૨૬ પહેલા, રાજસ્થાન રોયલ્સની કેપ્ટનશીપ અંગે ચર્ચાઓ તેજ થઈ ગઈ છે. ચાહકો અને ક્રિકેટ નિષ્ણાતો સતત ચર્ચા કરી રહ્યા છે કે સંજુ સેમસન પછી ટીમની કમાન કોણ સંભાળશે.

યશસ્વી જયસ્વાલ અને રિયાન પરાગને સંભવિત વિકલ્પો માનવામાં આવી રહ્યા હતા, ત્યારે અનુભવી ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાનું નામ પણ વ્યાપકપણે ચર્ચાઈ રહ્યું છે. દરમિયાન, રાજસ્થાન રોયલ્સ દ્વારા એક સોશિયલ મીડિયા પોસ્ટે અટકળોને વધુ વેગ આપ્યો છે, જેના કારણે ચાહકો ફરી એકવાર જાડેજાને કેપ્ટન બનાવવાની શક્યતા અંગે ચર્ચા કરવા લાગ્યા છે.


રવીન્દ્ર જાડેજા IPL ૨૦૨૬ ની હરાજી પહેલા ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી ટ્રેડ દ્વારા રાજસ્થાન રોયલ્સ સાથે જોડાયો હતો. તે અગાઉ ૨૦૦૮ અને ૨૦૦૯ માં રાજસ્થાન રોયલ્સ માટે રમ્યો હતો. ઉલ્લેખનીય છે કે, જાડેજા ૨૦૦૮ માં ટીમની ઐતિહાસિક ટાઇટલ જીતનો ભાગ હતો.

જો રવિન્દ્ર જાડેજાને કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવે છે, તો તે રાજસ્થાન રોયલ્સનો આઠમો કેપ્ટન બનશે. તેમના પહેલા શેન વોર્ન, શેન વોટસન, રાહુલ દ્રવિડ, સ્ટીવ સ્મિથ, અજિંક્ય રહાણે, સંજુ સેમસન અને રિયાન પરાગ ટીમનું નેતૃત્વ કરી ચૂક્યા છે.

એ જોવું રસપ્રદ રહેશે કે રાજસ્થાન રોયલ્સ અનુભવને પ્રાથમિકતા આપે છે અને IPL ૨૦૨૬ માટે રવિન્દ્ર જાડેજાને કેપ્ટનશીપ સોંપે છે કે પછી ટીમ કોઈ યુવાન ચહેરા પર આધાર રાખે છે.

# બાંગ્લાદેશ ટી-૨૦ વર્લ્ડ કપ રમવા ભારત નહીં આવે

## બોર્ડે ICC પાસે શ્રીલંકામાં રમવાની માગ કરી; મુસ્તફિઝુરને IPLમાંથી હટાવ્યા બાદ લીધો નિર્ણય




બાંગ્લાદેશની ટીમ ટી-૨૦ વર્લ્ડ કપ રમવા ભારત નહીં આવે. આ જાણકારી બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ દ્વારા આપવામાં આવી છે. બોર્ડે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ પાસે પોતાની ટીમના મેચ શ્રીલંકામાં યોજવાની માગ પણ કરી છે.

બાંગ્લાદેશી ક્રિકેટર મુસ્તફિઝુર રહેમાનને BCCIના આદેશ પર IPL માંથી બહાર કર્યા બાદ મ્ઝમ્એ આ નિર્ણય લીધો છે.

હવે ICC નક્કી કરશે કે બાંગ્લાદેશના મેચ શ્રીલંકામાં થશે કે નહીં. યુનુસ સરકારમાં રમતગમત સલાહકાર (રમતગમત મંત્રી) આસિફ નઝરુલે સોશિયલ મીડિયા પર આ અંગેની જાણકારી આપતા BCBના નિર્ણયનું સ્વાગત કર્યું છે.ટી-૨૦ વર્લ્ડ કપ ૭ ફેબ્રુઆરીથી ભારત અને શ્રીલંકામાં રમાવાનો છે. મેચોનું શેડ્યૂલ બદલવું સરળ નથી કારણ કે તમામ ટીમોની ટિકિટો અગાઉથી બુક થઈ ગઈ છે.બાંગ્લાદેશના ગ્રુપ સ્ટેજમાં તમામ ચાર મુકાબલા ભારતમાં જ શેડ્યૂલ છે. જેમાંથી ત્રણ મેચ કોલકાતાના ઈડન ગાર્ડન્સ મેદાન પર અને એક મેચ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં છે.બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડએ જણાવ્યું છે કે, ભારતમાં બાંગ્લાદેશી ખેલાડીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને બોર્ડે સરકાર સાથે પરામર્શ કર્યા બાદ નિર્ણય લીધો છે કે અમારી ટીમ વર્લ્ડ કપ માટે ભારત નહીં જાય. બોર્ડે આ સંદર્ભમાં ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલને પણ સત્તાવાર મેઈલ મોકલી દીધો છે. અમે ટીમના તમામ મેચ શ્રીલંકામાં યોજવા માગીએ છીએ.

આ પહેલાં, ૩ જાન્યુઆરીના રોજ કોલકાતા નાઈટ રાઈડર્સએ મુસ્તફિઝુરને ટીમમાંથી બહાર કરી દીધો હતો. બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુઓ પર થઈ રહેલી હિંસા વચ્ચે તેમને ટીમમાંથી હટાવવાની માગ ઉઠી રહી હતી. ત્યારબાદ BCCIએ શાહરૂખ ખાનની IPL ટીમ KKRને મુસ્તફિઝુર રહેમાનને હટાવવાનો નિર્દેશ આપ્યો હતો, જેના પછી આ નિર્ણય લેવામાં આવ્યો.

BCCI સચિવ દેવજીત સૈકિયાએ શનિવારે કહ્યું હતું કે, તાજેતરના દિવસોમાં જે ઘટનાક્રમ સામે આવ્યા છે, તેને જોતા બોર્ડે KKRને મુસ્તફિઝુરને રિલીઝ કરવાનો નિર્દેશ આપ્યો છે. જો ફ્રેન્ચાઈઝી કોઈ રિપ્લેસમેન્ટ ખેલાડીની માગ કરે છે, તો તેને તેની મંજૂરી આપવામાં આવશે.

બાંગ્લાદેશમાં છેલ્લા ૧૫ દિવસમાં ૪ હિંદુઓની હત્યા કરવામાં આવી છે. IPL ૨૦૨૬ની શરૂઆત ૨૬ માર્ચથી થશે. જ્યારે લીગની ફાઇનલ મેચ ૩૧ મેના રોજ રમાશે.

# રોહિત શર્મા સાથે દુર્વ્યવહાર! ફેન્સની હરકત સામે હિટમેનનું રિએક્શન : વીડિયો વાયરલ



ભારતીય ક્રિકેટ ટીમનો સ્ટાર બેટ્સમેન રોહિત શર્મા ફરી એકવાર ચર્ચામાં છે, પરંતુ આ વખતે તે તેનું પ્રદર્શન નહીં પરંતુ વાયરલ થયેલો વીડિયો છે. સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં, બે યુવાન ફેન્સ રોહિત શર્મા સાથે ગેરવર્તન કરતા જોવા મળે છે. આ ઘટના ત્યારે બની જ્યારે રોહિત તેની કારમાં બેઠો હતો અને રસ્તા પર ઉભેલા ચાહકોને હાથ હલાવી રહ્યો હતો.

વીડિયોમાં, એક ચાહક રોહિતનો હાથ હલાવતો જોઈ શકાય છે, પરંતુ તે પછી તરત જ, બે ચાહકો તેનો હાથ જોરશોરથી ખેંચીને સેલ્ફી લેવાનો પ્રયાસ કરવા લાગે છે. રોહિત શર્મા આ અણધાર્યા વર્તનથી સ્પષ્ટપણે અસ્વસ્થ અને નિરાશ હતો.

તેણે ચાહકોને ચેતવણી આપી અને પછી કારની બારી બંધ કરી દીધી. આ વીડિયો ઝડપથી સોશિયલ મીડિયા પર વાયરલ થયો, જેના કારણે ચાહકોના વર્તન અંગે ચર્ચા શરૂ થઈ ગઈ.




# 'મિસ્ટર ૩૬૦' ડીવિલિયર્સના મતે T20 વર્લ્ડકપમાં ટીમ ઈન્ડિયા માટે ગેમ ચેન્જર સાબિત થશે હાર્દિક પંડ્યા

દક્ષિણ આફ્રિકાના પૂર્વ સુપરસ્ટાર બેટર એબી ડિવિલિયર્સે આગામી T20 વર્લ્ડ કપ ૨૦૨૬ને લઈને ભારતીય ટીમની શક્યતાઓ પર ચર્ચા કરી છે. પોતાની યુટ્યુબ ચેનલ પર ભારતીય ટીમનું વિશ્લેષણ કરતા ડિવિલિયર્સે ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને ભારતનો સૌથી નિર્ણાયક ખેલાડી ગણાવ્યો છે.

ડિવિલિયર્સના મતે, વર્તમાન ભારતીય ટીમમાં એવા અનેક ખેલાડીઓ છે જે બેટિંગ અને બોલિંગ બંનેમાં યોગદાન આપી શકે છે. આ જ કારણ છે કે ટીમ મેનેજમેન્ટ પાસે સંતુલન સાથે પ્રયોગ કરવાના ઘણા વિકલ્પો છે. તેમણે ઉમેર્યું કે ઓલરાઉન્ડરોની હાજરી ટીમને અલગ-અલગ પરિસ્થિતિઓમાં ઢળવાની આઝાદી આપે છે.

ટીમ કોમ્બિનેશન અંગે ચર્ચા કરતા ડિવિલિયર્સે જણાવ્યું હતું કે, 'આગામી વર્લ્ડ કપમાં અભિષેક શર્મા ઓપનિંગમાં અને સંજૂ સેમસન વિકેટકીપરની મહત્ત્વની ભૂમિકામાં જોવા મળી શકે છે. જોકે, તેમણે આશ્ચર્યજનક રીતે કેટલાક દિગ્ગજ નામો ભારતીય ટીમમાંથી બાકાત રહેવાની આશંકા પણ વ્યક્ત કરી છે. ડિવિલિયર્સના મતે, રીષભ પંત, શુભમન ગિલ, યશસ્વી જયસ્વાલ અને જીતેશ શર્મા જેવા પ્રતિભાશાળી ખેલાડીઓ આ વખતે ટીમમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહી શકે છે, અને તેઓ પસંદગીની દ્રષ્ટિએ 'અનલકી' સાબિત થઈ શકે છે.

એબી ડિવિલિયર્સે ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'હાર્દિક પંડ્યા આગામી સમયમાં ટીમ ઈન્ડિયા માટે સાચો ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે. હાર્દિકના વખાણ કરતા તેણે કહ્યું કે, 'હાર્દિક પંડ્યા કોઈપણ ક્રમ પર બેટિંગ કરવાની ક્ષમતા ધરાવે છે અને મેદાન પર ઉતરતાની સાથે જ વિરોધી બોલરો પર દબાણ લાવે છે. માત્ર બેટિંગ જ નહીં, પરંતુ બોલિંગમાં પણ તે મેચના કોઈપણ તબક્કે ઓવર નાખી શકે છે અને મહત્ત્વની ભાગીદારી તોડવામાં માહિર છે. ડિવિલિયર્સના મતે, હાર્દિક એક એવો મેચ-વિનર છે જે એકલે હાથે રમતનું પાસું પલટી શકે છે; જો તે થોડી ઓવર પણ ક્રિઝ પર ટકી જાય, તો મેચ વિરોધી ટીમના હાથમાંથી છીનવી શકે છે.

ડિવિલિયર્સનું માનવું છે કે કેપ્ટન સૂર્યકુમાર યાદવ માટે હાર્દિક પંડ્યા મેદાન પર સૌથી મોટી તાકાત સાબિત થશે. બોલ અને બેટ બંને સાથે હાર્દિકની હાજરી વિરોધી ટીમો માટે ખતરાની ઘંટી સમાન છે.

# ઘરઆંગણે પરિસ્થિતિ કાબુ બહાર, છતાં ભારતમાં સુરક્ષા પર પ્રશ્ન : બીસીબીની ટીર૦ વર્લ્ડ કપ મેચોને અન્યત્ર ખસેડવાના હઠ



બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ દ્વારા ભારતમાં યોજાનારી T20 વર્લ્ડ કપ મેચોને શ્રીલંકામાં ખસેડવાની માંગણીએ એક નવી ચર્ચા જગાવી છે. રસપ્રદ વાત એ છે કે, આ માંગ એવા સમયે કરવામાં આવી છે જ્યારે બાંગ્લાદેશ પોતે ગંભીર રાજકીય અસ્થિરતા, હિંસા અને લઘુમતીઓ પરના હુમલાઓનો સામનો કરી રહ્યું છે, છતાં ભારતમાં તેના ખેલાડીઓની સલામતી અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે હાલના સંજોગોમાં ખેલાડીઓની સલામતી અંગે ચિંતા વ્યક્ત કરીને તેની રાષ્ટ્રીય ટીમને ભારતમાં મોકલવાનો ઈનકાર કર્યો છે. તેના આધારે, BCB એ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) ને બાંગ્લાદેશની બધી T20 વર્લ્ડ કપ મેચોને ભારતને બદલે શ્રીલંકામાં સહ-યજમાનીમાં ખસેડવાની વિનંતી કરી છે.

આ માંગ એવા સમયે આવી છે જ્યારે IPL ફ્રેન્ચાઇઝ કોલકાતા નાઈટ રાઇડર્સે BCCI ના નિર્દેશ પર બાંગ્લાદેશી ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને મુક્ત કર્યો હતો. આ પછી, બાંગ્લાદેશમાં આ મુદ્દાનું રાજકીયકરણ થયું છે અને તેને ભારત-બાંગ્લાદેશ સંબંધો સાથે જોડવામાં આવી રહ્યો છે.

BCB એ કહ્યું, "બોર્ડે છેલ્લા ૨૪ કલાકમાં થયેલા વિકાસને ધ્યાનમાં રાખીને પરિસ્થિતિની વિગતવાર સમીક્ષા કરી છે અને ભારતમાં યોજાનારી મેચોમાં બાંગ્લાદેશ રાષ્ટ્રીય ટીમની ભાગીદારીની આસપાસના એકંદર સંજોગો અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.

વર્તમાન પરિસ્થિતિનું સંપૂર્ણ મૂલ્યાંકન કર્યા પછી અને ભારતમાં બાંગ્લાદેશ ટુકડીની સલામતી અંગે વધતી ચિંતાઓ અને બાંગ્લાદેશ સરકારની સલાહને ધ્યાનમાં લીધા પછી, ડિરેક્ટર બોર્ડે નિર્ણય લીધો છે કે બાંગ્લાદેશ રાષ્ટ્રીય ટીમ વર્તમાન પરિસ્થિતિઓમાં ટુર્નામેન્ટ માટે ભારતનો પ્રવાસ કરશે નહીં."

# વી.ટી. ચોક્સી લો કોલેજ દ્વારા સિનીયર એડવોકેટ શ્રેયસ દેસાઈનું સન્માન કરાયું

સુરત, તા.૫

સુરત સ્થિત વી.ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજ દ્વારા વરિષ્ઠ વકીલ તથા ગ્રાહક સુરક્ષા કાયદાના નિષ્ણાંત શ્રેયસ દેસાઈનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. એડવોકેસી ક્ષેત્રમાં તેમના ૪૪ વર્ષના દીર્ઘ અને ગૌરવસભર કારકિર્દી તેમજ ગ્રાહક સુરક્ષા ક્ષેત્રમાં ૩૫ વર્ષના અવિરત અને યશસ્વી સેવા યોગદાન બદલ સન્માનપાત્ર અર્પણ કરી તેમજ શાલ ઓઢાડીને સન્માન અપાયું હતું.



હાલ વરિષ્ઠ વકીલ શ્રેયસ દેસાઈ વી.ટી. ચોકસી સાર્વજનિક લો કોલેજની વહીવટી સમિતિના લગભગ પાંચ વર્ષથી ચેરમેન છે. અને તેઓ આજ કોલેજના વિધાર્થી પણ રહી ચૂક્યા છે અને આ જ કોલેજમાં તેમણે વીઝીટીંગ લેક્ચરર તરીકે માનદ સેવાઓ પણ આપી છે. શ્રેયસ દેસાઇ વહીવટી સમિતિના ચેરમેન બન્યા ત્યારબાદ કોલેજે ઘણી પ્રગતિ કરી છે. અગાઉ શ્રેયસ દેસાઈ સુરત મહાનગરપાલિકાના કોર્પોરેટર તથા પાલિકાની કાયદાકીય સમિતિના ચેરમેન અને જાહેર બાંધકામ સમિતિના વાઇસ-ચેરમેન રહી ચૂક્યા છે.

લો કોલેજના પ્રિન્સીપાલ ડો. ઈર્મલા દયાલ અને પ્રોફેસર નિકુંજ રાઠોડએ જાણાવ્યું હતું કે એડવોકેટ શ્રેયસ દેસાઈએ કાનૂની ક્ષેત્રમાં પોતાની નિષ્ઠા, નૈતિકતા અને પ્રતિબદ્ધતા દ્વારા નામના ઊભી કરી છે. તથા ગ્રાહકોના હિતોની રક્ષા માટે નોંધપાત્ર કામગીરી કરી રહ્યા છે. તેમના અનુભવ/માર્ગદર્શનથી અને પુરુષાર્થથી અનેક કાયદા વિધાર્થીઓ અને યુવા વકીલોને પ્રેરણા મળી છે. અને સેકડો પક્ષકારોને ન્યાય મળી શક્યો છે.



**નાના વરાછા ખાતે તાપી કિનારે આવેલા રામજી મંદિર આશ્રમ પચાવી પાડવા માટે મોટુ ષડયંત્ર રચાયું હોવાની ફરિયાદ અખીલેશદાસ મહારાજની આગેવાની હેઠળ સંતો-મહંતો દ્વારા આજરોજ સુરત જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી.**

# પતંગ પર્વ સંદર્ભે અંકલેશ્વરમાં વાહનોમાં સેફ્ટી ગાર્ડ લગાવાયા

## પેટ્રોલ પંપ સંચાલકો તેમજ જીઆઈડીસી પોલીસની સરાહનીય કામગીરી

અંકલેશ્વર, તા.૫

અંકલેશ્વર જીઆઈડીસીમાં આગામી દિવસોમાં આવી રહેલા ઉતરાયણના તહેવારને ધ્યાનમાં રાખીને પેટ્રોલ પંપ સંચાલકો તેમજ જીઆઈડીસી પોલીસ દ્વારા ટુ-વ્હીલર વાહનો પર સેફટી ગાર્ડ એટલે કે તાર લગાડી વાહન ચાલકોની સુરક્ષા અને સલામતીની દરકાર લેવાઈ હતી.

ઉત્તરાયણના પર્વ સમયે પતંગના દોરાથી ઘણા લોકોના ગાળા કપાઈ જવાના બનાવો બનતા રહે છે જેના કારણે અનેક લોકોએ પોતાના જીવ પણ ગુમાવ્યા છે.ત્યારે ટુ-વ્હિલર વાહન ચાલકોને પતંગના દોરા સામે રક્ષણ મળી રહે અને તેઓ સુરક્ષિત રહે તે માટે અંકલેશ્વર જીઆઈડીસીના અમિત ઈંડસ્ટ્રીઝ પેટ્રોલ પંપ, અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ દ્વારા વિનામૂલ્યે સેફ્ટી ગાર્ડ એટલે કે,ટુ વ્હીલર પર તાર લગાડી આપવામાં આવ્યા હતા.જેનો મોટી સંખ્યામાં અનેક વાહનચાલકોએ લાભ લીધો હતો.આ સાથે ઉત્તરાયણના દિવસોમાં પતંગની દોરી લાગે નહીં તે માટે સાવચેતી અને સલામતી રાખવા પોલીસ તેમજ સામાજિક કાર્યકરો દ્વારા અપીલ કરવામાં આવી છે. આ પ્રસંગે અંકલેશ્વર જીઆઈડીસી પીઆઇ આર.એચ.વાળા, પેટ્રોલપંપ સંચાલકો અનુરાગ પાંડે, સુમીત પાંડે ઉપસ્થિત રહ્યા હતા.



# ક્રાંતિ જ્યોત સાવિત્રીબાઈ ફુલે જયંતીની દબદબાભેર ઉજવણી

સુરત, તા.૫

સગરવંશીય જીરે માળી સમાજ સુરત પ્રમુખ સંતોષ પાટીલ એક અખબારી યાદીમાં જણાવે છે કે આજ રોજ તારીખ ૦૪/૦૧/૨૦૨૬ ના રવિવારે ક્રાંતિ જ્યોત સાવિત્રીબાઈ ફુલેની જન્મ જયંતી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આઈ સાહેબ સાવિત્રીબાઈ ફુલે એ દેશ હિત કરેલ કાર્ય તેમજ મહિલાઓ સશક્તિકરણ માટે દેશમાં પ્રથમ શાળા શરૂ કરીને ક્રાંતિકારી પગલું ભર્યું હતું. તેમની પહેલથી મહિલાઓ શિક્ષિત અને પગભર બનવા તરફ આગળ વધી હતી. પુણે ખાતે ભીડેવાડામા કન્યા કેળવણી ની પ્રથમ શાળા શરૂ કરેલ સાવિત્રીબાઈ ફુલે દ્વારા દેશહિતમા કરેલ કાર્યો ઉપર સમાજ ની કન્યાઓએ વક્તવ્ય આપી જય જ્યોતિ જય ક્રાંતિ જયઘોષ કરી સમગ્ર વાતાવરણ ક્રાંતિ મય કરેલ હતું.




# માતોશ્રી સાવિત્રીબાઈ ફુલેની જન્મ જયંતિની ઉજવણી કરાઈ

સુરત, તા.૫

ભારત ની પ્રથમ શિક્ષિકા, સ્ત્રીઓ માટે પ્રથમ વિધાલય શરુ કરનાર માતો શ્રી સાવિત્રીબાઈ જયોતીરાવ ફુલે ની જન્મ જયંતી,ઉજવણી નિમીતે રીપ્બલીકન પાટી ઑફ ઈન્ડીયા સુરત શહેર મહીલા ફંટ આયોજીત જાહેર અભિવાદન સભા રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડીયા ભીમરાવ આંબેડકર સુરત શહેર મહીલા અધ્યક્ષ સંધ્યાબેન ભગત ના અધ્યક્ષપદે રિપબ્લિકન પાર્ટી ના રાષ્ટ્રીય મહાસચિવ માનવબંધુ વિજયભાઈ મૈસુરીયા ,ગુજરાત પ્રદેશ અધ્યક્ષ દિલીપ કે સીરસાઠ, દર્દી સેવા સમિતી નવી સીવીલ હોસ્પિટલ અધ્યક્ષ આર,પી,આઇ ના ગુજરાત પ્રદેશ મહાસચિવ સુભાષભાઇ ઝાડે ની ઉપસ્થિત માં સુમન મંદિર, ઉત્રાણ પાવર હાઉસ વી,આઈ, પી સંકૅલ પાસે કાર્યક્રમ યોજાયો આ પ્રસંગે મહીલાઓ ને શિક્ષણ પ્રત્યે જાગૃત કરવા માતો સાવિત્રીબાઈ જયોતીરાવ ફુલે એ જીવન માં ધણો સંધષૅ તેમના ત્યાગ બલિદાન ને યાદ કર્યા હતા

આ પ્રસંગે આર,પી,આઇ અગ્રણીઓ, એડ લક્ષમીબેન વસાવા,અંબાલાલ સોનવણે, સંતોષ ભગત, સંજય પવાર, ધમ્મપાલ આહીરે,પાડુરગ ભગત,ઈશ્રવર ઈસી,યોગેન્દ્રભાઈ ભારતી,મનોહર ઠીવરે શરદ સામુદ્રે,ગોતમ સુરવાડે, તેમજ સમતા મહીલા મંડલ, પંચશીલ મહીલા મંડલ ની બહેનો મોટી સંખ્યા માં ઉપસ્થિત રહયા હતા ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમ નું સંચાલન રીપ્બલીકન પાટી ઑફ ઈન્ડીયા ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ ગોતમભાઇ ઈગળે ક્યુ હતુ.

# સુરતના વેડરોડ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલના વિદ્યાર્થીઓનું માઘસ્નાન

## વહેલી સવારે માટલાના પાણીથી માઘ સ્નાન કરી વિદ્યાર્થીઓએ કરી આકરી તપસ્યા



સુરત, તા.૫

સુરતના વેડરોડ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલના વિદ્યાર્થીઓએ વહેલી સવારે માટલાના પાણીથી માઘ સ્નાન કરી આકરી તપસ્યાનું ઉદાહરણ પૂરૂ પાડ્યું છે. વિદ્યાર્થીઓએ સ્નાન સાથે ભગવાનના મંત્રોનું ઉચ્ચારણ, ભીના વસ્ત્રોથી ભગવાનને દંડવત તથા પ્રદક્ષિણા અને નિત્ય પૂજા કરી હતી.

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ (વેડરોડ)ના શ્રી પ્રભુ સ્વામીએ કહ્યું હતું કે, અમે સંતો છેલ્લા ૫૦ વર્ષથી અને વિદ્યાર્થીઓએ ૩૩ વરસથી માઘસ્નાન કરીએ છીએ. આ સ્નાનથી હજી સુધી ક્યારેય કોઈને શરદી થઇ નથી. અમારા અનુભવ પ્રમાણે શરદી પણ આ સ્નાનથી જતી રહેલી છે. આ સ્નાનથી આધ્યાત્મિક બળ તો મળે જ છે પરંતુ એ સાથે ઠંડીની સામે યુદ્ધ કરવાનો આત્મવિશ્વાસ દઢ બને છે. મન મજબૂત બને છે, લોહીનું પરિભ્રમણ વેગીલું બને છે એટલે શરીરમાં તુરત સ્ફૂર્તિ વધે છે. ૩ જાન્યુઆરી થી શરૂ થયેલ માઘ સ્નાન તા.૧ ફેબ્રુઆરીએ પૂર્ણ થશે.

આ સ્નાન કરતા વિદ્યાર્થીઓના જીવનમાં ઠંડી સામે જીક ઝીલવાની એક અનેરી આંતરિક તાકાત પ્રગટે છે, ઉત્સાહમાં ઉમેરો થાય છે. અભ્યાસ કરવામાં પણ વિશેષ સ્ફૂરતી અનુભવાય છે. આ વર્ષે ગુરૂકુળમાં ધો.૧૦, ૧૧ અને ૧૨ ના ૨૨૫ ઉપરાંત મોટા વિદ્યાર્થીઓને જ સ્નાન કરવાની મંજૂરી મહંત સ્વામી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીએ આપી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે ઈ.સ.૧૮૨૧ ની સાલમાં બોટાદ જિલ્લાના નાનકડા એવા લોયા ગામમાં પ્રથમ વખત સંતો તથા હરિભક્તો સાથે ભદ્રાવતી નદીમાં સ્નાન કરવા સાથે માઘસ્નાનનો પ્રારંભ કરાવેલ. જ્યાં તેમણે કહેલું કે મકર રાશિમાં સૂર્યનું સ્થાન હોય ત્યારે પોષ માસની પૂર્ણિમાથી આરંભી ૩૦ દિવસ પર્યંત સ્નાન કરવું. આ દિવસોમાં લોકો ગંગા નદીમાં સ્નાન કરતા હોય છે જેને માઘી સ્નાન કહે છે. ત્રિવેણી કાંઠે આ દરમ્યાન માઘી કુંભ મેળો યોજાતો હોય છે જેમાં હજારો ભાવિકો સ્નાન કરી ધન્યતા અનુભવે છે.

### રશિયન ક્રૂડ તેલ
### પહેલા પાનાનું ચાલુ

છે કે અમેરિકી રાષ્ટ્રપતિ ખુશ નથી. વ્હાઈટ હાઉસે પ્રમુખ ટ્રમ્પના આ વિધાનોને ઓડિયો પણ રિલીઝ કર્યો છે,

એ પણ ટ્રમ્પ માને છે કે, તેઓને ખુશ કરવા જરૂરી છે. (ટ્રમ્પના શબ્દો) અને અમો બહું જલ્દી ટેરીફ વધારી શકીએ છીએ. ટ્રમ્પ વેનેઝુએલાના એકશન બાદ અમેરિકાના અન્ય પગલા અંગે વાત કરી રહ્યા હતા તે સમયે ભારત અંગે આ કહ્યું હતું. અગાઉ ટ્રમ્પે એક મુલાકાતમાં કહ્યું હતું કે વડાપ્રધાન મોદીને તેમને ખાતરી આપી છે કે તે તબકકાવાર રશિયન ક્રુડતેલ ખરીદવાનું બંધ કરશે.

જો કે ભારતે તેવી કોઈ ખાતરી અપાઈ હોવાનો ઈન્કાર કર્યો હતો અને જાહેર કર્યુ હતું કે ભારતની ઉર્જાનીતિ તેની આવશ્યકતા અને રાષ્ટ્રીય સલામતીના આધારે નિશ્ચિત થાય છે. હવે ટ્રમ્પની આ નવી ચેતવણી ભારત-અમેરિકા વચ્ચે ફરી તનાવ વધારી શકે છે.

### વેનેઝુએલા ઉપરાષ્ટ્રપતિ
### પહેલા પાનાનું ચાલુ

વેનેઝુએલાની સુપ્રીમ કોર્ટે ઉપરાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝને કાર્યકારી રાષ્ટ્રપતિ બનાવવાનો આદેશ આપ્યો છે. બ્લૂમબર્ગ અનુસાર, સુપ્રીમ કોર્ટે ડેલ્સી રોડ્રિગ્ઝને તાત્કાલિક રાષ્ટ્રપતિના તમામ અધિકારો સાથે કાર્યકારી ધોરણે કાર્યભાર સંભાળવા જણાવ્યું છે.

ટ્રમ્પે રવિવારે કહ્યું કે વેનેઝુએલા ચલાવવા માટે એક ખાસ ટીમ બનાવવામાં આવી છે. તેમાં અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો, રક્ષા મંત્રી પીટ હેગસેથ અને અન્ય ટોચના અધિકારીઓ સામેલ હશે.આ ટીમ વેનેઝુએલામાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા, સરકારી સંસ્થાઓને ફરીથી કાર્યરત કરવા, તેલ, ઉર્જા અને સુરક્ષા જેવા મહત્વના ક્ષેત્રોને સ્થિર કરવા અને સંક્રમણકાળને સંભાળવામાં મદદ કરશે.ટ્રમ્પે એમ પણ કહ્યું કે અમેરિકા આ માટે વેનેઝુએલાના ઉપરાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ સાથે મળીને કામ કરી રહ્યું છે.વેનેઝુએલાના ઉપરાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝે અમેરિકાને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમના પત્ની સિલિયા ફ્લોરેસને તાત્કાલિક મુક્ત કરવાની માંગ કરી. તેમણે કહ્યું કે નિકોલસ માદુરો વેનેઝુએલાના કાયદેસર અને એકમાત્ર રાષ્ટ્રપતિ છે અને તેમને બળજબરીથી પકડવા સંપૂર્ણપણે ખોટું છે.

ડેલ્સી રોડ્રિગ્ઝે આ નિવેદન દેશની રાષ્ટ્રીય સંરક્ષણ પરિષદની બેઠક દરમિયાન આપ્યું, જેનું સીધું પ્રસારણ સરકારી ચેનલ ફ્ફ પર કરવામાં આવ્યું. ડેલ્સી અને સરકારના અન્ય વરિષ્ઠ અધિકારીઓએ માદુરો અને તેમના પત્નીની ધરપકડને અપહરણ ગણાવ્યું.

### પર્વતી
### પહેલા પાનાનું ચાલુ

વરસાદ અથવા હિમવર્ષા થવાની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે ૬ જાન્યુઆરીએ ઉત્તરાખંડના કેટલાક વિસ્તારોમાં વરસાદ અથવા હિમવર્ષા થઈ શકે છે.

દરમિયાન, આગામી ત્રણ દિવસમાં મધ્ય અને પૂર્વ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં ધીમે ધીમે બે થી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની ધારણા છે, ત્યારબાદ આગામી ચાર દિવસ સુધી તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર થશે નહીં.

### પાક.માં
### પહેલા પાનાનું ચાલુ

કુલ ૯ શ્રદ્ધાળુઓ પહેલા પાછા ફર્યા હતા.

જોકે, જ્યારે શ્રદ્ધાળુઓનો આખો જથ્થો પાછો ફર્યો ત્યારે ૧૯૨૩ ને બદલે ૧૯૨૨ જ પાછા પહોંચ્યા. જ્યારે તેની તપાસ થઈ ત્યારે જાણવા મળ્યું કે જથ્થા સાથે ગયેલી કપૂરથલાની સરબજીત કૌર પાછી આવી નથી. તેનું નામ ન તો પાકિસ્તાનના એક્ઝિટ રેકોર્ડમાં હતું અને ન તો ભારતના એન્ટ્રી રેકોર્ડમાં મળ્યું. પહેલાં એવું માનવામાં આવ્યું કે તે ગુમ છે. આ પછી તેના વિશે પાકિસ્તાનમાં પણ સ્થાનિક પોલીસે તપાસ શરૂ કરી દીધી. પાકિસ્તાન શીખ ગુરુદ્વારા પ્રબંધક કમિટીએ પણ તેની શોધખોળ શરૂ કરી દીધી.

સરબજીતે પાકિસ્તાનમાં નિકાહ કર્યા પછી તેના વિઝા માટે દસ્તાવેજોની તપાસ કરવામાં આવી. તેમાં જાણવા મળ્યું કે તેણે પાકિસ્તાની ઈમિગ્રેશનમાં ભરેલા ફોર્મમાં તેની રાષ્ટ્રીયતા અને પાસપોર્ટ નંબર જેવી મહત્વપૂર્ણ માહિતી ભરી ન હતી. આનાથી પાકિસ્તાનમાં તેને ટ્રેક કરવું મુશ્કેલ બની ગયું હતું. નિકાહ કર્યા પછી, નૂર હુસૈન બનેલી સરબજીત નાસિર હુસૈન સાથે છુપાઈને રહેતી હતી.

### થાઈલેન્ડ
### પહેલા પાનાનું ચાલુ

પાસેથી સર્વિસ લીધા પછી નક્કી કરેલી રકમ ચૂકવી ન હતી, જેના પછી ત્યાં હાજર ટ્રાન્સવુમનના એક જૂથે તેના પર હુમલો કર્યો. વીડિયોમાં જોઈ શકાય છે કે રસ્તા પર લોકોની હાજરી હોવા છતાં મારપીટ ચાલુ રહી અને આસપાસ ઉભેલા લોકો તમાશો જોતા રહ્યા. વીડિયોમાં ટ્રાન્સવુમનનું જૂથ વ્યક્તિને ખૂબ જ ખરાબ રીતે મારતું દેખાઈ રહ્યું છે. તેઓએ જસૂજાને કારમાંથી બહાર ખેંચીને માર માર્યો. બાદમાં ઈમરજન્સી રેસ્ક્યુ ટીમે તેમને બચાવ્યા. જસૂજાના ચહેરા અને માથામાં ઈજા થઈ હતી.

તેમને સારવાર માટે પટ્ટામાકુન હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. થાઈ પોલીસે જણાવ્યું છે કે જસૂજા સંપૂર્ણ સ્વસ્થ થયા પછી તેમને ઔપચારિક ફરિયાદ નોંધાવવા માટે કહેવામાં આવશે. આ પછી, મામલાની તપાસ થાઈ કાયદા હેઠળ કરવામાં આવશે.

### હવે પછી
### પહેલા પાનાનું ચાલુ

ઓપરેશન સિંદૂર દરમિયાન યોગ્ય સમયે સચોટ માહિતી કેટલી જરૂરી છે.

ઝડપી નિર્ણયો: છેૈં અને ઓટોમેશનથી મળશે માહિતીછેૈં અને ઓટોમેશનનો ભરપૂર ઉપયોગ થશે. તે ત્રણ સ્તંભો ડેટા, નેટવર્ક અને સૈન્ય ડેટા પર આધારિત હશે. સાયબર સિસ્ટમ દ્વારા નક્કી થશે કે કઈ માહિતી ક્યાંથી આવશે અને તેને કેવી રીતે સુરક્ષિત રાખવામાં આવશે.

સામાન્ય પ્લેટફોર્મ: નેટવર્ક, સોફ્ટવેર અને ડેટાનુંસેના દેશભરમાં ફેલાયેલા તેના ડિજિટલ નેટવર્ક, ડેટા સેન્ટર અને સોફ્ટવેર સિસ્ટમ સેન્ટરોનું સામાન્ય પ્લેટફોર્મ તૈયાર કરશે. આનાથી યુદ્ધના મેદાનમાં તૈનાત સૈનિકથી લઈને કમાન્ડર સુધી બધાને અપડેટ માહિતી મળશે.

### ૨૭મીએ
### પહેલા પાનાનું ચાલુ

બદલામાં સોમ થી શુક્ર કામના કલાકોમાં ૪૦

મીનીટનો વધારો કરવાની સંમતિ થઇ જ છે એટલે તે દ્રષ્ટિએ કોઇ નુકશાન નથી ઉપરાંત સરકારી કચેરીઓ પાંચ દિવસના સપ્તાહની નીતિ લાગૂ જ છે. આઇબીએ દ્વારા પણ સરકારને ભલામણ કરી દેવામાં આવી હોવા છતાં સરકાર ઢીલ કરી રહી હોવાથી આગામી ૨૭મીએ હડતાળનું એલાન જારી કરવામાં આવ્યું છે.

### વાહન અકસ્માત
### પેજ-૨ પાનાનું ચાલુ

સાહેબ તથા ડી. એલ.એસ. એ. ના સેક્રેટરી જજ શ્રી વાય. બી. ગામિત સાહેબની હાજરીમાં ગુજરનારના વારસદારને અર્પણ કરી એક ઉમદા કાર્ય કરવામાં આવેલ.

### એક દુકાનના કબ્જા
### પેજ-૨ પાનાનું ચાલુ

સમયે સમીર અબ્દુલ શેખ ત્યાંથી જતો રહ્યો હતો,પરંતુ તે રાત્રે-૧૦:૧૫ કલાક ના સુમારે તે ફરી નાગોરી વાડમાં મોહંમદ સલામુદ્દીન શેખના ઘરે આવ્યો હતો અને તેઓને ગંદી નાલાયક ગાળો બોલી મોહંમદ શેખને ઢીક્કા- મુક્કીનો માર મારી ઝઘડો કરી જતો રહ્યો હતો.ત્યારબાદ સમીર ફરી રાત્રે-૧૧:૪૫ કલાકના સુમારે ફરી તેની પત્ની આતેકાબાનુ અને તેના ભાઈ ઈમરાન શેખ સાથે ત્યાં આવ્યો હતો અને ત્રણેએ ભેગા મળી બંન્ને ભાઈઓ સાથે મારામારી અને ઝપાઝપીથી બબાલ મચાવતાં તેઓને ગળા,મોઢા અને પેટના ભાગે મૂઢ માર માર્યો હતો.જયારે સમીરે ધારીયાથી અને પથ્થરથી સિદ્દીક શેખ ઉપર હુમલો કરતાં તેને પગના નળાના ભાગે ઇજા થઈ હતી.ત્યાર બાદ આ ત્રણે ઈસમોએ તેઓને જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યાંથી જતાં રહ્યા હતાં.જેથી મૂઢમારથી ત્રણે ઈજાગસ્તોએ સુરત ખાતેની નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધા બાદ ઓલપાડ પોલીસ મથકમાં ત્રણે આરોપીઓ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી હતી.જો કે મારામારી બબાલની ઘટનાનો વિડિયો રહેઠાણ સ્થળે લગાવેલ સીસીટીવી કેમેરાની ફૂટેજમાં કેદ થઈ જતાં તેનો આધાર લઈ પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો. શક્તિસિંહ નારૂ કરી રહ્યા છે.

### સ્કેપ એક
### પેજ-૨ પાનાનું ચાલુ

કરતા જણાવ્યું હતું કે, ડિજિટલાઇઝેશન દ્વારા કાર્યક્ષમતા, પારદર્શકતા તથા વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મકતા વધારી શકાય છે. તેમણે કહ્યું કે, વેપાર – ઉદ્યોગમાં ડિજિટલાઇઝેશન ખૂબ જ જરૂરી છે.

શ્રી અમિત સલુજાએ જણાવ્યું હતું કે, ઉદ્યોગ – વ્યવસાયમાં મશીનનો આઉટ પુટ કેટલો નીકળે છે તેવા રિયલ ડેટાને આધારે કેપેસિટી યુટીલાઇઝેશન જાણી શકાય છે. સામાન્યપણે એમએસએમઇ પ્લાન્ટમાં રાઇટ લેવલ ઓફ ડેટા નથી હોતો, જેથી ઓપરેશન વિઝીબિલિટી, મશીન એફિશિયન્સી, મશીન પર કેટલું નુકસાન થાય છે?, ડાઉન ટાઇમ કેટલો છે? અને તે કયા કારણસર થાય છે તે યોગ્ય રીતે જાણી શકાતું નથી. એમએસએમઇ ઉદ્યોગકારો જો સિસ્ટમમાં એડીશન લાવી શકે છે અને પ્રોસેસિંગ લેવલ બદલી શકે છે તો ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગથી કેપેસિટી પણ વધારી શકે છે. ડિજિટલ ટેકનોલોજીને આધારે દરેક મશીનનો શીફટ પ્રમાણે ડાઉન ટાઇમ ૧૫ મિનિટ ઇમ્પ્રુવ કરી શકીએ તો કેપેસિટીને ૩ ટકા વધારી શકીએ છે. પ્લાન્ટમાં સ્કેપને ૧ ટકા ઘટાડી શકીશું તો પ્રોફિટ માર્જિનને ૩ ટકા સુધી વધારી શકીશું.

તેમણે જણાવ્યું હતું કે, હજી પણ ઘણી ફેકટરીઓમાં ડિસિજન મેકીંગ મેન્યુઅલી થાય છે, પરંતુ વ્યવસાયના કદ અનુસાર યોગ્ય ડિજિટલ ટૂલ્સ અપનાવી ખર્ચ ઘટાડીને ઉત્પાદનની ક્ષમતા અને નફાકારકતા વધારી શકાય છે. તેમણે ઉદ્યોગ સાહસિકોને સલાહ આપી હતી કે, વેપાર–ઉદ્યોગમાં સસ્ટેનેબિલિટી અગત્યની છે. ઉદ્યોગમાં સાતત્યતા જાળવવાની સાથે બેથી સાત ટકા સુધી બિઝનેસને ગ્રો કરવાની દિશામાં વિચારવું જોઇએ. તેમણે વિવિધ ઉદાહરણો અને કેસ સ્ટડીઝ દ્વારા ડિજિટલ ટેકનોલોજીથી થયેલા વ્યવસાયિક લાભો પણ સમજાવ્યા હતા.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બર અને સાઉથ ગુજરાત પ્રોડકટીવિટી કાઉન્સિલના પૂર્વ પ્રમુખ શ્રી અરવિંદ કાપડીયાએ વકતાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતીએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જ્યારે ગૃપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત સભ્યો માટે પ્રશ્નોત્તરી સત્ર પણ યોજાયું હતું, જેમાં વેપાર–ઉદ્યોગ સંબંધિત વિવિધ પ્રશ્નોના શ્રી અમિત સલુજાએ સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.

### શ્રી સ્વામીનારાયણ
### પેજ-૨ પાનાનું ચાલુ

હતા. નાનાં નાનાં બાળકો વિવિધ પરિધાનમાં સજ્જ થઈને અને મહિલાઓ શિક્ષાપત્રીને મસ્તક પર ધારણ કરીને શિક્ષાપત્રી પોથીયાત્રામાં જોડાયાં હતાં. ભાઈઓએ કીર્તનભક્તિ - ઉત્સવનો આનંદ માણ્યો હતો. પોથીયાત્રા મંદિરે પહોંચ્યા પછી ગ્રંથરત્ન શિક્ષાપત્રીનું પૂજન અને મહિમાગાન કરવામાં આવ્યું. મંત્રોચ્ચાર સાથે વિશ્વશાંતિ માટે યજ્ઞ કરવામાં આવ્યો; તેમાં આહૂતિ આપવાનો સૌને લહાવો મળ્યો હતો. આ પ્રસંગે સુરતના મંદિરના મહંત શ્રી સંત શિરોમણિ શ્રી નિત્યપ્રકાશદાસજી સ્વામી, વડોદરા અને સુરતના પૂર્વ મહંત શ્રી હરિકેશવદાસજી સ્વામી, શ્રી સંત શિરોમણિ શ્રી મુનીશ્વરદાસજી સ્વામી, મહંત શ્રી સનાતનદાસજી સ્વામી, શ્રી ગુરુપ્રિયદાસજી સ્વામી વગેરે ઉપસ્થિત રહ્યા હતા તેમજ ખૂબ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા.

શિક્ષાપત્રીના મહાત્મ્ય વિશે શ્રી ગુરુપ્રિયદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, 'શિક્ષાપત્રી' એક અદ્વિતીય ગ્રંથ છે. આ માત્ર ધાર્મિક ગ્રંથ નથી, પરંતુ તે ભક્તો અને સમગ્ર માનવ સમાજ માટે આદર્શ સદાચાર, શિસ્ત અને નૈતિક જીવન જીવવાનો એક મહાકારી માર્ગદર્શક ગ્રંથ છે. સંસ્કૃતમાં રચાયેલા ૨૧૨ શ્લોકોનો આ સંગ્રહ, આજથી બે સદી પૂર્વે સમાજ સુધારણા અને ધાર્મિક ઉત્થાનનું પાયાનું કાર્ય બની રહ્યો છે. સ્વામિનારાયણ ભગવાને સત્સંગીઓ માટે આપેલ આદેશો કહો તો આદેશો કે ઉપદેશનો ગ્રંથ એટલે શિક્ષાપત્રી. માત્ર ૨૧૨ શ્લોકમાં આપેલ ધર્મપાલનનો આદેશ એ શિક્ષાપત્રી માત્ર સત્સંગીઓ માટે જ નહીં સમગ્ર માનવજાતને માટે જીવન જીવવાની કેડી કંડારી આપી. 'મારી ચીંધેલી કેડીએ કેડીએ ચાલશો તો ક્યારેય દુ:ખી નહીં થાઓ.' એ સર્વજનહિતાય રસ્તો કંડારી સહજાનંદ સ્વામીએ અવતાર કાર્ય કર્યું.

શિક્ષાપત્રી Shikshapatri વિષે નોબલ પ્રાઇઝ વિજેતા ડૉ. કોનાર્ક લેરીન્સે એકવાર બહુ માર્મિક વાત કરી હતી: એ માત્ર સ્વામિનારાયણ સંપ્રદાયનો ગ્રંથ નથી, પણ માનવમાત્રના કલ્યાણની સીડી છે. તેનો અમલ કરવાથી જીવનમાં સદૈવ 'વસંત' ખીલેલી રહે છે. શિક્ષાપત્રી મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવા પાછળનો એક જ માત્ર હેતુ છે કે, ભગવાનનો રાજીપો મેળવવો. ભાવનાથી દરેક કાર્ય હંમેશાં સફળ થતું હોય છે.

### છેલ્લા પાનાનું ચાલુ
### લસકાણામાં

આવ્યું છે કે, તે આ નકલી ઘીને 'તબેલાનું શુદ્ધ ઘી' કહીને વેચતો હતો. સામાન્ય રીતે ૧૨૦૦ રૂપિયામાં વેચાતું ઘી તે સ્થાનિક નાની દુકાનોમાં માત્ર રૂ. ૩૦૦ પ્રતિ કિલોના ભાવે સપ્લાય કરતો હતો. એટલું જ નહી, જે ગ્રાહકો તેની પાસે દૂધ લેવા આવતા હતા, તેઓનો વિશ્વાસ જીતીને તેમને રૂ. ૫૦૦ પ્રતિ કિલોના ભાવે શુદ્ધ ઘીના નામે આ ઝેર પધરાવી રહ્યો હતો.

સુરત પોલીસે આરોપી અલ્પેશ સાંથલીયાની અટકાયત કરી તેની સામે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ફૂડ એન્ડ સેફ્ટી વિભાગ દ્વારા જપ્ત કરાયેલા ઘીના નમૂના લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ નકલી ઘી શહેરની અન્ય કઈ કઈ દુકાનો કે હોટેલોમાં સપ્લાય કરવામાં આવ્યું છે. આ કાર્યવાહીથી ભેળસેળ કરતા તત્ત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે ખૂબ જ સસ્તા ભાવે મળતી ખાદ્યસામગ્રીની શુદ્ધતા બાબતે સાવચેત રહેવું.

### મુખ્યમંત્રીને

અને રાજેશભાઈએ દિવાસળી ચાંપી દીધી હતી. દિનેશભાઈએ મને લાત મારીને પાડી દીધો અને પછી મને આગ લગાડીને તેઓ ત્યાંથી ભાગી ગયા હતા.

દાઝેલી હાલતમાં ભરતભાઈને આંકલાવની સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાંથી વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. ભરતભાઈની સ્થિતિ હાલ નાજુક છે. આ મામલે આંકલાવ પોલીસે સરપંચ સહિત કુલ પાંચ વિરૂદ્ધ મારામારી, હત્યાના પ્રયાસની ક્લમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### માર્ચ ૨૦૨૬

વધારવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેના પરિણામે શહેરી વિકાસમાં રાજ્યએ હરણફાળ ભરી છે. નોંધનીય બાબત એ છે કે, ગુજરાત વર્ષોથી ડમ્પસાઇટમાં એકઠા થયેલા કચરાના વૈજ્ઞાનિક ઢબે નિકાલમાં પણ મોટા રાજ્યોમાં અગ્રેસર છે. લેગસી વેસ્ટ મૅનેજમેન્ટ શહેરી વિકાસ માટે અત્યંત જરૂરી માપદંડ છે. વર્ષોથી ડમ્પસાઇટમાં એકઠા થયેલા કચરાના નિકાલથી પ્રદૂષણ અને આરોગ્ય જોખમમાં ઘટાડો થાય છે. સાથે જ, પુન:પ્રાપ્ત થયેલી જમીન વિકાસ કાર્યોને પ્રોત્સાહન આપવામાં અને ગ્રીન સ્પેસ વધારવા માટે ઉપયોગી બને છે.

રાજ્યની મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારોમાં ડમ્પસાઇટ સાફ થતાં મોટી માત્રામાં જમીન ખુલ્લી થઇ છે. રાજ્ય સરકારે લેગસી વેસ્ટના નિકાલ માટે જે પ્રયાસો હાથ ધર્યા છે તેના પરિણામે અંદાજિત કુલ ૯૦૨ એકર જેટલો વિસ્તાર પુન:પ્રાપ્ત થયો છે. આ જમીનનો ઉપયોગ પ્રોસેસિંગ પ્લાન્ટ બનાવવાની કામગીરી માટે કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, અમદાવાદની બોપલ-ઘુમા ડમ્પ સાઇટ તેમજ રાજકોટની નાકરાવાડી ડમ્પ સાઇટનો નિકાલ કરી મિયાવાકી ફોરેસ્ટ બનાવવામાં આવ્યું છે. ડમ્પસાઇટ્સના વૈજ્ઞાનિક નિકાલથી મિથેન ગેસના ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે તેમજ ડમ્પસાઇટ પર કચરો સળગવાની ઘટનાઓ સંબંધિત સમસ્યાઓનું અસરકારક રીતે નિરાકરણ થયું છે.

ગુજરાત સરકાર શહેરોમાં વર્ષોથી પડેલા કચરાના વૈજ્ઞાનિક નિકાલ દ્વારા પર્યાવરણ સુરક્ષા, જાહેર આરોગ્ય અને શહેરી વિકાસને મજબૂત બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે. નિર્મળ ગુજરાત ૨.૦ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા શહેરી સ્થાનિક સંસ્થાઓ (ન્મ્જ) માટે લેગસી વેસ્ટના વૈજ્ઞાનિક નિકાલ માટે ૭૫ કરોડનું ખાસ ફંડ ફાળવવામાં આવ્યું છે. આ યોજના સ્વચ્છ ભારત મિશન (શહેરી) ૨.૦ સાથે સુસંગત છે અને ''કચરા મુક્ત શહેરો''ના લક્ષ્યને સાકાર કરવાની દિશામાં કાર્યરત છે. લેગસી વેસ્ટ મૅનેજમેન્ટ દ્વારા શહેરોને વધુ સ્વચ્છ, સ્વસ્થ અને ટકાઉ બનાવવાની દિશામાં ગુજરાત અન્ય રાજ્યો માટે ઉદાહરણરૂપ બની રહ્યું છે.

### ધોળકાની

ઈન્વેસ્ટરોને તગડા રીટર્નની લાલચ આપવામાં આવી હતી. પ્રથમ તબકકે સારી કમાણી પણ કરાવવામાં આવી હતી. જે પછી ઈન્વેસ્ટરો વધુ મોટી રકમનું રોકાણ કરવા લાગ્યા હતા.

આ સમગ્ર મામલે પોલીસે એફઆઇઆર દાખલ કરી હતી. પ્રથમ તબકકે ૧૬ ઈન્વેસ્ટરોએ સંપર્ક કરીને ૬.૪ કરોડની છેતરપીડીની ફરિયાદ નોંધાવી હતી. આ કેસની તપાસ માટે જુદી-જુદી ટીમો બનાવવામાં આવી હતી. જેમાં કૌભાંડ મોટું અને છેતરપીંડીનો આંકડો ઘણો વધુ હોવાનું માલુમ પડ્યું હતું. વધુ ૪૦ ઈન્વેસ્ટરોની ઓળખ મળી હતી. હાલતૂર્ત ૩૦ કરોડની ઠગાઈ થયાનું માલુમ પડ્યું છે. હજુ ભોગ બનેલા વધુ લોકો આગળ આવે તેવી શક્યતા છે. તપાસનીશ અધિકારીએ કહ્યું કે ઝવેરી પેઢી દ્વારા બે વર્ષથી સ્કીમ ચલાવવામાં આવતી હતી. ચાંદીનો ભાવ ૮૦,૦૦૦ હતો ત્યારે ઈન્વેસ્ટરોને રોકાણ પર ૩ થી ૫ હજારની કમાણીની લાલચ આપવામાં આવી હતી.

### બારડોલીના

અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સફળ કામગીરીમાં અઠવાલાઈન્સ સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ PC સતિષ ગણેશભાઇ તથા Pc પ્રકાશકુમાર જેસંગભાઇ તથા ન્ઈ. વિવેક કુંજબિહારી તથા LR.સુરેન્દ્ર શાલીકરામ તથા L.R. સુરેન્દ્ર શાલીકરામએ ટીમવર્કનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
સોમવાર, તા.૦૫ જાન્યુઆરી ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# દરિયામાં ડીઝલ ચોરી કૌભાંડ : રાજેશ પટેલ, તેજશ પટેલ, જેમિશ ખલાસીની સંડોવણી ઉઘાડી પડી

## એસઓજી પોલીસે ચોરીના ડિઝલનો જથ્થો ઝડપી પાડ્યો : વર્ષોથી ચોરીનું નેટવર્ક ચલાવતા ત્રણ મુખ્ય સુત્રધારો ફરાર



**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫ચ**

ગવિયરગામ તાપી નદીની વચ્ચે કીડિયા બેટ ઉપર મોટા પ્રમાણમાં થતું ડીઝલ ચોરીનું રેકેટ એસઓજીએ પકડી પાડ્યા બાદ આ રેકેટ ચલાવતા માસ્ટર માઈન્ડ એવા ગવિયર ગામના રાજેશ પટેલ, તેજસ પટેલ અને ડુમ્મસના જેમિસ ખલાસીની સંડોવાની બહાર આવતા તેઓની સામે સામે ગુનો નોંધાતા આરોપીઓ ભૂગર્ભમાં જતા રહ્યા હતા. આ આરોપીઓને બચાવવા માટે કેટલાક મોટા માથાઓ મેદાનમાં આવ્યા હતા. પરંતુ તે પણ તેઓને બચાવી શક્યા ન હોવાનું ચર્ચાઈ રહ્યું છે. હાલ સુરત એસ ઓ જી આ આરોપીઓને દબોચવા કામે લાગી છે.

શહેર એસ.ઓ.જી. પોલીસ દ્વારા તાપી નદીના વચ્ચે આવેલા કિડીયા બેટ પર ચાલતા ભેળસેળયુક્ત જ્વલનશીલ પ્રવાહી (શંકાસ્પદ ડિઝલ)ના કાળાબજારનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. પોલીસે અંદાજે ૧૦.૬૭ લાખની કિંમતનું ૧૪,૨૦૦ લિટર શંકાસ્પદ ડિઝલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગત તા. ૦૩/૦૧/૨૦૨૬ના રોજ એસ.ઓ.જી.ના હેડ કોન્સ્ટેબલ જગશીભાઈ અને પોલીસ કોન્સ્ટેબલ દેવેન્દ્રદાન. ગંભીરદાનને બાતમી મળી હતી કે ગવીયર ગામ પાસે તાપી નદીના કિડીયા બેટ પર ગેરકાયદેસર ડિઝલની હેરાફેરી ચાલી રહી છે. આ વિસ્તાર કાદવ-કીચડ અને ઝાડી-ઝાંખરાવાળો હોવાથી એસ ઓ જી પી આઈ અતુલ સોનારાની સૂચનાથી તેમની ટીમે સ્થાનિક માછીમારો અને હોડી ચાલકોની મદદ લઈને કિડીયા બેટ પર દરોડો પાડ્યો હતો.

તપાસ દરમિયાન ઝાડીઓમાં છુપાવીને રાખેલા ૭૧ પ્લાસ્ટિકના બેરલ મળી આવ્યા હતા, જેમાં કુલ ૧૪,૨૦૦ લિટર શંકાસ્પદ પ્રવાહી ભરેલું હતું. પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે રાજેશ મોહન પટેલ (રહે.ગવીયર ગામ), તેજશ લાલજી પટેલ (ગવીયર ગામ),જેમીશ નવનીત ખલાસી (ડુમસ) અન્ય ૧૦-૧૨ માણસો સાથે મળી દરિયામાંથી મોટી નાવડીઓ મારફતે આ ડિઝલ લાવી બેટ પર સંતાડતા હતા અને ત્યારબાદ તેનું છૂટક વેચાણ કરતા હતા. હાલ પોલીસ આ રેકેટના મૂળ સુધી પહોંચવા વધુ તપાસ કરી રહી છે.

# લસકાણામાં તબેલામાં નકલી ઘી ઉત્પાદન કરતું કારખાનું ઝડપાયું

## કેમિકલ્સથી બનાવાયેલા ૩૧૯ કિલો ઘીનો જથ્થો જપ્ત કરતી પોલીસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

સુરતમાંથી ફરી નકલી ઘી ઝડપાયું છે. શહેરના છેવાડે આવેલા લસકાણા વિસ્તારમાં તબેલાની આડમાં ધમધમતા ભેળસેળયુક્ત ઘીના કારખાના પર પોલીસે દરોડો પાડીને મોટા પાયે નકલી ઘીનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કામગીરીમાં પોલીસે અંદાજે ૩૧૯ કિલો નકલી ઘી કબજે કર્યું છે. આ સાથે ૮૫૬ કિલો વેજીટેબલ-સોયાબીન ઓઈલ જપ્ત કરવામાં આવ્યું હતું. મુદ્દામાલ જપ્ત કરી નકલી ઘી બનાવનાર એક શખસની અટકાયત કરી છે.

લસકાણા પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, લસકાણા ગામમાં આહીર સમાજની વાડી પાછળ આવેલી પીઠાભાઈના તબેલાની એક દુકાનમાં શુદ્ધ ઘીના નામે ભેળસેળયુક્ત ઘી બનાવવાનું કૌભાંડ ચાલી રહ્યું છે. આ ગંભીર માહિતીને આધારે આજે (૫ જાન્યુઆરી) પોલીસે તુરંત એક્શન લીધા હતા અને ફૂડ એન્ડ સેફ્ટી વિભાગના અધિકારીઓને સાથે રાખીને સંયુક્ત રીતે આ સ્થળ પર દરોડો પાડ્યો હતો.

પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો અનુસાર, પકડાયેલો આરોપી અલ્પેશ ઈશ્વરભાઈ સાંથલીયા (ઉં.વ.૩૦, રહે. સાંઈનાથ સોસાયટી, કામરેજ ચાર રસ્તા) અત્યંત જોખમી રીતે નકલી ઘી તૈયાર કરતો હતો. તે વધુ નફો કમાવવાની લાલચમાં વેજીટેબલ ઓઈલ અને સોયાબીન ઓઈલને મિશ્રિત કરતો હતો. તેમાં ઘી જેવી સુગંધ આવે તે માટે ખાસ પ્રકારનું એસેન્સ ઉમેરતો હતો. તબેલામાં જે થોડા પ્રમાણમાં ઓરિજિનલ ઘી બનતું, તેને પણ આ મિશ્રણમાં ઉમેરી ગરમ કરીને ગ્રાહકોને છેતરતો હતો.

દરોડા દરમિયાન પોલીસ અને ફૂડ વિભાગે ઘટનાસ્થળેથી સામાન જપ્ત કર્યો છે. જેમાં ભેળસેળયુક્ત ઘી ૩૧૯.૫૪ કિલો (કિંમત રૂ. ૭૯,૮૮૫), વેજીટેબલ/સોયાબીન ઓઈલ ૮૫૬ કિલો (કિં.રૂ. ૧,૨૫,૬૦૦), એસેન્સ તથા અન્ય સાધન સામગ્રી કિં.રૂ. ૬,૩૮૦નો સમાવેશ થાય છે. કુલ મુદ્દામાલ રૂ. ૨,૧૧,૮૬૫નો પોલીસે જપ્ત કર્યો છે.

આરોપીની પૂછપરછમાં સામે

અનુસંધાન પાના ૭ પર

# મુખ્યમંત્રીને ભ્રષ્ટાચાર અંગે ફરિયાદ કરનાર ખેડૂતને જીવતો સળગાવાયો

## આંકલાવના અંબાળ ગામના મહિલા સરપંચ અને તેમના પરિવાર વિરૂદ્ધ ગુનો દાખલ

**આણંદ, તા.૦૫**

આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના અંબાવ ગામના મહિલા સરપંચ અને તેમના પરિવાર વિરુદ્ધ મુખ્યમંત્રી સમક્ષ ફરિયાદ કરનાર ખેડૂતને જીવતો સળગાવી નાખવાનો પ્રયાસ કરાતા ચકચાર મચી છે. ગંભીર રીતે દાઝી ગયેલા આધેડને હાલ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ મામલે પોલીસે આંકલાવના અંબાવ ગામના મહિલા સરપંચ સહિત પાંચ લોકો સામે હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સયાજી હોસ્પિટલના બિછાને જીવન મરણ વચ્ચે ઝોલા ખાતા ભરતભાઈ પઢિયારે જણાવ્યું હતું કે, અમારા ગામમાં પંચાયતમાં ભ્રષ્ટાચાર થયેલો એટલે મેં આઠ-દસ દિવસ પહેલા જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, વિકાસ કમિશનર અને મુખ્યમંત્રીને અરજી કરી હતી. આટલી બધી જગ્યાએ વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ ન્યાય ન મળ્યો, તેથી અમે મીડિયામાં આ અંગેનું નિવેદન આપ્યું હતું.

જે દિવસે નિવેદન આપ્યું, તે જ દિવસે સરપંચના પતિ તરફથી મને ધમકી આપવામાં આવી. બીજા દિવસે પણ અન્ય લોકો દ્વારા ધમકીઓ અને સંદેશા મોકલાવવામાં આવ્યા કે 'તમને જીવતા નહી છોડીએ', તેના પછીના દિવસે મારે ઘરે ભજનનો કાર્યક્રમ હતો, એટલે હું દળણું દળાવવા માટે ગયો હતો. ત્યાં અચાનક સરપંચ કોકિલાબેન, તેમના પતિ દિનેશભાઈ, પુત્ર નિલેશભાઈ, રાજેશભાઈ અને તેમનો એક ભત્રીજો ઈકો ગાડી લઈને આવ્યા હતા. તેમણે મને ગડદાપાટુનો માર માર્યો.

માર મારતા મારતા તેઓ મને ગામની વચ્ચે લઈ ગયા. ત્યાં કોકિલાબેને મને પકડી રાખ્યો, નિલેશભાઈએ મારા પર પેટ્રોલ છાંટ્યું

અનુસંધાન પાના ૭ પર

# માર્ચ ૨૦૨૬ સુધીમાં રાજ્યમાં ૧૦૦% લેગસી વેસ્ટ નિકાલનું લક્ષ્ય

## 'લેગસી વેસ્ટ મુક્ત ગુજરાત'ની દિશામાં આગેકૂચ, અત્યાર સુધીમાં કુલ ૨૭૩.૩૩ લાખ મેટ્રિક ટન લેગસી વેસ્ટનો નિકાલ

**ગાંધીનગર, તા.૦૫**

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે રાજ્યમાં શહેરીકરણને એક નવી દિશા આપી હતી. તેમણે ગુજરાતમાં આયોજનબદ્ધ શહેરી વિકાસ, મજબૂત નગરપાલિકા વ્યવસ્થા અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મજબૂત પાયા નાખ્યા હતા. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર 'શહેરીકરણ સમસ્યા નહી, પરંતુ અવસર'ના મંત્ર સાથે શહેરોને ગ્રીન, ક્લીન અને રહેવા યોગ્ય બનાવવા સતત કાર્ય કરી રહી છે. શહેરીકરણની વાત થાય ત્યારે સ્વચ્છતા, આધુનિક અને ટકાઉ માળખાગત સુવિધા ઉપરાંત લેગસી વેસ્ટ એટલે કે વર્ષો જૂના કચરાનો નિકાલ પણ એટલો જ મહત્વપૂર્ણ છે. લેગસી વેસ્ટ નિકાલની વ્યાપક ઝુંબેશના પરિણામે ગુજરાત વર્ષો જૂના કચરાના નિકાલની કામગીરીમાં મોટા રાજયોમાં અગ્રેસર બન્યું છે.

ગુજરાતના શહેરી વિસ્તારોમાં કુલ ૩૦૪.૦૯ લાખ મેટ્રિક ટન લેગસી વેસ્ટની ઓળખ કરવામાં આવી છે, જેમાંથી અત્યાર સુધીમાં ૨૭૩.૩૩ લાખ મેટ્રિક ટન કચરાનો વૈજ્ઞાનિક રીતે નિકાલ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે માર્ચ ૨૦૨૬ સુધીમાં રાજ્યના શહેરોમાં ૧૦૦% લેગસી વેસ્ટ રિમેડિએશનનું લક્ષ્ય નક્કી કર્યું છે.

ગુજરાત સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા શહેરોમાં સ્વચ્છતા, આધુનિક અને ટકાઉ માળખાગત સુવિધા અને નાગરિકોની ઈઝ ઑફ લિવિંગ

અનુસંધાન પાના ૭ પર

# કઠોર મોમીન સમાજમાં સેવાના વિવાદમાં યુવકને ચપ્પુ મારી દેવાયું

## સામાજિક સેવા કરતા યુવાનના ભાણેજ પર હુમલો કરી તોડફોડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

કઠોરના મોમીન સમાજ માટે સેવાકીય કાર્ય કરી રહેલા યુવકનુ આ કામ ઘર નજીક રહેતા અન્ય યુવકને ગમતું ન હોવાથી આ યુવકે સેવાભાવી યુવકના ભાણેજ ઉપર ચપ્પુથી હુમલો કર્યો હોવાની ઘટના શહેરના ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી

કઠોર ગામના છીપવાડ ફળિયામાં રહેતા અખ્તર હુસેન મોમીન સમાજમાં સેવાકીય કાર્યો કરે છે, જે બાબત તેમના ઘર નજીક રહેતા ઈમદાદ હુસેન પાનવાલાને ગમતી નહોતી.

આ જૂની અદાવત રાખીને ગત તારીખ ૦૩/૦૧/૨૦૨૬ના રોજ સાંજે ઈમદાદ હુસેને અખ્તર હુસેનના ભાણેજ મહેરબાન પર હુમલો કર્યો હતો. આરોપીએ મહેરબાનને ઢીકમુક્કીનો માર મારી માથા અને કપાળના ભાગે ચપ્પુના ઘા ઝીકી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. તદુપરાંત ઈમદાદે ફરિયાદી અખ્તર હુસેનના નિર્માણધીન મકાન પાસે રાખેલા ગ્રેનાઈટ માર્બલના પથ્થરો તોડી નાખી આર્થિક નુકસાન કર્યું હતું.

બાદ આરોપી ઈમદાદ હુસેને ફરિયાદી અખ્તર હુસેન અને તેના ભાણેજને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યો હતો. આ મામલે અખ્તર હુસેને પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પવનની ગતિ મંદ પડી જતા તાપમાનમાં બે ડિગ્રીનો વધારો

## સુરતમાં વહેલી સવારે ૧૭.૪ ડિગ્રી તાપમાન નોંધાયું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

સુરતમાં ઉત્તર દિશા તરફથી ફુંકાતા પવનની ગતિ મંદ પડી જતા આજે સવારે તાપમાનમાં બે ડિગ્રીનો વધારો થતા ઠંડીની અસર ઓછી થઈ છે. ડિસેમ્બર બાદ જાન્યુઆરી મહિનામાં પણ સુરતમાં જોરદાર કહી શકાય તેવી ઠંડી પડી નથી. અડધો શિયાળો પૂરો થવા આવ્યો છે. છતાં પણ લઘુત્તમ તાપમાન ૧૫ થી ૧૭ ડિગ્રીની આસપાસ રહ્યો છે.

હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યા મુજબ આજે સોવારે વહેલી સવારે સુરતનું તાપમાન બે ડિગ્રી વધીને ૧૭.૪ ડિગ્રી નોંધાયું છે જે ગઈ કાલે ૧૫.૬ ડિગ્રી હતું. અને છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાન ૩૦.૪ ડિગ્રી જળવાયેલું રહ્યું છે. તથા વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૦ ટકા જેટલું છે. વહેલી સવારથી પવનની ગતિ મંદ પડી જતા તાપમાનનો પારો બે ડિગ્રી ઉપર ચઢ્યો છે. તેથી મોડી રાત્રે તથા વહેલી સવારે ઠંડીની અસર ઓછી થઈ ગઈ છે.

# ચેક રિટર્ન કેસમાં શૈલેષ નશીતને એક વર્ષની સજા ફટકારતી કોર્ટ

## રૂા.૩.૯૦ લાખના ચેક રિટર્ન થતા કલ્પના પરમારે કોર્ટમાં ફરિયાદ કરી હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

ઉછીના લીધેલા નાણાની ચૂકવણી પેટે આપેલ રૂ.૩.૯૦ લાખના ચેક રિટર્ન કેસમાં અડાજણના શૈલેષ નશીતને પણ કોર્ટે એક વર્ષની સજા કરી હતી.

પાલનપુર કેનાલ રોડ ઓમકાર રેસીડેન્સીમાં રહેતા કલ્પના જીતેન્દ્ર પરમાર પાસેથી ઓળખીતા શૈલેષ જીણા નશીત(રહે.મંગલમ વિહાર સોસા., ડી માર્ટ પાસે, અડાજણ) ઉછીના ૫ લાખ લીધા હતા. ટુકડે-ટુકડે ૧.૧૦ લાખ ચૂકવી આપ્યા હતા. બાકીના રૂ.૩.૯૦ લાખ લેવાના નિકળતા હતા. કલ્પનાબેને બાકીના નાણાની માગણી કરતા શૈલેષે રૂ.૩.૯૦ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતા કલ્પના પરમારે વકીલ રમેશ સાનેપરા અને નયન માવાણી મારફતે સુરત કોર્ટ ચેક રિટર્નનો કેસ કર્યો હતો. કોર્ટે શૈલેષ નશીતને ૧ વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

# ધોળકાની વર્ષો જૂની જ્વેલર્સ પેઢીનું કરોડા રૂપિયામાં ઉઠમણું

## શો રૂમ્સ અને મકાનને તાળા મારી ઘનશ્યામ સોની અને તેના બન્ને દીકરા ફરાર

**અમદાવાદ, તા.૦૫**

સોના-ચાંદીના ભાવોમાં રેકોર્ડબ્રેક તેજી અને તોફાની મુવમેન્ટ વચ્ચે અનેક વેપારીઓ ફસાયાની અને નાદારીના આરે હોવાની અટકળો વચ્ચે અમદાવાદના ધોળકાની વર્ષો જુની ઝવેરી પેઢીના ઉઠમણા થયા છે. આજે ૫૬ ઈન્વેસ્ટરો સાથે ૩૦ કરોડની છેતરપીડી થતાં મામલો પોલીસમાં પહોંચ્યો છે.

ગુજરાતમાં પોન્ઝી સ્કીમનો આ અનોખો કિસ્સો છે જે અંતર્ગત ઈન્વેસ્ટરોને ઉંચા રીટર્નની લાલચ આપીને શીશામાં ઉતારવામાં આવ્યા હતા. ધોળકામાં ૧૨૦ વર્ષ જુની પ્રતિષ્ઠિત ઝવેરી પેઢીના આ કારસ્તાનથી સમગ્ર ઝવેરી બજારમાં ખળભળાટ સર્જાયો છે.

પોલીસ સૂત્રોના કહેવા પ્રમાણે ફીઝીકલ ચાંદીમાં રોકાણનો આ કેસ છે. ઝવેરી પેઢીના ઘનશ્યામ સોની અને તેના બે પુત્રો યશ અને દીપ ફરાર થઈ ગયા છે. મોબાઈલ સ્વીચ ઓફ છે પેઢી તથા માલીકોના મકાનોને પણ તાળા છે.

અમદાવાદના ગ્રામ્ય પોલીસવડા ઓમપ્રકાશ જાટે કહ્યું કે ઝવેરી પેઢી વર્ષો જુની અને પ્રતિષ્ઠિત હતી એટલે ઈન્વેસ્ટરો-ગ્રાહકોમાં વિશ્વાસ ધરાવતી જ હતી તેના આધારે ચાંદીમાં ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ શરુ કરી હતી જેમાં નિયમિત-ઉંચા રિટર્નનું વળતર આપવામાં આવ્યું હતું.

ફીઝીકલ ચાંદીના નામે ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ થયાનો ગુજરાતનો આ પ્રથમ અને અનોખો કેસ છે.


અનુસંધાન પાના ૭ પર

# બારડોલીના બે રીઢા વાહન ચોરને અઠવા પોલીસે પકડ્યા

## પેટ્રોલિંગ દરમિયાન પોલીસે વાહન ચોરોને દબોચી લીધા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

સુરત: શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત અને ઉચ્ચ અધિકારીઓની સૂચના હેઠળ મિલકત સંબંધી ગુનાખોરી નાબૂદ કરવાની ઝુંબેશ અંતર્ગત અઠવાલાઈન્સ પોલીસને મોટી સફળતા મળી છે. બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ વાહન ચોરીના ગુનામાં સંડોવાયેલા બે વોન્ટેડ આરોપીઓને અઠવાલાઈન્સ પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યા છે.




ગત ૧૨ નવેમ્બરના રોજ બારડોલીના રંગ ઉપવન ગેટ પાસેથી ૯૦,૦૦૦ની કિંમતનું કોપર કલરનું ટી.વી.એસ. જ્યુપીટર મોપેડ (GJ-19-BP-1379) ચોરાયું હતું. આ મામલે બારડોલી પોલીસમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૩(૨) અને ૫૪ મુજબ ગુનો નોંધાયો હતો.

અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનના પી.આઈ. આઈ.એમ. હુદડ અને સેકન્ડ પીઆઈ આર.આર. મકવાણાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પીએસઆઈ એ.આર. મહિડા અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન લોકરક્ષક વિવેક કુંજબિહારી અને લોકરક્ષક સુરેન્દ્ર શાલીકરામને મળેલી ચોક્કસ બાતમીના આધારે ગોપીપુરાના સાહિલ ઉર્ફે સામાન (૧૮) અને રૂદરપુરાના મોંહમદ સાબીર ઉર્ફે બટકો (૧૯) ને ઝડપી પાડવામાં આવ્યા હતા.

પોલીસે બંને આરોપીઓની

અનુસંધાન પાના ૭ પર



**સેફ્ટી ફર્સ્ટ :** સુરત શહેર પોલીસ દ્વારા માર્ગ સલામતી મંથનો આરંભ કરવામાં આવ્યો છે. સુરત શહેર ટ્રાફિક પોલીસ તથા સામાજિક સંગઠનના સહયોગથી વાહન અકસ્માત નિવારણ માટે જનજાગૃતિ કેળવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. માર્ગ સલામતી ઝૂંબેશ દરમિયાન ઉત્તરાયણ પર્વમાં પતંગ દોરાથી બચવા ટુ વ્હીલર ચાલકોને પોલીસ દ્વારા સેફ્ટી બેલ્ટ પહેરાવવામાં આવ્યાં હતાં. (તસવીર : હનીફ મલેક)

# રોડ પરથી ખસી જવાનું કહેવાતા બ્રીજ મોહન મહેતાને માર મરાયો

## વડોદમાં સાયકલ સવાર યુવક પર ત્રણે હુમલો કર્યો

સુરત, તા.૫

મૂળ બિહારના ઓરંગાબાદના વતની અને હાલ પાંડેસરા વડોદગામ ખાતે રહેતા બ્રીજમોહન મેહતાએ મોહિત રામજશ પટેલ, વિવેક તિવારી અને પવન નામના ત્રણ શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે, ગઈ કાલે બ્રીજમોહન કામ પરથી સાયકલ પર સવાર થઈ ઘરે આવી રહ્યા હતા. તે દરમ્યાન સાયકલ ચલાવતા ચલાવતા વડોદગામ ખાતે પાણીની ટાંકી નજીક ગોકુલધામ આવાસ પાસે પહોચતા ત્રણેક ઈસમો ત્યા રોડ વચ્ચે ઉભા હતા. જેથી બ્રીજમોહને તેઓને રોડ વચ્ચેથી હટવાનુ કહેતા તેમાંથી મોહિત પટેલે ગાલ પર તમાચો મારી દીધો હતો. તેના મિત્રો વિવેક તથા પવનએ પણ છુટાહાથની ઝપાઝપી કરી હતી. આ અંગે બ્રીજમોહને આ ત્રણેય વિરૂદ્ધ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આભાર - નિહારીકા રવિયા

વધુમાં જાણવા મળ્તી વિગતો મુજબ મોહિત પટેલ અને તેના બંને મિત્રો વિરૂદ્ધ અન્ય એક ફરિયાદ પણ નોંધાઈ હતી. જેમાં મોહિતે તેના મિત્રો સાથે મળીને તેણીની પૂર્વ પ્રેમિકાના ભાઈઓની દુકાને જઈ મારામારી કરી હતી. આ મામલે પણ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.